
અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 25 જુલાઈ 2026 શનિવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, અષાઢ સુદ -11 | અંક : 26 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ઈરાન પર સૌથી મોટા હુમલાની તૈયારીમાં અમેરિકા: ટ્રમ્પે કહ્યું- નિર્ણય લેવાનો બાકી

4  ભારત ભાગ્યના ભરોસે : કટોકટીના અકથ્ય કુંડાળામાં અટવાયેલું ભવિષ્ય

6  'કિંગ'ના સેટ પર શાહરૂખ ખાન સામે ડાયલોગ જ ભુલી ગયો હતો : રાઘવ જુયાલ

7  મિયામી બન્યું અબજોપતિઓનો નવો ગઢ: અમેરિકાનું નવું 'દુબઈ', 870 કરોડના પેન્ટહાઉસ અને 1,000 ફૂટ ઊંચા ટાવર

### સરકારે શનિવાર બપોર સુધીનો સમય માંગ્યો

# CJP શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ પર અડગ

## CJPના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંચાએ જણાવ્યું હતું કે, સરકારે અમારી બે મુખ્ય માંગણીઓ પર સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે

**નવી દિલ્હી, તા.24**

વિદ્યાર્થીઓના આંદોલનને શાંત કરવા અને તેમના અસંતોષને દૂર કરવા માટે કેન્દ્ર સરકારે પોતાના પ્રયાસો ઝડપી બનાવી દીધા છે. આ પૃષ્ઠભૂમિમાં, કેન્દ્રીય મંત્રીમંડળે પરીક્ષાના પેપર લીક કરનારાઓ સામે અત્યંત કડક સજાની જોગવાઈ ધરાવતા બિલને મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય પીએમ મોદી દ્વારા મોડી રાત્રે જાહેર કરાયેલા એક વીડિયો બાદ આવ્યો છે, જેમાં તેમણે પેપર લીક સામે સખત કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું.



આ સિવાય, દિવસ દરમિયાન પીએમએ જાહેરાત કરી હતી કે પેપર લીકના કેસ ચલાવવા માટે વિશેષ ફાસ્ટ-ટ્રેક કોર્ટ બનાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા બિલમાં દોષિતો માટે ૧૦ વર્ષ સુધીની જેલ અને રૂ.૧૦ કરોડ સુધીના દંડની દરખાસ્ત કરવામાં આવી છે, જ્યારે હાલના કાયદામાં ૩થી ૫ વર્ષની જેલ અને રૂ.૧૦ લાખ સુધીના દંડની જ જોગવાઈ છે.

જંતર મંતર પર ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનનું નેતૃત્વ કરી રહેલી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા વચ્ચે બીજા તબક્કાની વાતચીત થઈ હતી. આ બેઠકમાં CJPના નેતાઓએ સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું જ તેમની મુખ્ય માંગ છે અને આ મુદ્દે તેઓ કોઈ જ પ્રકારની સમજૂતી કરવા તૈયાર નથી. નોંધનીય છે કે, છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા આ આંદોલનમાં ૨૦ જુલાઈએ જ્યારે વિદ્યાર્થીઓએ સંસદ તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તે હિંસક બન્યું હતું. હવે CJPએ આકરી ચેતવણી આપી છે કે જો શિક્ષણ મંત્રી રાજીનામું નહીં આપે, તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનશે. CJPના દાવા મુજબ, સરકારે તેમની આ માંગણી પર અંતિમ નિર્ણય જણાવવા માટે શનિવાર બપોર સુધીનો સમય માંગ્યો છે. કોન્સ્ટિટ્યુશન ક્લબમાં યોજાયેલી લગભગ બે કલાક લાંબી બેઠક બાદ CJPના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંચાએ જણાવ્યું હતું કે, 'સરકારે અમારી બે મુખ્ય માંગણીઓ પર સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. આ માંગણીઓમાં આત્મહત્યા કરનારા NEET પરીક્ષાર્થીઓના પરિવારજનોને રૂ.૧ કરોડનું વળતર આપવું અને આંદોલનકારી વિદ્યાર્થીઓ સામે નોંધાયેલા FIR તથા કાનૂની કેસો પાછા ખેંચવાનો સમાવેશ થાય છે.' સરકારે સોમવારે થનારી આગામી બેઠકમાં અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવાનું કહ્યું છે. સરકાર વતી કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા અને જીતેન્દ્ર સિંહે વાટાઘાટો કરી હતી. બેઠક બાદ જે.પી. નડ્ડાએ વાતચીતને 'સૌહાર્દપૂર્ણ' ગણાવી હતી અને કહ્યું હતું કે વિદ્યાર્થીઓએ ત્રણ મુખ્ય માંગણીઓ અને પરીક્ષા સુધારણા માટે પાંચ સૂચનો આપ્યા છે, જેના પર શનિવારે બપોરે ફરી બેઠક યોજાશે. પેપર લીક સાથે જોડાયેલા મામલા અને શિક્ષણમંત્રીના રાજીનામાની માગ વચ્ચે આજે શુક્રવારે દિલ્હીના વિઠ્ઠલ હાઉસમાં કેન્દ્ર સરકાર અને કોકરોચ જનતા પાર્ટીના પ્રતિનિધિઓ વચ્ચે મહત્વની બેઠક યોજાઈ છે. બેઠક આશરે એક કલાક ચાલી છે. આંદોલન શરૂ થયા બાદ બંને પક્ષની આ બીજી મુલાકાત કરી. પરંતુ બેઠક પહેલા CJPના ફાઉન્ડર અભિજીત દીપકેએ સ્પષ્ટ કરી દીધું હતું કે શિક્ષણમંત્રીના રાજીનામા સિવાય કંઈ મંજૂર નથી. અમારૂ પ્રદર્શન ખતમ થશે નહીં. કેન્દ્ર સરકાર સાથે વાતચીત શરૂ થતાં પહેલા અભિજીત દીપકેએ કહ્યું- આ વિરોધ પ્રદર્શન દેશના યુવાઓનું છે અને તે માત્ર સોનમ વાંગચુક કે દીપકે સુધી સીમિત નથી. આ પ્રદર્શન દેશના યુવાઓનું છે, વિપક્ષી પાર્ટીઓનું નહીં. જો સરકાર વિરોધ પ્રદર્શનનો હલ ઈચ્છે છે તો તે માત્ર ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું છે.

### જે.પી નડ્ડા અને જિતેન્દ્રસિંહે હોસ્પિટલ જઈ પારણા કરાવ્યા

## સોનમ વાંગચુકે 27મા દિવસે ભૂખ હડતાળ સમાપ્ત કરી

- **જે.પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહે તેમને જ્યુસ પીવડાવી પારણા કરાવ્યા : મોદીએ સોનમજીના સ્વાસ્થ્ય માટે ચિંતા વ્યક્ત કરી**

**નવી દિલ્હી, તા.24**

નીટ (NEET) પેપર લીક અને વિદ્યાર્થીઓને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને લઈને છેલ્લા ૨૬ દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા જાણીતા પર્યાવરણવિદ્ અને શિક્ષણવિદ્ સોનમ વાંગચુકે અંતે પોતાના અનશનનો અંત આણ્યો છે. શુક્રવારે તેમના આંદોલનનો ૨૭મો દિવસ હતો. સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા અને જિતેન્દ્ર સિંહે ગુરુગ્રામની હોસ્પિટલ પહોંચીને વાંગચુકને જ્યુસ પીવડાવીને પારણા કરાવ્યા હતા.



સોનમ વાંગચુકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના વિદ્યાર્થીઓને ઉદ્દેશીને આપવામાં આવેલા વીડિયો સંદેશ બાદ આ અનશન પૂર્ણ કરવાનો નિર્ણય લીધો હતો. મોડી રાત્રે જાહેર કરેલા વીડિયો સંદેશમાં વડાપ્રધાન મોદીએ વિદ્યાર્થીઓને ખાતરી આપી હતી કે, આગામી કેબિનેટ બેઠકમાં પેપર લીકની ઘટનાઓ રોકવા અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવા અંગે મહત્વપૂર્ણ અને સખત નિર્ણયો લેવામાં આવશે. ભૂખ હડતાળ સમાપ્ત થયા બાદ PM મોદીએ સોનમ વાંગચુકના સ્વાસ્થ્યને લઈને એક્સ પર પોસ્ટ કરી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે, હું સોનમજીને આગ્રહ કરું છે કે તેઓ ડોક્ટરની સલાહ પ્રમાણે પોતાની દિનચર્યા રાખે અને જલ્દીથી પોતાનું યોગ્ય વજન પાછું પ્રાપ્ત કરી લે. હું પ્રભુને પ્રાર્થના કરું છે કે સોનમજી સ્વસ્થ રહે. સોનમ વાંગચુક ગત ૨૮ જૂનથી દિલ્હીના જંતર-મંતર ખાતે અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ પર બેઠા હતા. અનશન દરમિયાન સ્વાસ્થ્ય લથડતાં ૧૮ જુલાઈના રોજ દિલ્હી પોલીસે તેમને જંતર-મંતરથી સફદરજંગ હોસ્પિટલમાં ભરતી કરાવ્યા હતા.

જોકે, વાંગચુકના પત્ની ગીતાંજલિ આંગમોએ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને સરકારી હોસ્પિટલના બદલે તેમને કોઈ શ્રેષ્ઠ ખાનગી હોસ્પિટલમાં ખસેડવાની માંગ કરી હતી. હાઈકોર્ટના આદેશ બાદ તેમને ગુરુગ્રામ સ્થિત મેદાંતા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં કેન્દ્રીય મંત્રીઓની હાજરીમાં તેમણે અનશન સમેટી લીધું છે.

## CJIએ મીડિયા રિપોર્ટિંગ પર નારાજગી વ્યક્ત કરી: કહ્યું- સુનાવણીની ના નથી પાડી, સુપ્રીમ કોર્ટમાં કોઈ અરજી દાખલ જ નહોતી થઈ

**નવી દિલ્હી, તા.24**

ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે શુક્રવારે તે મીડિયા રિપોર્ટ્સને 'બેદરકાર અને બિનજવાબદાર રિપોર્ટિંગ' ગણાવ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમણે CJPના પ્રદર્શન દરમિયાન કથિત પોલીસ અત્યાચાર સંબંધિત કેસની સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. CJIએ સ્પષ્ટ કર્યું કે આ મામલે સુપ્રીમ કોર્ટમાં કોઈ રિટ અરજી દાખલ જ થઈ ન હતી.

CJIએ આ ટિપ્પણી ખુલ્લી અદાલતમાં કરી, જ્યારે સિનિયર એડવોકેટ શોએબ આલમે અન્ય એક કેસની લિસ્ટિંગનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું- મીડિયાએ ખોટી રીતે રિપોર્ટ કર્યો કે મેં કેસને સૂચિબદ્ધ કરવાનો ઈનકાર કર્યો.

તેમણે કહ્યું- છેલ્લા બે દિવસથી સંપૂર્ણપણે ખોટી વાત કહેવામાં આવી રહી છે કે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સવારે 10 વાગ્યા સુધી એક પણ પાનું દાખલ થયું ન હતું. આ માત્ર એક રજૂઆત હતી,



જેને મિશ્રા કે અન્ય કોઈ વ્યક્તિએ મોકલી હતી.

આ પહેલા બુધવારે વકીલ નરેન્દ્ર મિશ્રાએ દિલ્હીમાં CJPના નેતૃત્વ હેઠળના પ્રદર્શન દરમિયાન કથિત પોલીસ અત્યાચારના આરોપો પર તાત્કાલિક સુનાવણીની માગ મૌખિક રીતે કરી હતી. તે સમયે CJI, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચ સમક્ષ આ વિનંતી રજૂ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે કોકરોચ જનતા પાર્ટીના સમર્થકો પર થયેલા લાઠીચાર્જ વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. બુધવારે એક વકીલે CJIની આગેવાની હેઠળની 3 જજોની બેન્ચ સમક્ષ જનહિત અરજી દાખલ કરી હતી.

CJI સૂર્યકાંતે કહ્યું હતું કે- અમને વીડિયો જોવામાં કોઈ રસ નથી. અમારી પાસે તેમને જોવાનો સમય નથી. જ્યારે વકીલે વિદ્યાર્થીઓ સાથે મારપીટના વીડિયો જોવાની બીજી વાર વિનંતી કરી ત્યારે CJIએ કહ્યું- અમારો અને તમારો સમય બગાડો નહીં.

કોકરોચ જનતા પાર્ટીની શરૂઆત મે 2026માં CJI સૂર્યકાંતની એક ટિપ્પણી પછી થઈ હતી. તેને સોશિયલ મીડિયા પર બનાવવામાં આવી. જોતજોતામાં લાખો ફોલોઅર્સ વધી ગયા.

ખરેખરમાં, સુપ્રીમ કોર્ટની એક બેન્ચ 15 જાન્યુઆરીએ વકીલ સંજય દુબેની દિલ્હી હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. અરજદાર સિનિયર વકીલનો દરજ્જો મેળવવા માંગતો હતો.

## ધર્મેન્દ્ર પ્રધાન ક્રિમિનલ શિક્ષા મંત્રી, રાજીનામું આપે : રાહુલ

### તેમના કારણે હજારો લોકો રસ્તા પર, એર ગનથી ઘાયલ વિદ્યાર્થિનું ટી-શર્ટ ઊંચું કરીને ઈજાના નિશાન બતાવ્યા

**નવી દિલ્હી, તા.24**

રાહુલ ગાંધીએ શુક્રવારે એર ગનથી ઘાયલ થયેલા વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી. તેઓ એક ઘાયલ વિદ્યાર્થીને સાથે લઈને મીડિયા સામે આવ્યા. તેમણે વિદ્યાર્થીના હાથમાં થયેલા ઘા બતાવ્યા. રાહુલ ગાંધીએ કહ્યું- એક વિદ્યાર્થીએ આંખ પણ ગુમાવી છે. ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું જોઈએ. રાહુલ ગાંધીએ આગળ કહ્યું- ધર્મેન્દ્ર પ્રધાન એક ગુનેગાર શિક્ષણ મંત્રી છે. તેમને હટાવવા જોઈએ. તેઓ આપણા શિક્ષણ તંત્રના પતનનું પ્રતીક છે. તેમને જવું જ પડશે. તેમના કારણે હજારો લોકો બહાર છે. તેમણે પદ છોડવું જ પડશે. બીજી તરફ લોકસભામાં NEET પેપર લીક મામલે કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું- અમે સદનમાં ચર્ચા કરવા તૈયાર છીએ. વિપક્ષને અપીલ છે કે સદનને ચાલવા દે, રાહુલ ગાંધી પોતાના સાંસદોને સમજાવે.

રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે તેમને સદનમાં બોલવા દેવામાં આવી રહ્યા નથી. માઈક બંધ કરી દેવામાં આવે છે. આ તરફ, ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે રાજ્યસભામાં વંદે માતરમ બિલ રજૂ કર્યું. જોકે, તે હજુ પસાર થયું નથી. હોબાળાને કારણે બંને સદન 27 જુલાઈ સુધી સ્થગિત કરી દેવામાં આવ્યા. સરકાર રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ (સુધારા) વિધેયક, 2026 લાવી. તેનો ઉદ્દેશ્ય 'વંદે માતરમ્' ને કાનૂની સુરક્ષા આપવાનો છે. 'વંદે માતરમ્' ના ગાન દરમિયાન તેમાં જાણી જોઈને અવરોધ ઉભો કરવો અથવા તેનું અપમાન કરવું દંડનીય અપરાધ ગણાશે. દોષિત ઠરવા પર વધુમાં વધુ 3 વર્ષની જેલ, દંડ, અથવા બંને થઈ શકે છે. બિલ પસાર થવા પર 'વંદે માતરમ્' ને કાનૂની સંરક્ષણના મામલે 'જન ગણ મન' (રાષ્ટ્રીય ગીત) ની બરાબર દરજ્જો મળશે. ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે રાજ્યસભામાં 'રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ (સુધારા) વિધેયક, 2026' રજૂ કર્યું. આ વિધેયક રાષ્ટ્રીય સન્માન



અપમાન નિવારણ અધિનિયમ, 1971 માં સુધારા સંબંધિત છે. પ્રસ્તાવિત સુધારા હેઠળ 'વંદે માતરમ્' ના અપમાન અથવા તેના ગાનમાં જાણી જોઈને અવરોધ ઉભો કરવાને દંડનીય અપરાધ બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, જ્યાં સુધી પ્રધાનને હટાવવામાં નહીં આવે ત્યાં સુધી અમે કોઈ વાતચીત કે ચર્ચા નહીં કરીએ. રિજિજુએ નિવેદન આપ્યું કે તેઓ અમારા સાંસદોને કહેવા માંગે છે કે ચર્ચા થવી જોઈએ. સામાન્ય નિયમ એ છે કે જો કોઈ કોઈનું નામ લે છે, તો તેનો જવાબ આપવામાં આવે છે. જ્યારે હું જવાબ આપવા માંગતો હતો, ત્યારે મારું માઈક બંધ કરી દેવામાં આવ્યું. મને તક આપવામાં આવી નહીં. ગૃહમાં હોબાળા વચ્ચે લોકસભા અને રાજ્યસભામાં સતત પાંચમા દિવસે કાર્યવાહી ચાલી શકી નહીં. NEET પેપર લીકના હોબાળા વચ્ચે લોકસભા 27 જુલાઈ સવારે 11 વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી છે. જ્યારે રાજ્યસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યે ફરી શરૂ થશે. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ લોકસભામાં કહ્યું કે, મેં આજે ફરી એકવાર કેસી વેણુગોપાલજીને વિનંતી કરી છે, કારણ કે આપણે બધા સહમત છીએ કે NEET પર ચર્ચા થવી જોઈએ. વડાપ્રધાને દેશને ખાતરી આપી છે. સોનમ વાંગચુકે પોતાના ઉપવાસ સમાપ્ત કર્યા છે અને ચર્ચાની માગ કરી છે. જો આપણે ચર્ચા નહીં કરીએ, તો તેનાથી દેશમાં સાચો સંદેશ નહીં જાય. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું- શું તમને લાગે છે કે કોંગ્રેસ પાર્ટી કે તેની કોઈ વાતને ગંભીરતાથી લેવી જોઈએ? લોકો તેમની સાથે જોડાઈ રહ્યા ન હતા અને તેઓ 100 ચૂંટણી હારી ચૂક્યા છે. સોનમ વાંગચુક ભૂખ હડતાળ પર હતા. તે ભૂખ હડતાળની આસપાસ એકઠા થયેલા લોકો અને દેશભરમાં મળી રહેલા પ્રતિભાવને જોતા, કોંગ્રેસે તેનો રાજકીય ફાયદો ઉઠાવવાનો પ્રયાસ શરૂ કરી દીધો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાજ્યસભામાં આજે બપોરે 2 વાગ્યે વંદે માતરમ બિલ રજૂ કરવામાં આવશે. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાય આ બિલ રજૂ કરશે. સરકાર રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ (સુધારા) વિધેયક, 2026 લાવશે. તેનો ઉદ્દેશ્ય 'વંદે માતરમ્' ને કાનૂની સુરક્ષા આપવાનો છે. લોકસભાની કાર્યવાહી સવારે 11 વાગ્યે શરૂ થઈ. લગભગ ચાર મિનિટ પછી તેને 12 વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી. કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું કે, વડાપ્રધાને ગઈકાલે નિર્ણય લીધો કે પેપર લીક સંબંધિત જે કેસો અદાલતોમાં પેન્ડિંગ છે, તેમની સુનાવણી માટે ખાસ કરીને ફાસ્ટ-ટ્રેક કોર્ટ બનાવવામાં આવશે.



# 3 કલાક 10 જિલ્લામાં રેડ એલર્ટ: સુરત-નવસારીમાં 6ના મોત

## અમરેલીમાંથી બાળકી-યુવકની લાશ મળી, શેત્રુંજી ડેમના 20 દરવાજા એક ફૂટ ખોલાયા, 250 તાલુકામાં વરસાદી આફત





**સુરત, તા.24**

ગુજરાતમાં ચોમાસાની તોફાની પધરામણી વચ્ચે આજે સવારે 6 વાગ્યાથી સાંજના 4 વાગ્યા સુધીમાં 250 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ પાટણના રાધનપુરમાં 10 અને સાંતલપુરમાં 9 ઈંચ ખાબક્યો છે. વાવ-થરાદના ભાભર અને દિયોદર તાલુકામાં 7 ઈંચ વરસ્યો છે. આ ઉપરાંત 16 તાલુકામાં 3થી 6 ઈંચ તો 90 તાલુકામાં 1થી 2 ઈંચ વરસાદ પડ્યો છે, જ્યારે બાકીના તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. મેઘરાજાની સતત બીજા દિવસે ધોધમાર વરસાદે ગુજરાતમાં જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ ભારે વરસાદની અસર જોવા મળી રહી છે. અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં 40,500 લોકોનું સ્થળાંતર અને 6,367 લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે, જ્યારે પૂરના પાણીમાં તાણાઈ જવાથી સુરતમાં બે અને નવસારીમાં 4 લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે અમરેલી જિલ્લામાં અઢી વર્ષની બાળકી અને ખેત મજૂરનું મોત નીપજ્યું છે. બીજી, તરફ રાજકોટના ગોંડલ-જેતપુર નેશનલ હાઈવેથી સ્વામિનારાયણ ગુરુકુલ થઈને વિરપુર જતા રસ્તે સવારે 7 વાગ્યા આસપાસ ઘોડાપૂરમાં કાર તણાઈ હતી. જે કાર 200 મીટર દૂર 11.30 આસપાસ મળી આવી હતી. જોકે, 12 કલાક જેટલો સમય થયો છતાં કારચાલકનો હજુ સુધી પત્તો લાગ્યો નથી. તંત્ર દ્વારા ચાલકની શોધખોળ કરવામાં આવી રહી છે. સુરતમાં ખાડીપૂરની સ્થિતિ વધુ વિકટ બની છે. નવસારીમાં પૂરની કટોકટી સામે પહોંચી વળવા NDRF-SDRF અને મિલિટરી બટાલિયન ઉપરાંત ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર મારફતે ભાટ ગામ નજીક ફસાયેલા 30થી વધુ લોકોને એરલિફ્ટ કરાયા હતા. પૂરના કારણે એક હજારથી વધુ કારોને નુકસાન થયું છે. દક્ષિણ ગુજરાતના બંદરો પર એલસી-3 સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

જામનગરના કાલાવડમાં ઘોડાપૂરમાં ફસાયેલી કારને ગ્રામજનોએ ટ્રેક્ટર અને દોરડા વડે ખેંચીને મોટી દુર્ઘટના ટાળી હતી. અમદાવાદમાં અનરાધાર વરસાદથી દુકાનો-ઘરોમાં હજુ પાણી ભરાયેલા છે. અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર બાવળા પાસે ભારે વરસાદના કારણે ગંભીર સ્થિતિ સર્જાતાં બગોદરાથી સનાથલ સુધીનો માર્ગ સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો છે. બાવળાના ગેલોપ્સ પાર્ક પાસે પૂરના પાણીમાં ફસાયેલા 900 જેટલા લોકોને બચાવવા માટે પોલીસ અને SDRFની ટીમો દ્વારા યુદ્ધધોરણે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. હાઈવે બંધ થતાં વાહન-વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે, જેથી તંત્ર દ્વારા અમદાવાદ-રાજકોટ વચ્ચે મુસાફરી કરતા વાહનો માટે બગોદરાથી વેજળકા થઈને ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર ડાઈવર્ઝન આપવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા આજે 24 જુલાઈના રોજ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, મોરબી, બનાસકાંઠા, મહેસાણા, આણંદ સહિત 10 જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે કચ્છ, રાજકોટ, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા અને સુરત સહિતના 16 જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં યલો એલર્ટ આપ્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્રનો સૌથી મોટો ડેમ સિઝનમાં બીજી વખત થયો ઓવરફ્લો થયો હતો, જેમાં શેત્રુંજી ડેમના તમામ 20 દરવાજાઓ એક ફુટ ખોલવામાં આવ્યા હતા, શેત્રુંજી ડેમમાં હાલ 1800 ક્યુસેક પાણીની આવક શરૂ ડેમના રૂલ્સ લેવલ જાળવવા માટે જે રીતે પાણીની આવક થઈ રહી છે તે જ રીતે નદીના પટમાં શેત્રુંજી ડેમનું પાણી છોડવામાં આવી રહ્યું છે જેના કારણે શેત્રુંજી ડેમની નીચે આવતા તળાજા અને પાલીતાણાના 17 ગામોને એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં ભારે તથા અતિભારે વરસાદની આગાહી કરવામાં આવતાં વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તા. 25 જુલાઈ, 2026 (શનિવાર)ના રોજ અમદાવાદ શહેરની તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ તેમજ ખાનગી શાળા અને કોલેજોમાં શૈક્ષણિક કામગીરી બંધ રાખવામાં આવશે. આ ઉપરાંત AMC સંચાલિત તમામ આંગણવાડીઓને પણ તા. 27 જુલાઈ, 2026 સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યભરમાં સર્જાયેલી ધોધમાર વરસાદી સ્થિતિને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ અમદાવાદ શહેરમાં ભરાયેલા વરસાદી પાણીનો તાત્કાલિક નિકાલ કરવા વહીવટી તંત્રને કડક આદેશ આપ્યા હતા. બીજી તરફ, રાજ્યના DGPએ પણ તમામ SP અને રેન્જ IG સાથે વીડિયો કોન્ફરન્સ યોજી પોલીસ કાફલાને સતત પ્રજાની વચ્ચે રહી ટ્રાફિક અને રેસ્ક્યૂ કામગીરીમાં સક્રિય રહેવા સૂચના આપી હતી. 23 જુલાઈના વરસાદની પળેપળની અપડેટ

નવસારી જિલ્લામાં પૂરની વિકટ પરિસ્થિતિ સામે પહોંચી વળવા NDRF અને SDRFની 4 ટુકડીઓ ઉપરાંત વહીવટી તંત્ર દ્વારા સ્પેશિયલ મિલિટરી બટાલિયનને બોલાવવામાં આવી છે, જે અત્યાધુનિક ઈક્વિપમેન્ટ સાથે ધમડાછા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં રેસ્ક્યૂ કરી રહી છે. બીજી તરફ, ગણદેવી તાલુકાના ભાટ ગામ પાસે ઝીંગા ફાર્મ પર ફસાયેલા 30થી વધુ લોકોએ મદદની ગુહાર લગાવતાં, વાયુસેનાના હેલિકોપ્ટર મારફતે તમામ લોકોને સુરક્ષિત રીતે એરલિફ્ટ કરીને બચાવી લેવાયા છે.

# ઉત્તર અને મધ્ય ગુજરાત માટે 3 દિવસ ભારે, 31 જુલાઈ સુધીમાં એકપણ તાલુકો વરસાદ વિનાનો નહીં રહે.....


**અમદાવાદ, તા.24**

છેલ્લા બે દિવસથી દક્ષિમ ગુજરાત અને અમદાવાદમાં વરસેલા સાંબેલાધાર વરસાદના કારણે જનજીવનને માઠી અસર પહોંચી છે અને લોકો હવે મેઘરાજા ખમૈયા કરે તે માટે પ્રાર્થના કરી રહ્યા છે. તો બીજી તરફ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વાવણીલાયક વરસાદની રાહ જોવી રહી છે. રાજ્ય પર હાલ હવામાનની 5 સિસ્ટમ સક્રિય થઈ હોય આગામી 7 દિવસ કેવો વરસાદ રહેશે તે જાણવા અમે હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામી અને ડો. ચિરાગ શાહ સાથે વાત કરી હતી.

ગુજરાત અને આસપાસ હવામાનની સર્જાયેલી પાંચ સિસ્ટમના કારણે રાજ્યમામં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. લો પ્રેશર સિસ્ટમ, મોન્સૂન ટ્રફ, અન્ય એક ટ્રફલાઈન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને તેના પર બનેલા એક ટ્રફના કારણે રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના મતે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના તમામ જિલ્લાઓ તેમજ અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં આગામી 3 દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની પૂર્ણ શક્યતાઓ સેવાઈ રહી છે. સૌરાષ્ટ્રની વાત કરીએ તો મોરબી અને સુરેન્દ્રનગરમાં ભારે વરસાદનો એકાદ રાઉન્ડ આવી શકે છે, જ્યારે બોટાદ, ભાવનગર, રાજકોટ અને જૂનાગઢમાં મધ્યમથી સારો વરસાદ જોવા મળશે.

જે વિસ્તારોમાં હજુ સુધી ચોમાસાનો પૂરતો લાભ નથી મળ્યો તેવા પશ્ચિમ સૌરાષ્ટ્ર અને કચ્છ માટે પણ રાહતના સમાચાર સામે આવ્યા છે. શિયર ઝોન અને લો-પ્રેશર સિસ્ટમ સક્રિય થવાના કારણે દ્વારકા, જામનગર અને પોરબંદર જેવા પશ્ચિમ સૌરાષ્ટ્રના 90 ટકા વિસ્તારો, જ્યાં હજુ વાવણી બાકી છે, ત્યાં 24-25 જુલાઈથી 31 જુલાઈ દરમિયાન 2.5 થી 4 ઈંચ જેટલો વાવણીલાયક વરસાદ પડવાની શક્યતા છે. આ ઉપરાંત કચ્છના રાપર સહિત તમામ



તાલુકાઓમાં પણ સાર્વત્રિક મધ્યમ વરસાદ નોંધાશે. સમગ્ર રીતે જોઈએ તો આ એક સર્વગ્રાહી રાઉન્ડ છે જેમાં 31 જુલાઈ સુધી રાજ્યનો કોઈ પણ તાલુકો બાકાત રહ્યા વિના તમામ સ્થળે મેઘમહેર જોવા મળશે.

દક્ષિણ ગુજરાતમાં 24 જુલાઈથી વરસાદની તીવ્રતામાં થોડો ઘટાડો જોવા મળશે, છતાં સુરત, વલસાડ, નવસારી અને તાપી જેવા વિસ્તારોમાં આગામી 24 કલાક ભારે વરસાદ પડી શકે છે.

અન્ય વેધર એક્સપર્ટ ડૉ. ચિરાગ શાહ એ જણાવ્યું હતું કે, બંગાળની ખાડીમાં સક્રિય થયેલી સિસ્ટમ અને ટ્રફના કારણે રાજ્યમાં આગામી 48 કલાક દરમિયાન ભારેથી અતિભારે વરસાદની પૂરેપૂરી સંભાવના છે. ખાસ કરીને કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં મેઘ મહેર જોવા મળશે. આગામી 24 થી 48 કલાકમાં કચ્છના રાપર, ભચાઉ, માળિયા અને ગાંધીધામ તેમજ ઉત્તર ગુજરાતના મહેસાણા, ઈડર, પાલનપુર અને પાટણમાં 10 ઈંચથી પણ વધુ એટલે કે ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. આ સિવાય સૌરાષ્ટ્રના ભાવનગર, બોટાદ, ગઢડા, મોરબી અને જામનગર જેવા વિસ્તારોમાં પણ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સિવાયના અન્ય વિસ્તારોમાં 2 થી 3 ઈંચ જેટલો સામાન્યથી મધ્યમ વરસાદ નોંધાઈ શકે છે.

ખેડૂતો માટે મહત્વની સલાહ આપતા તેમણે જણાવ્યું હતું કે, આવનારા ત્રણ દિવસ સમગ્ર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ રહેવાનો હોવાથી જે ખેડૂતોને વાવણી કે લણણીના કામો બાકી હોય, તેઓ શુક્ર, શનિ અને રવિવાર દરમિયાન પૂર્ણ કરી લે, જેથી તેમને પાકનો સારો લાભ મળી શકે. માછીમારો અંગે સ્પષ્ટતા કરતા તેમણે ઉમેર્યું હતું કે, દરિયામાં હાલ કોઈ મોટી સિસ્ટમ સક્રિય ન હોવાથી દરિયાકાંઠે મોટો ખતરો નથી, જેથી માછીમારો માટે કોઈ વિશેષ એલર્ટ જાહેર કરવામાં આવ્યું નથી.

અમદાવાદ શહેરની વાત કરીએ તો, શહેરમાં આગામી શનિવાર સાંજ સુધીમાં પૂર્વ અને પશ્ચિમ બંને વિસ્તારોમાં મળીને કટકે કટકે 5 થી 6 ઈંચ જેટલો વરસાદ પડી શકે છે. જોકે, 27 જુલાઈ સોમવારથી રાજ્યમાં વરસાદનું જોર ક્રમશઃ ઘટશે અને 28 તથા 29 જુલાઈ દરમિયાન માત્ર પંચમહાલ અને દાહોદ પંથકમાં જ થોડા અંશે વરસાદી જોર જોવા મળશે.

અમદાવાદ શહેરમાં 23 જુલાઈએ વરસેલા સાંબેલાધાર વરસાદના કારણે ચારકોર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. હવામાન વિભાગાના મતે જુલાઈ મહિનામાં અમદાવાદ શહેરમાં વરસેલો આ ફોર્થ હાઈએસ્ટ વરસાદ છે. અમદાવાદમાં જુલાઈ મહિનામાં સૌથી વધુ વરસાદનો 27 જુલાઈ 1927નો રેકોર્ડ છે. જેમાં 414.8 મિમી વરસાદ નોંધાયો હતો.

# 'સવારે દુકાન ખોલી તો ફ્રીઝ તરતા હતા': વેપારીએ કહ્યું- આખી રાત દુકાનમાં બેસી રહ્યા

**અમદાવાદ, તા.24**

અમદાવાદ શહેરમાં છેલ્લા બે દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે તમામ વિસ્તારોમાં પાણી ભરાયા છે. પશ્ચિમમાં આવેલા નવરંગપુરા, નારણપુરા, વિજય ચાર રસ્તા, યુનિવર્સિટી, મેમનગર સહિતના વિસ્તારમાં ભારે પાણી ભરાયા હતા. કોમર્સ ચાર રસ્તાથી વિજય ચાર રસ્તા સુધીની બેઝમેન્ટમાં આવેલી તમામ દુકાનોમાં પાણી ભરાયા છે. દુકાનનો માલસામાન વેરવિખેર થઈ જતા ભારે નુકસાન પણ થયું છે. કોમર્સ છ રસ્તા પાસે વિદ્યાર્થીઓની અવરજવરના કારણે ખાણીપીણીની દુકાનો સૌથી વધુ આવેલી છે. મેટ્રો બ્રીજની નીચે એક જ લાઈનમાં અનેક દુકાનો છે. ગઈકાલે બપોરે મૂશળધાર વરસાદના કારણે તમામ દુકાનોમાં કમર સુધીના પાણી ભરાયા હતા. દુકાનદારોએ દુકાન બંધ રાખી પાણી બહાર કાઢી સાંજ સુધી સાફ સફાઈ કરી હતી, જે બાદ રાતે ફરીથી વરસાદના કારણે કમર સુધીના પાણી ભરાયા હતા.કેટલાક દુકાનદારો આખી રાત દુકાનમાં બેસી રહ્યા અને પાણી અંદર ન આવવા દીધું તો કેટલાક દુકાનદારો



સવારે આવ્યા ત્યારે દુકાનની સ્થિતિ જોઈને તેમના હોંશ ઉડી ગયા હતા.

કોમર્સ છ રસ્તા પરની મેવાડ સેન્ડવીચ, પ્રેમ મેવાડ આઈસ્ક્રીમ, ગીર દેશી, નીલમ સેન્ડવીચ, બે પાન પાર્લર, બેટરીની દુકાન સહિત તમામ દુકાનોમાં કમર સુધીના પાણી હતા. દુકાનદારો જ્યારે દુકાનમાં આવ્યા તો ફ્રીઝ તરતા હતા.દુકાનનો સામાન પાણીમાં તરતો હતો. ખાણીપીણીની દુકાનો હોવાથી તમામ સામાન ખરાબ થઈ ગયો હતો. વિજય ચાર રસ્તા પાસે શ્રીજી વડાપાવ, ગીતા સમોસા, ચાઈ જી, ટી પોસ્ટ, ધ ઈન્ડિયન વે નામની દુકાનો આવેલી હતી જે તમામ દુકાનોમાં પાણી ભરાયા હતા. દુકાનદારો દ્વારા ડોલ ભરીને પાણી બહાર કાઢવામાં આવતું હતું.

રાકેશભાઈ નામના દુકાનદારે જણાવ્યું હતું કે મારી મેવાડ દાબેલીની દુકાન હતી. છેલ્લા 5 વર્ષમાં પહેલી વખત આટલું પાણી ભરાયું છે.ફ્રીઝ અને તમામ સામાનનું નુકસાન થયું છે.ગઈકાલે બપોરે પાણી આવતા સાફ સફાઈ કરીને ગયા હતા.રાતે ફરીથી વરસાદ આવતા રોડ પર જ કમર સુધીના પાણી હતા.અમારી દુકાન તો મુખ્ય રોડથી નીચે છે એટલે પાણી અંદર ગયું હતું.50 હજારનું તો માત્ર ફ્રીઝ હતું.હવે ફરી દુકાન ચાલુ કરવામાં 3થી 4 દિવસ થશે.

રાધેશ્યામભાઈએ જણાવ્યું હતું કે મારી આઈસ્ક્રીમની દુકાન છે. કાલે જ પાણી આવતા સાફ કર્યું હતું.આજે ફરીથી પાણી ગયું જેના કારણે તમામ માલ ખરાબ થઈ ગયો છે.તમામ ફ્રીઝ બગડી ગયા છે અને માલ ખરાબ થઈ ગયો છે.દર વર્ષે થાય છે પરંતુ આટલું ક્યારે નુકસાન થયું નહોતું.રોડ ઉપર ગયો અને અમારી દુકાન નીચે જતી રહી જેના કારણે દુકાનમાં પાણી ભરાયું હતું.

ઈશ્વર દીક્ષિત નામના યુવકે જણાવ્યું હતું કે મારું પાર્લર છે. અહીંયા ડ્રેનેજની કોઈ વ્યવસ્થા જ નથી.અમે કાલે સાફ સફાઈ કરી જે બાદ આખી રાત વરસાદના કારણે દુકાનમાં બેસી રહ્યા હતા.દુકાનમાં રાતે પાણી બહાર કાઢ્યું છતાં કમર સુધીના પાણી ભરાઈ ગયા હતા.

# 7 નેશનલ હાઈવે સહિત 1204 રસ્તા બંધ, 22 ટ્રેન રદ: અમદાવાદ-રાજકોટ હાઈવે બંધ, એક્સપ્રેસ-વે પર ડાઈવર્ઝન, શાકભાજીની આવકમાં ભારે ઘટાડો, જનજીવન અસ્તવ્યસ્ત

**અમદાવાદ, તા.24**

દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ગુરુવારે રેકોર્ડબ્રેક વરસાદે જનજીવન ઠપ કરી દીધું હતું.જ્યારે અમદાવાદમાં પણ એક જ દિવસમાં 11 ઈંચથી વધુ વરસાદ તૂટી પડતા સમગ્ર શહેરમાં ઠેરઠેર પાણી ભરાયા હતા અને જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. જેને પગલે 7 નેશનલ અને 30 સ્ટેટ હાઈવે સહિત 1204 માર્ગ બંધ થઈ ગયા છે અને 22 ટ્રેનો રદ કરવાની ફરજ પડી છે.

પૂરની આ પરિસ્થિતિને પગલે રાજ્યના 19 જિલ્લામાં 24 જુલાઈએ સ્કૂલ-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી. અમદાવાદમાં 25 જુલાઈએ તમામ સ્કૂલ- કોલેજો અને આંગણવાડીઓ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. ખાનગી કંપનીઓએ કર્મચારીઓને વર્ક ફ્રોમ આપી દીધું છે.

આ ઉપરાંત શાકભાજી, દૂધ અને ટ્રાન્સપોર્ટેશન જેવી સેવાઓ પ્રભાવિત થઈ છે. તેમજ હવે આગામી સમયમાં ડેન્ગ્યુ, મલેરિયા, કોલેરા જેવી બીમારીઓ માથું ઉંચકી શકે છે. જોકે અમદાવાદમાં સિટી બસ સેવા રાબેતા મુજબ જ ચાલી રહી છે.

અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર બાવળા પાસે ભારે વરસાદના કારણે ગંભીર સ્થિતિ સર્જાતાં બગોદરાથી સનાથલ સુધીનો માર્ગ સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો છે. બાવળાના ગેલોપ્સ પાર્ક પાસે પૂરના પાણીમાં ફસાયેલા 900 જેટલા લોકોને બચાવવા માટે પોલીસ અને SDRFની ટીમો દ્વારા યુદ્ધધોરણે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. હાઈવે બંધ થતાં વાહન-વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે, જેથી તંત્ર દ્વારા અમદાવાદ-રાજકોટ વચ્ચે મુસાફરી કરતા વાહનો માટે બગોદરાથી વેજળકા થઈને ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર ડાઈવર્ઝન આપવામાં આવ્યું છે.

શાકભાજીની સપ્લાય અંગે અમદાવાદની જમાલપુર એપીએમસીના સેક્રેટરી સંજયભાઈએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે શાકભાજીની આવકમાં ઘટાડો થયો છે. ભારે વરસાદના કારણે ટ્રાફિકમાં વાહનો ફસાયા હોવાથી ખેડૂતો શાકભાજી મોકલતા નથી. જોકે શાકભાજી ઘટવાના કારણે ભાવમાં કોઈ વધારો થાય તેવી હાલ શક્યતા નથી. અમદાવાદ જિલ્લાના બાવળા, બગોદરા, ધોળકા, ધંધુકા,સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ હિમાચલ પ્રદેશ સહિતના જિલ્લા શહેરો અને રાજ્યોમાંથી અમદાવાદમાં શાકભાજી આવે છે. જો કે તેને અસર થઈ છે.

અમદાવાદ શહેરમાં સતત પડી રહેલા ભારે વરસાદ અને ચોમાસાની ઋતુને પગલે



નાગરિકોના આરોગ્યની સુરક્ષા તેમજ પાણીજન્ય અને વાહકજન્ય રોગો પર નિયંત્રણ મેળવવા AMCના આરોગ્ય વિભાગે પીવાના પાણીમાં ક્લોરીન ટેસ્ટ તેમજ પાણીના નમૂનાઓ એકત્ર કરીને તેની તપાસ કામગીરી સાથે સ્થળ પર જ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. તેમજ દવાનો સ્ટોક પણ પૂરતો છે.

ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સારવાર મળી રહે તે માટે AMC દ્વારા મોબાઈલ મેડિકલ વાન અને મોબાઈલ મેડિકલ ટીમો કાર્યરત કરવામાં આવી છે. આ ટીમો દ્વારા સ્થળ પર જ વિનામૂલ્યે આરોગ્ય તપાસ, જરૂરી દવાઓનું વિતરણ તથા આરોગ્ય માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

વાહકજન્ય રોગો પર નિયંત્રણ માટે મેલેરિયા વિભાગ દ્વારા પણ વ્યાપક સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. 24 જુલાઈની બપોર સુધીમાં કુલ 46,406 મકાનોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 764 મકાનો પોઝિટિવ નોંધાયા હતા.

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે પશ્ચિમ રેલવેનો ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. ઘોલવડ, ઉમરગામ અને બીલીમોરા રેલવે સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર પાણી ફરી વળતા સુરત-મુંબઈ રુટ પર ટ્રેનોના પૈડાં થંભી ગયા છે. સુરત અને વાપી તરફ જવા માટે હજી સુધી ટ્રેન ની કોઈ રાબેતા મુજબની વ્યવસ્થા કરવામાં આવી નથી, બસની વ્યવસ્થા પણ હજુ સુધી પૂર્વવત શરૂ થઈ શકી નથી, આવતી કાલે જો પાણી ઓસરે તો ટ્રેન અને બસ વ્યવહાર સુરત અને વાપી તરફ રાબેતા મુજબ શરૂ થશે.

ચોમાસાની ભારે વરસાદી સ્થિતિને પગલે રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ હેઠળના કુલ 1204 રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. સૌથી વધુ અસર સુરત, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં જોવા મળી રહી છે, જ્યારે વહીવટી તંત્ર દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. વિભાગના આંકડા મુજબ અગાઉ બંધ થયેલા રસ્તાઓમાંથી 103 રસ્તાઓ હાલ ચાલુ કરવામાં આવ્યા છે, જ્યારે 1204 રસ્તાઓ હજુ પણ બંધ છે.

અમદાવાદ એરપોર્ટ પર ઘણી ફ્લાઈટ પણ પ્રભાવિત થઈ છે. જેમાં અમદાવાદથી મુંબઈ જતી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર 6E 6285 (જેનો નિયત સમય સવારે 04:00 વાગ્યાનો હતો) તેને રદ કરવામાં આવી છે. બીજી તરફ, અનેક ફ્લાઈટ્સ તેના નિયત સમય કરતાં મોડી ચાલી રહી છે. જેમા ડિપાર્ચર એટલે કે અમદાવાદથી ઉપડતી ફ્લાઈટ્સમાં ભુવનેશ્વર જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E 6237 (સાંજે 17:55 ની જગ્યાએ હવે 19:05 વાગ્યે) અને પટના જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E 921 સાંજે 18:30ની જગ્યાએ હવે 19:15 વાગ્યે ઉપડશે.

જ્યારે શ્રીનગરથી આવતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E 6165 અને નવી દિલ્હીથી આવતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E 2331 મોડી પડી હતી. એરપોર્ટ સત્તાવાળાઓ અને એરલાઈન્સ દ્વારા મુસાફરોને અપીલ કરવામાં આવી છે કે ઘરેથી નીકળતા પહેલા પોતાની ફ્લાઈટનું તાજું સ્ટેટસ અવશ્ય ચકાસી લેવું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઈરાન પર સૌથી મોટા હુમલાની તૈયારીમાં અમેરિકા: ટ્રમ્પે કહ્યું- નિર્ણય લેવાનો બાકી

**વોશિંગ્ટન, તા.24**


અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા ઈરાન પર સૌથી મોટો હુમલો કરવા માટે તૈયાર છે. તેમણે કહ્યું, 'તૈયારી પૂરી છે, હવે માત્ર નિર્ણય લેવાનો બાકી છે.' ટ્રમ્પે એમ પણ કહ્યું કે ઈરાને હજુ સુધી પૂરતું દર્દ સહન કર્યું નથી.

ટ્રમ્પના નિવેદન બાદ ઈરાને પણ તરત જ જવાબ આપ્યો. વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે જો અમેરિકાએ હુમલા ચાલુ રાખ્યા તો તેને તેની 'વધુ ભારે કિંમત' ચૂકવવી પડશે. તેમણે કહ્યું કે યુદ્ધ સમાપ્ત કરવાનો રસ્તો વાતચીત છે, નવા હુમલા નહીં.

આ તરફ, બ્રિટને પણ પોતાની સેનાને એલર્ટ પર રાખી છે. બ્રિટિશ સરકારનું કહેવું છે કે જરૂર પડ્યે તેની સેના દેશની સુરક્ષા માટે તૈયાર છે. આ પહેલા ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) એ ચેતવણી આપી હતી કે જો અમેરિકાએ બ્રિટનના સૈન્ય ઠેકાણાઓનો ઉપયોગ કર્યો તો તેમને પણ નિશાન બનાવી શકાય છે.

સાઉદીના બે જહાજો પર હુમલો: યમનના હુતી વિદ્રોહીઓએ રેડ સીમાં સાઉદી અરબના બે તેલ ટેન્કર એન્સેલિયા અને લૈલા પર બેલિસ્ટિક મિસાઈલો, ક્રુઝ મિસાઈલો અને ડ્રોનથી હુમલો કર્યો. સંગઠનનું કહેવું છે કે બંને જહાજોમાં આગ લાગી ગઈ.

હુતી વિદ્રોહીઓના ડરથી 10 જહાજોએ રસ્તો બદલ્યો: બાબ અલ-મંદેબ સ્ટ્રેટ પાર કરવાનો પ્રયાસ કરી રહેલા ઓછામાં ઓછા 10 જહાજોને પોતાનો રસ્તો બદલવો પડ્યો છે. હવે આ જહાજો આફ્રિકાના દક્ષિણી છેડા કેપ ઓફ ગુડ હોપના રસ્તે લાંબો પ્રવાસ કરી રહ્યા છે.



બ્રિટને અમેરિકાને સૈન્ય અડ્ડાઓના ઉપયોગની મંજૂરી આપી: બ્રિટનના નવા વડાપ્રધાન એન્ડી બર્નહમે ઈરાન વિરુદ્ધ અમેરિકાને બ્રિટિશ સૈન્ય અડ્ડાઓના ઉપયોગને મંજૂરી આપી દીધી છે. હિંદ મહાસાગરમાં ડિયેગો ગાર્સિયા અને ગ્લોસ્ટરશાયરનો ફેરફોર્ડ એરબેઝ અમેરિકી વિમાનોના ઉપયોગ માટે ઉપલબ્ધ રહેશે.

ભારતની અત્યાર સુધીમાં 26,000 ફ્લાઈટ્સ રદ: અમેરિકા-ઈરાન સંઘર્ષને કારણે 20 જુલાઈ સુધીમાં ભારતીય એરલાઈન્સને લગભગ 26 હજાર આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવી પડી. આ ઉપરાંત, ઘણી ફ્લાઈટ્સનો માર્ગ બદલવામાં આવ્યો અને તેમાં વિલંબ પણ થયો.

ટ્રમ્પનું 95 અબજ ડોલરનું સંરક્ષણ બજેટ પાસ: ટ્રમ્પને ઈરાન યુદ્ધ વચ્ચે મોટી રાજકીય જીત મળી છે. અમેરિકી પ્રતિનિધિ સભાએ 95 અબજ ડોલરના સંરક્ષણ બજેટ પ્રસ્તાવને 216-214 મતોથી મંજૂર કર્યો. હવે તેને મંજૂરી માટે સેનેટમાં મોકલવામાં આવશે. આનાથી ઈરાન યુદ્ધ અને અન્ય રાષ્ટ્રીય સુરક્ષા જરૂરિયાતો માટે વધારાનું ભંડોળ મળશે.

ઈરાકે એ અહેવાલને પૂરી રીતે ફગાવી દીધો છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઈરાને ઈરાકી વડાપ્રધાન દ્વારા મોકલવામાં આવેલા અમેરિકાના યુદ્ધવિરામના પ્રસ્તાવને અસ્વીકાર કરી દીધો છે.

ન્યૂયોર્ક ટાઈમ્સે ગુરુવારે ઈરાની અને ઈરાકી અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે ઈરાને અમેરિકી પ્રસ્તાવ એટલા માટે ફગાવી દીધો, કારણ કે તેમાં હોર્મુઝ પર નિયંત્રણના મુદ્દાનો કોઈ ઉકેલ નહોતો.

જોકે, શુક્રવારે ઈરાકી વડાપ્રધાનના મીડિયા કાર્યાલયે નિવેદન બહાર પાડીને જણાવ્યું કે રિપોર્ટમાં કરાયેલા દાવાઓને સત્યતા સાથે કોઈ લેવાદેવા નથી.

બીજી તરફ, ઈરાને પણ આ અહેવાલને ભ્રામક ગણાવ્યો છે. સરકારી સમાચાર સંસ્થા 'ઈરના'ના જણાવ્યા અનુસાર, એક ઈરાની અધિકારીએ કહ્યું કે વિસ્તારમાં તણાવ વધવાનું સાચું કારણ અમેરિકા દ્વારા પોતાના વચનોનું ઉલ્લંઘન કરવું છે.

સંયુક્ત રાષ્ટ્રે (UN) અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં સામેલ દેશોને હોર્મુઝમાં ફસાયેલા આશરે 6,000 નાવિકોને સુરક્ષિત બહાર કાઢવા અને તેમને સ્વદેશ પરત ફરવામાં મદદ કરવાની અપીલ કરી છે.

## નેપાળના વડાપ્રધાન પર સુપ્રીમ કોર્ટમાં દખલગીરીનો આરોપ: 3 ન્યાયાધીશો પર રાજીનામું આપવા દબાણ કરી રહ્યા છે બાલેન શાહ

**કાઠમંડુ, તા.24**

નેપાળના વડાપ્રધાન બાલેન શાહની સરકાર પર સુપ્રીમ કોર્ટને પોતાના પક્ષમાં કરવાનો પ્રયાસ કરવાના આરોપો લાગ્યા છે. ત્રણ આંતરરાષ્ટ્રીય સંગઠનો એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ, હ્યુમન રાઈટ્સ વોચ અને ઈન્ટરનેશનલ કમિશન ઓફ જ્યુરિસ્ટ્સ (ICJ)એ સંયુક્ત નિવેદન જારી કરીને આ આરોપો લગાવ્યા છે. સંગઠનોનું કહેવું છે કે સરકાર ત્રણ વરિષ્ઠ ન્યાયાધીશો પર રાજીનામું આપવા દબાણ કરી રહી છે. જો તેઓ આવું નહીં કરે તો તેમની સામે મહાભિયોગ લાવી શકાય છે. સંગઠનોનું કહેવું છે કે સરકારનો હેતુ સુપ્રીમ કોર્ટની સંરચના બદલવાનો છે.

તેમનો આરોપ છે કે તાજેતરના મહિનાઓમાં એવા ઘણા પગલાં લેવામાં આવ્યા છે જેનાથી અદાલતની સ્વતંત્રતા નબળી પડી શકે છે અને બંધારણીય કેસોની સુનાવણી પ્રભાવિત થઈ શકે છે.



નિવેદનમાં મનોજ કુમાર શર્માને નેપાળના મુખ્ય ન્યાયાધીશ બનાવવામાં આવવા પર પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. શર્મા તે સમયે વરિષ્ઠતા ક્રમમાં ચોથા સ્થાને હતા. તેમનાથી સિનિયર ત્રણ ન્યાયાધીશોને અવગણવામાં આવ્યા. આ જ કારણે વિવાદ શરૂ થયો.

નેપાળમાં લાંબા સમયથી એવી પરંપરા રહી છે કે સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશને જ મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવે છે. આ વખતે આ પરંપરાનું પાલન કરવામાં આવ્યું ન હતું અને મનોજ શર્માને ત્યારે આ પદ આપવામાં આવ્યું જ્યારે તેમનાથી સિનિયર જસ્ટિસ સપના પ્રધાન મલ્લા, કુમાર રેગ્મી અને હરિ ફુયાલ હાજર હતા.

આ ઉપરાંત, સંગઠનનો આરોપ છે કે મનોજ કુમાર શર્મા વિરુદ્ધ મળેલી ફરિયાદોની પણ ખુલ્લી અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવી ન હતી. સંસદીય સુનાવણી સમિતિને શર્મા વિરુદ્ધ કુલ 16 ફરિયાદો મળી હતી. જોકે, આ ફરિયાદો ગુપ્ત રાખવામાં આવી હતી અને મીડિયા સમક્ષ રજૂ કરવામાં આવી ન હતી.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટમાં શર્માથી ત્રણ સિનિયર જસ્ટિસ સપના પ્રધાન મલ્લા, કુમાર રેગ્મી અને હરિ ફુયાલ પર રાજીનામું આપવા દબાણ કરવામાં આવી રહ્યું છે.

સંગઠનોનું કહેવું છે કે અત્યાર સુધી આ ત્રણેય વિરુદ્ધ એવો કોઈ સાર્વજનિક આરોપ કે નક્કર પુરાવો સામે આવ્યો નથી, જેનાથી એ સાબિત થાય કે તેમણે કોઈ ગંભીર બંધારણીય કે કાનૂની ભૂલ કરી છે.


માનવાધિકાર સંગઠનોનું કહેવું છે કે નેપાળના બંધારણ મુજબ, કોઈ ન્યાયાધીશ વિરુદ્ધ મહાભિયોગની પ્રક્રિયા શરૂ થતાં જ તેને તરત જ સસ્પેન્ડ કરી દેવામાં આવે છે.

## ઈમરાન ખાનના દિકરાએ મદદની ભીખ માગી: 1100 દિવસનો એકાંત વાસ, જેલમાં બંધ પિતાને દેખાવાનું બંધ થઈ રહ્યું છે

**ઈસ્લામાબાદ, તા.24**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પૂર્વ ક્રિકેટ કેપ્ટન ઈમરાન ખાનની તબિયતને લઈને તેમના પુત્ર કાસિમ ખાને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે દાવો કર્યો કે 1100 દિવસથી જેલમાં બંધ ઈમરાન ખાનની આંખોની રોશની સતત નબળી પડી રહી છે, પરંતુ પરિવારને તેમને મળવા કે તેમની મેડિકલ સ્થિતિની માહિતી પણ આપવામાં આવી રહી નથી. કાસિમે આંતરરાષ્ટ્રીય સમુદાયને હસ્તક્ષેપ કરવાની અપીલ કરતા પાકિસ્તાનની સરકાર અને સૈન્ય પ્રશાસન પર તીખો હુમલો બોલ્યો.

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના પુત્ર કાસિમ ખાને શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક ભાવુક પોસ્ટ લખીને પોતાના પિતાની તબિયતને લઈને ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે ઈમરાન ખાનને જેલમાં બંધ થયાને હવે લગભગ 1100 દિવસ થઈ ચૂક્યા છે અને માર્ચ પછી તેમણે પોતાના પિતાનો અવાજ પણ સાંભળ્યો નથી. કાસિમે લખ્યું, 'ઘણા મહિનાઓથી અમને તેમની સાથે વાત કરવા કે મળવાની પરવાનગી આપવામાં આવી નથી. અમને એ પણ નથી ખબર કે તેમને યોગ્ય સારવાર મળી રહી છે કે નહીં. તેમની આંખોની રોશની સતત નબળી પડી રહી છે અને તેમને તાત્કાલિક મેડિકલ સહાયની જરૂર છે.' 26 વર્ષના કાસિમ અને તેમના મોટા ભાઈ સુલેમાન ખાન બ્રિટનમાં રહે છે. તેમણે કહ્યું કે તેમને પોતાના પિતાની માત્ર રાજકીય ચિંતા જ નથી, પરંતુ એક પુત્ર તરીકે તેમને ખૂબ યાદ આવે છે. તેમણે લખ્યું, 'કાશ હું તેમની



સાથે ક્રિકેટ, પુસ્તકો અને ફિલ્મો જેવી સામાન્ય વાતો કરી શકતો હોત. પાકિસ્તાનની જનતા પોતાના ચૂંટાયેલા નેતાને આઝાદ જોવા માંગે છે, પરંતુ મને મારા પિતાની પહેલા કરતાં પણ વધુ યાદ આવે છે.' કાસિમે પાકિસ્તાનની હાલની વ્યવસ્થા પર પણ પ્રહાર કર્યો. તેમણે આરોપ લગાવ્યો કે સૈન્ય સમર્થિત સરકાર લોકતાંત્રિક સંસ્થાઓને નબળી પાડી રહી છે, રાજકીય વિરોધીઓને કચડી રહી છે અને લોકો પાસેથી પોતાના નેતાઓને ચૂંટવાનો અધિકાર છીનવી રહી છે. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી કે તે આ મામલે ચૂપ ન રહે.

ઈમરાન ખાનને આંખમાં શું થયું? CRVOની સારવાર સામાન્ય દવાથી કે નાના ક્લિનિકમાં કરી શકાતી નથી. તેને રેટિના નિષ્ણાત પાસેથી તાત્કાલિક સારવારની જરૂર છે. સારવાર દરમિયાન, આંખની અંદર બળતરા ઘટાડવા માટે ખાસ ઈન્જેક્શન આપવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં, લેસર સારવાર પણ જરૂરી છે. આ ઉપરાંત, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને કોલેસ્ટ્રોલ જેવા રોગોને કન્ટ્રોલ કરવા પણ મહત્વપૂર્ણ છે, કારણ કે તેને બ્લોકેજના મુખ્ય કારણો માનવામાં આવે છે. આ રોગની સારવાર માટે ઓપરેશન થિયેટર જેવી સુવિધાઓ, જંતુરહિત વાતાવરણ અને અનુભવી નિષ્ણાતો જરૂરી છે.

શા માટે જેલમાં છે ઈમરાન ખાન? 73 વર્ષના ઈમરાન ખાનને 5 ઓગસ્ટ 2023ના રોજ તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. આ પછી તેમની સામે અન્ય ઘણા કેસોમાં પણ કાર્યવાહી થઈ અને તેઓ સતત રાવલપિંડીની અડિયાલા જેલમાં બંધ છે. તેમને હાલમાં એકાંત કારાવાસ (સોલિટરી કન્ફાઈનમેન્ટ) માં રાખવામાં આવ્યા છે. આ જ વર્ષે ફેબ્રુઆરીમાં ઈમરાન ખાનની લીગલ ટીમ અને તેમની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)એ દાવો કર્યો હતો કે સારવારમાં વિલંબને કારણે તેમની જમણી આંખની રોશની ખરાબ રીતે પ્રભાવિત થઈ છે અને તેમાં માત્ર 15 ટકા જેટલી જ દ્રષ્ટિ બાકી બચી છે. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે મેડિકલ બોર્ડની રચના કરીને તેમની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. ઈમરાનનો પરિવાર અને પાર્ટી સતત આરોપ લગાવતા રહ્યા છે કે તેમને સ્વતંત્ર ડોક્ટરો સુધી પહોંચ આપવામાં આવી રહી નથી અને જેલમાં તેમને પૂરતી તબીબી સુવિધાઓ મળી રહી નથી. જોકે પાકિસ્તાન સરકાર આ આરોપોને ફગાવતા સતત કહેતી રહી છે કે ઈમરાન ખાનને તમામ જરૂરી તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ઈમરાન ખાનના સમર્થનમાં આ વર્ષે ફેબ્રુઆરીમાં 14 પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેપ્ટનોએ પણ પાકિસ્તાન સરકારને પત્ર લખીને તેમની સાથે નિષ્પક્ષ વ્યવહાર કરવા અને યોગ્ય તબીબી સુવિધા સુનિશ્ચિત કરવાની માંગ કરી હતી.

## ડઘાયેલી સરકારે દિલ્હીમાં વધુ સીઆરપીએફ અને આરએએફ ખડકી

**નવી દિલ્હી, તા.24**

દિલ્હીમાં જે રીતે કોકરોચ જનતા પાર્ટી અને કોંગ્રેસ તેમજ બીજા વિરોધપક્ષો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે એનાથી કેન્દ્ર સરકાર ડઘાઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કલ્પના નહોતી કે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને અખિલેશ યાદવ એમના ઘરની બહાર દેખાવો કરશે. ઉતાવળે નિર્ણય લઈને કેન્દ્ર સરકારે રાહુલ ગાંધી અને બીજા નેતાઓને વડાપ્રધાનના રહેઠાણ સામેથી હટાવી તો દીધા પરંતુ એનાથી સમસ્યા હલ નથી થઈ. જે રીતે દેશમાં વિવિધ સ્થળોએ તેમજ સોશ્યલ મીડિયામાં કેન્દ્ર સરકાર અને ભાજપ પર પ્રહારો થઈ રહ્યા છે એ જોઈને અતિ આત્મવિશ્વાસમાં રહેતા ભાજપના સિનિયર નેતાઓ ચોંકી ગયા છે. એમને ખબર પડતી નથી કે, પરિસ્થિત કઈ રીતે કાબુમાં લેવી. હવે ગૃહમંત્રાલયે એવું નક્કી કર્યું છે કે દિલ્હી પોલીસ પાસે સંખ્યાબળ ઓછી માત્રામાં છે અને વડાપ્રધાનની સુરક્ષા વધારવા માટે કર્મચારીઓની સંખ્યા વધારવી પડશે. જાણવા મળ્યા પ્રમાણે સીઆરપીએફની ૯ કંપનીઓ છત્તીસગઢથી, ૩ કંપનીઓ ઝારખંડથી, ૫ મધ્યપ્રદેશથી અને ૧ કંપની ઓડિસાથી બોલાવવામાં આવી છે.

કોકરોચ પાર્ટી ઓફ ઈન્ડિયાએ શરૂ કરેલા આંદોલનમાં ચાલુ ગાડીએ અરવિંદ કેજરીવાલ ચઢી બેઠા છે. ૨૦મી જુલાઈએ કોકરોચ જનતા પાર્ટીએ સંસદ માર્ચ શરૂ કરી હતી ત્યારે મોટા નેતાઓના બાળકો ક્યાં હતા એવી ટીકા થઈ હતી. આ ટીકાનો જવાબ આપતા આમ આદમી પાર્ટીના સંયોજક કેજરીવાલે કહ્યું હતું કે, તેઓ પોતે માર્ચમાં નહોતા પરંતુ એમના બંને બાળકો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.



કેજરીવાલનું કહેવું હતું કે કેટલાક કારણસર એમને પંજાબ જવું પડયું હતું એટલે એમના બદલે એમણે એમના બંને બાળકોને મોકલ્યા હતા. જ્યારે ટીયર ગેસ છોડવામાં આવ્યો ત્યારે એમના બંને સંતાનો પણ પ્રદર્શન સ્થળે હાજર હતા. એમના કહેવા પ્રમાણે 'અમારી પાર્ટીના ઘણા નેતાઓ સ્થળ પર હાજર હતા. અમે બધા એક સાથે છીએ. પુરો દેશ એક પરિવાર છે. અમે કોઈ પણ સરમુખત્યારથી ડરતા નથી.'

અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું છે કે ઈડી નિસહાય નથી. જો વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી સામે આવક કરતા વધુ મિલકતની ફરિયાદમાં કોઈ ખોટુ દેખાય તો કાયદા અનુસાર એમની સામે કાર્યવાહી કરી શકે છે. સીબીઆઈએ દાખલ કરેલા સોંગદનામામાં કેટલીક ખામીઓ હોવાથી કોર્ટે એજન્સીને આ બાબતે નવું સોંગદનામું દાખલ કરવા કહ્યું હતું. સીબીઆઈ, ઈડી અને અરજી કરનારએ દાખલ કરેલા સોંગદનામા જોયા પછી જસ્ટીસ રાજેશ સિંહ ચૌહાણ અને જસ્ટીસ ભ્રુજ રાજ સિંહની બેચે કહ્યું હતું કે, 'સીબીઆઈનું સોંગદનામુ અમારા અગાઉના હુકમ મુજબનું નહોતું. સીબીઆઈએ કરેલી તપાસ બાબતે અમને સમજણ પડતી નથી. હવે પછીની તારીખે સીબીઆઈએ નવું સોંગદનામુ દાખલ કરવું પડશે.' જે રીતે કેન્દ્ર સરકાર રાહુલ ગાંધીને કોઈપણ કેસમાં ભીડવા માંગે છે એ જોતા કોર્ટના આ ચુકાદા પછી રાહુલ ગાંધી સામે ઈડીની તપાસ શરૂ થઈ શકે છે.

તૃણમુલ કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ કલ્યાણ બેનર્જીને ચોમાસાના સમગ્ર સત્ર માટે બરતરફ કરવામાં આવ્યા છે. અસંસદીય ભાષાનો ઉપયોગ કરવા માટે એમને બરતરફ કરાયા છે. ચોમાસા સત્રનો ત્રીજો દિવસ પણ ખાસ કામગીરી વગરનો રહ્યો હતો. બુમબરાડાના કારણે સંસદના બંને ગૃહોની કાર્યવાહી ત્રણવાર સ્થગીત કરવામાં આવી હતી. વિરોધપક્ષના સભ્યો નીટ પેપર લીક, સીજેપીના પ્રદર્શન પર પોલીસનો લાઠીચાર્જ અને કેન્દ્રીય શિક્ષામંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી પર ચર્ચા કરવા માટે અડગ હતા. કલ્યાણ બેનર્જીએ તૃણમુલ કોંગ્રેસના બળવાખોર સાંસદોને ચોર કહ્યા હતા. ત્યાર પછી લોકસભામાં હોહા થઈ ગઈ હતી. સંસદની કાર્યવાહી સ્થગીત થયા પછી પણ કલ્યાણ બેનર્જી બળવાખોર સાંસદો સાથે દલીલ કરતા જોવા મળ્યા હતા.

કોકરોચ જનતા પાર્ટીના દેખાવકારોને દિલ્હી પોલીસ સાથે થયેલા ઘર્ષણ બાબતે સુપ્રિમ કોર્ટમાં એક અરજી કરવામાં આવી છે. સીજેઆઈ સૂર્યકાંતએ એક વકીલની અરજી પર કહ્યું છે કે, 'તમારો સમય બરબાદ કરો નહીં અને અમારો સમય પણ બરબાદ નહીં કરો.' અરજી કરનારે સીજેઆઈની બેચ સમક્ષ તાત્કાલીક સુનાવણી કરવાની માંગણી કરી હતી. વકીલના કહેવા પ્રમાણે પોલીસની કાર્યવાહીનો વીડિયો પુરાવા તરીકે છે. જંતર મંતર પર વિદ્યાર્થીઓનું પ્રદર્શન ચાલી રહ્યું હતું ત્યારે પોલીસે અત્યાચાર કર્યો હતો. જ્યારે કોર્ટે પછીના કેસ માટે પોકાર કર્યો ત્યારે વકીલે ફરીથી કહ્યું હતું કે, પોલીસના અત્યાચારનો વીડિયો તેઓ બતાવી શકે છે. એ વખતે સીજેઆઈ સૂર્યકાંતે કહ્યું હતું કે, 'અમને વીડિયોમાં કોઈ રસ નથી. વીડિયો જોવા માટે અમારી પાસે સમય પણ નથી.'

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીને હવે માંડ ૭ મહિનાનો સમય બચ્યો છે. ઉત્તર પ્રદેશમાં હમણા ભાજપ સત્તામાં છે, પરંતુ સમાજવાદી પાર્ટી કોઈપણ હીસાબે ભાજપને આવતી ચૂંટણીમાં સફળ થવા દેવા માંગતી નથી. સમાજવાદી પાર્ટીએ અત્યારથી જ રણનીતિ બનાવવાની શરૂ કરી દીધી છે. સમાજવાદી પાર્ટી અને એમના સાથીપક્ષો શિડયુલ કાસ્ટના મતો મેળવવા પ્રયત્ન કરે છે. દરેક રાજકીય પક્ષોએ પોતાની રણનીતિ બનાવી છે. માયાવતીની બહુજન સમાજવાદી પાર્ટી અને ચંદ્રશેખર આઝાદની આઝાદ સમાજ પાર્ટી દલીતોના સમર્થન માટે એક બીજા સાથે સ્પર્ધા કરે છે. મે મહિનામાં મેરઠના એક દલીત વિદ્યાર્થીની હત્યા પછી રાજ્યમાં રાજકીય વિવાદ વધ્યો છે. આ હત્યાની વિરુદ્ધમાં રાજ્યમાં દેખાવો પણ થઈ રહ્યા છે. ઉત્તર પ્રદેશની વસ્તીમાંથી દલીતોની વસ્તી ૨૧ ટકા છે. રાજ્યની ૪૦૩ બેઠકોમાંથી ૮૪ બેઠકો દલીતો માટે અનામત છે.

સમાજવાદી પાર્ટીના મહામંત્રી આઝમ ખાનએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે જે આઈએએસ ઓફિસર આંજનેય કુમાર સિંહને 'તનખૈયા' (પગાર પર કામ કરનાર નોકર) કહ્યા હતા અને એમનું અપમાન કર્યું હતું. હવે આઝમ ખાનની જોહર યુનિવર્સિટીનું ભવિષ્ય એમના હાથમાં છે. રામપુર ડેવલપમેન્ટ ઓથોરીટી (આરડીએ) યુનિવર્સિટીના ૪૦માંથી ૩૮ ગેરકાયદેસર મકાનોનું ડિમોલીશન કરવાના હુકમ સામે કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી છે. ૨૮મી જુલાઈએ આ બાબતે સુનાવણી થશે. આઝમ ખાનને તત્કાલીન ડીએમ આંજનેય કુમાર સિંહ (હાલના કમિશનર) વિરુદ્ધ અપમાનજનક ટીપ્પણી કરવા માટે બે વર્ષની સજા કરવામાં આવી છે. આરડીએ ઉપાધ્યક્ષ તેમજ ડીએમ અજયકુમાર દ્વિવેદીએ જોહર યુનિવર્સિટીના ૩૮ મકાનો પરવાનગી વગર બનાવવા માટે એનું ડિમોલીશન કરવા હુકમ કર્યો હતો. યુનિવર્સિટીને પોતેજ આ મકાનો તોડી પાડવા માટે ૨૦ દિવસનો સમય આપવામાં આવ્યો હતો ત્યાર પછી આરડીએ પોતે કાર્યવાહી કરશે. આરડીએની રચના ૨૦૨૪માં થઈ હતી જ્યારે યુનિવર્સિટીના મકાનો ૨૦૧૮માં બન્યા હતા. આ ટેક્નીકલ મુદ્દાને આધારે અપીલ દાખલ કરવામાં આવી છે. જો કોર્ટ અપીલ માન્ય નહીં રાખે તો યુનિવર્સિટીના મકાનો ડીમોલીશન કરવાની સત્તા ઓફિસર આંજનેય કુમાર સિંહને આપવામાં આવી છે.

# મિડલ ઈસ્ટના સમીકરણો બદલવા ટ્રમ્પનો નવો વ્યૂહ

### ઈઝરાયલ પર મિડલ ઈસ્ટના ઈસ્લામિક દેશો બિલકુલ ભરોસો કરતાં નથી, પરંતુ ઈરાનનું જોર ઘટાડવા ટ્રમ્પ સાઉદી, યુએઈ અને ઈઝરાયલને સાથે લાવવાના પ્રયાસો કરે છે

**વોશિંગ્ટન, તા.24**

સંખ્યાબળની રીતે વાત થાય તો મધ્ય-પૂર્વમાં ઈરાન પાસે સૌથી મોટું સૈન્યબળ છે. ૧૨ લાખનું સૈન્ય ધરાવતું ઈજિપ્ત મધ્ય-પૂર્વના છેડે છે એટલે જો એના સૈન્યને ન ગણીએ તો ૧૧ લાખના સૈન્ય સાથે ઈરાન પ્રથમ ક્રમે છે. ઈરાનના સૈન્યમાં ૬.૧ લાખ એક્ટિવ સૈનિકો છે ને બે લાખ સૈનિકો રિઝર્વ ફોર્સમાં છે. ત્રણ લાખ તાલીમબદ્ધ સૈનિકો ગમે ત્યારે યુદ્ધમાં ઉતરવા સક્ષમ છે. ઈરાને ૪૦ લાખ નાગરિકોને પ્રાથમિક તાલીમ આપી રાખી છે. જરૂર પડયે આ નાગરિકો યુદ્ધમાં લશ્કરને મદદ કરી શકે તેમ છે.

ઈરાન પાસે બેલાસ્ટિક મિસાઈલ, ડ્રોન સ્કવોડ, એન્ટી શિપ મિસાઈલો છે. એનો પરચો તો ઈરાને આ યુદ્ધમાં આપી પણ દીધો. અમેરિકાને જે યુદ્ધ માત્ર ચાર દિવસમાં પૂરું થવાની અપેક્ષા હતી એ યુદ્ધ ચાર મહિને પણ આટોપાયું નથી. ૧૫૦૦થી ૨૦૦૦ કિલોમીટર સુધી હુમલો કરી શકે એવી મિસાઈલોના કારણે મધ્ય-પૂર્વના ઘણાં દેશોના શ્વાસ અદ્ધર ચડી ગયા છે. ઈરાન પાસે ૧૯૦૦ ટેન્ક છે. ૮૦૦ મોબાઈલ રોકેટ લોન્ચર છે. ૫૫૦થી વધુ લડાકુ વિમાનો છે. સ્પેશિયલ મિશન પાર પાડવા માટે ૧૦ લડાકુ વિમાનો, છ એરિયલ ટેન્કર, ૧૩ એટેક હેલિકોપ્ટર્સ, ૧૭૦૦ તોપ, ૧૦૧ નૌકાજહાજો છે. ઈરાનનું ડિફેન્સ બજેટ ૧૬ અબજ ડોલર જેટલું છે.

તેની સામે ઈરાનને ટક્કર આપે એવું લશ્કર મિડલ ઈસ્ટમાં બે જ દેશો પાસે છે. બીજા નંબરે છે તુર્કી અને ત્રીજા ક્રમે છે ઈઝરાયલ. અમેરિકા-ઈઝરાયલ સંયુક્ત રીતે ઈરાન સામે લડી રહ્યા છે તે છતાં પહોંચી વળ્યા નથી. કલ્પના કરો, જો ઈઝરાયલ એકલું ઈરાન સામે જંગે ચડયું હોત તો શું થાત? અમેરિકાના સપોર્ટ છતાં ઈરાનનું લશ્કર ઈઝરાયલને હંફાવી રહ્યું છે. આ યુદ્ધનું પરિણામ તો જે આવે તે નજીકના ભવિષ્યમાં ખબર પડશે, પરંતુ ઈરાને એક સ્પષ્ટ મેસેજ તો આપી દીધો છે કે મિડલ ઈસ્ટમાં કોઈ એક દેશ તેને ટક્કર આપી શકે તેમ નથી. ઈરાનની આ શક્તિના કારણે સાઉદી, યુએઈ જેવા ઘણાં દેશોમાં ફફડાટ છે. તુર્કી કે ઈઝરાયલ કે ઈજિપ્તનો સાથ ન હોય તો મિડલ ઈસ્ટમાં એકેય દેશ એકલા લડીને ઈરાનને હરાવી શકે તેમ નથી.

આ યુદ્ધવિરામ માટે તો વાટાઘાટો ચાલે છે કે તરત અટકી જાય છે. શું પરિણામ આવશે તે કહી શકાય તેમ નથી. પરંતુ લાંબાંગાળે મિડલ ઈસ્ટમાં પાવર બેલેન્સ બનાવવા માટે ટ્રમ્પે એક નવો વ્યૂહ ઘડી કાઢ્યો છે. ઈઝરાયલ સામે મિડલ ઈસ્ટ જ નહીં, પેલેસ્ટાઈનના મુદ્દે મુસ્લિમ બહુમતી ધરાવતા એશિયા-આફ્રિકા-સાઉથ અમેરિકા-યુરોપના ૫૭ દેશોના સંગઠન ઈસ્લામિક કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન પણ શરૂઆતથી જ વિરોધ કરે છે. આટલા વર્ષોમાં અમુક દેશોએ ઈઝરાયલને ભલે માન્યતા આપી છે છતાં એક નહીં તો બીજી રીતે ઈઝરાયલ સામેનો વિરોધ આટલા વર્ષેય યથાવત્ રહ્યો છે. અગાઉ મિડલ ઈસ્ટના દેશો સાથે ઈઝરાયલના સંબંધો વિકસે તે માટે પ્રયાસો ચોક્કસ થયા છે. જોર્ડન સાથે શાંતિ સમજૂતી થઈ હતી. ૨૦૨૦માં ટ્રમ્પ અમેરિકાના



પ્રમુખ હતા ત્યારે જ યુએઈ સાથે પણ ડિપ્લોમેટિક રિલેશન શરૂ કરવા સંધિ થઈ હતી. એ જ ગાળામાં બહેરિન, મોરોક્કો જેવા દેશોના ઈઝરાયલ સાથેના સંબંધો સુધર્યા હતા. સાઉદી અને ઈઝરાયલ વચ્ચે ફોર્મલ દ્વિપક્ષીય સંબંધો સ્થપાયા નથી, પરંતુ ઘણાં વર્ષોથી આંતરિક રીતે સંબંધો સ્ટેબલ રહ્યા છે. સત્તાવાર રીતે સાઉદીએ ઈઝરાયલને યુએન માન્ય દેશ ગણ્યો નથી. ૨૦૨૩માં અમેરિકાના સમર્થનથી બંને દેશોએ અંદરખાને સંબંધો વિકસી શકે છે કે કેમ તે બાબતે વિચારણા શરૂ કરી હતી.

આવી વિચિત્ર સ્થિતિ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય-પૂર્વમાં સંતુલન બનાવવા માટે સાઉદી, યુએઈ અને ઈઝરાયલને એક ધરી પર લાવવાનું બીડું ઝડપ્યું છે. ઈરાને આ યુદ્ધમાં અમેરિકાના લશ્કરી મથકો જે મિડલ ઈસ્ટના દેશોમાં છે ત્યાં પણ મિસાઈલમારો કર્યો છે. સાઉદીથી લઈને યુએઈ સુધી ઈરાન ફરી વળ્યું છે. એને મુદ્દો બનાવીને ટ્રમ્પે આ દેશોને ભવિષ્યનો ડર બતાવ્યો છે. સાઉદી અને યુએઈ જેવા દેશોને ટ્રમ્પ એ વાત ગળે ઉતારવાની કોશિશ કરી રહ્યા છે કે જો ઈઝરાયલ-અમેરિકાનો સપોર્ટ નહીં હોય તો ઈરાન ભવિષ્યમાં મિડલ ઈસ્ટના આવા દેશો પર ભારે પડી શકે તેમ છે. ટ્રમ્પ એવુંય ઠસાવવાની કોશિશમાં છે કે ઈરાન આખાય મિડલ ઈસ્ટમાં આણ વર્તાવવા માટે સાઉદી-યુએઈને ટાર્ગેટ કરી શકે છે.

ઈઝરાયલ-સાઉદી-યુએઈને એક લાઈનમાં લાવવામાં સૌથી મોટી મુશ્કેલી છે સાઉદીનો પરમાણુ કાર્યક્રમ. ઈઝરાયલે શરૂઆતથી જ એવી આક્રમક પૉલિસી બનાવી છે કે મિડલ ઈસ્ટનો એકેય દેશ પરમાણુ હથિયાર વિકસાવવો ન જોઈએ. જો કોઈ દેશ પરમાણુ કાર્યક્રમ આગળ વધારે તો ગમે તે રીતે એને નિષ્ફળ બનાવો. સાઉદી પરમાણુ આધારિત પાવર પ્લાન્ટ બનાવવા માંગે છે. સાઉદીએ ન્યૂક્લિયર ફ્યુઅલ સાઈકલ બનાવવાની પ્રોસેસ શરૂ કરી છે. એટલે કે યુરેનિયમનો જથ્થો મેળવવાથી લઈને તેમાં વધારો કરવા સુધીની તમામ પ્રક્રિયા સાઉદી કરવા માંગે છે. વર્ષોથી સાઉદીના શાસક મોહમ્મદ બિન સલમાન એ બાબતે અમેરિકન પ્રમુખો સાથે વાટાઘાટો કરે છે. ઓબામા પ્રમુખ હતા ત્યારથી સાઉદીએ પ્રયાસો શરૂ કર્યા હતા. એ પછી ટ્રમ્પ સત્તામાં આવ્યા ત્યારે વાત ન બની. બાઈડેનને મનાવવામાં પણ સાઉદીને સફળતા ન મળી. હવે ટ્રમ્પ એ વાત સ્વીકારવા તૈયાર થયા છે, પણ ટ્રમ્પે સાઉદી-યુએઈ અને ઈઝરાયલ એક થાય ને ઈરાન સામે મજબૂત પડકાર બને એવી શરત મૂકી છે.

યુએઈ-અમેરિકા વચ્ચે જે પરમાણુ સમજૂતી થઈ છે એ પ્રમાણે યુએઈ યુરેનિયમનો જથ્થો વધારી શકતું નથી. પરંતુ અમેરિકાની દેખરેખમાં ઉર્જાના હેતુથી પરમાણુ પ્રોગ્રામ ચલાવી શકે છે. એ રીતે યુએઈ ન્યૂક્લિયર પાવર પ્રોગ્રામ માટે મોડલ બની ચૂક્યું છે. સમજૂતીના ભાગરૂપે યુએઈએ યુરેનિયમનો જથ્થો વધારવાનો અધિકાર છોડી દઈને ચાર ન્યૂક્લિયર રિએક્ટર ઓપરેશન કરી દીધા છે. એ જ મોડલ જો સાઉદી સ્વીકારે તો યુરેનિયમનો જથ્થો વધારવાનો અધિકાર છોડી દેવો પડે. કદાચ સાઉદી પોતાનો સ્વતંત્ર પરમાણુ પ્રોગ્રામ ચલાવવા માંગે છે એટલે અમેરિકા સાથે દરેક વખતે કરાર અટકી જતો હતો. હવે યુએઈનું મોડલ જોઈને સાઉદી તૈયાર થઈ જશે તો ટ્રમ્પ માન્યતા આપી દેશે.

સાઉદી-યુએઈને ઈઝરાયલની લેટેસ્ટ ડિફેન્સ ટેકનોલોજી મળી જાય તો ઈરાનને ટક્કર આપી શકાશે એવું ટ્રમ્પ સમજાવે છે. ઈઝરાયલને ટ્રમ્પ એમ કહીને મનાવે છે કે આ બંને દેશો માત્ર ન્યૂક્લિયર પાવર પ્રોગ્રામ જ આગળ વધારશે. જો બધું બરાબર પાર પડશે તો આગામી સમયમાં આ ત્રણ દેશો મિડલ ઈસ્ટમાં નવા સમીકરણો બનાવશે.

સવાલ એ છે કે ટ્રમ્પ આવું કેમ કરવા ધારે છે? વેલ, અમેરિકાના ગળામાં ઈરાન નામનું હાડકું બરાબર ફસાઈ ગયું છે. આ ત્રણ દેશોની ધરી બની જાય તો એના ભરોસે મિડલ ઈસ્ટ છોડીને અમેરિકા રાહત મેળવી શકે. યુદ્ધ ભડકાવીને નાસી જવાની અમેરિકાની ફિતરત રહી છે. ટ્રમ્પના આ સમીકરણમાં પણ એની જ બૂ આવી રહી છે.

## તંત્રી લેખ

# પરમવીર ચક્ર વિજેતાઓ પણ સીજેપીના ટેકામાં

નીટ પેપર લીક વિરુદ્ધ ચાલી રહેલું આંદોલન વધુ ઉગ્ર બનતું જાય છે. ભારતના ત્રણ જીવીત પરમવીર ચક્ર વિજેતાઓમાંથી બેએ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને ટેકો જાહેર કર્યો છે. બંનેએ સરકારને અપીલ કરી છે કે વિરોધ કરી રહેલા યુવાનો પર બળપ્રયોગ કરવાને બદલે એમની સાથે વાતચીત કરીને એમની ચિંતા દુર કરવી જોઈએ. ઓનરરી કેપ્ટન બાના સિંહ અને સુબેદાર મેજર યોગેન્દ્ર સિંહ યાદવએ એક અવાજમાં કહ્યુ છે કે, લોકશાહીની સૌથી મોટી શક્તિ સંવાદ છે, ટકરાવ નહીં. એમનું માનવું છે કે નીટ પેપર લીક ફક્ત એક ભૂલ નહીં, પરંતુ લાખો વિદ્યાર્થીઓ સાથેનો વિશ્વાસઘાત છે. બાના સિંહ સીયાચીનના હીરો હતા અને ૧૯૮૭ માં એમને પરમવીર ચક્ર આપવામાં આવ્યો હતો. હવે સરકારની ચિંતા વધી છે કે, ભૂતપૂર્વ સૈનિકો પણ ખૂલીને આંદોલનને ટેકો આપી રહ્યા છે.

બોલીવુડના સિનિયર અભિનેતા નસીરૂદ્દીન શાહએ નીટ પરીક્ષા પેપર લીક બાબતે મોદી સરકારને બરાબર ભીસમાં લીધી છે. શાહે કહ્યું છે કે, જે પોતે અભણ હોય એમને શિક્ષણની અગત્યતા સમજાય નહીં. શાહે તો નરેન્દ્ર મોદીને 'જૂઠા' અને એમની સરકારને 'બહેરી, ગુંગી અને આંધળી' કહી છે. એમણે ટોણો મારતા એમ પણ કહ્યું છે કે તેઓ નરેન્દ્ર મોદીને કયારેય ગંભીરતાથી લેતા નથી. ૭૬ વર્ષના અદાકારે દિલ્હીના જંતર મંતરથી માંડીને મુંબઈ, બિહાર, પંજાબ, મીઝોરમ, તિરુવંતપુરમ સુધી પ્રદર્શન કરી રહેલા છાત્રોને ટેકો જાહેર કર્યો હતો. શાહે કહ્યું હતુ કે, 'જે પોલીસ ધોળા દિવસે થતા બળાત્કાર, હત્યાઓ રોકી નથી શકતી એ વિદ્યાર્થીઓ પર કાર્યવાહી કરે છે.' નસીરૂદ્દીન શાહે દેખાવ કરનાર વિદ્યાર્થીઓના ટેકામાં ઈન્સ્ટાગ્રામ પર વીડિયો પણ શેર કર્યો છે. હવે જ્યારે ફિલ્મસ્ટારો પણ ખૂલીને સરકારની ટીકા કરવા માંડયા છે ત્યારે લાગે છે કે સરકારના 'અચ્છે દીન' પૂરા થવા પર છે. નીટ પપેર લીક માટે ચાલી રહેલું આંદોલન વેગ પકડી રહ્યું છે. ભૂખ હડતાળ પર બેઠેલા સામાજીક કાર્યકર્તા સોનમ વાંગચૂક હમણા દિલ્હીના ગુરુગ્રામ ખાતે આવેલી મેદાંતા હોસ્પિટલમાં દાખલ થયા છે. ગુરુવારની રાતે એમને મળવા માટે વિરોધ પક્ષના ઘણા નેતાઓ પહોંચ્યા હતા. જોકે સત્તાવાળાઓએ એમને મળવા દીધા નહોતા. સપા સાંસદ પ્રિયા સરોજ, આપ સાંસદ સંજય સિંહ અને આરજેડીના સાંસદ સંજય યાદવ વાંગચૂકને મળવા માંગતા હતા. આ લોકો હોસ્પિટલની બહાર ફૂટપાથ પર મોડે સુધી બેસી રહ્યા હતા. પોલીસે એમને વાંગચૂકને મળવાની પરવાનગી આપી નહોતી એ બાબતે પ્રિયા સરોજે કહ્યું હતૂં કે, 'જ્યાં સુધી અમને મળવા દેવામાં નહીં આવે ત્યાં સુધી અમે બેસી રહીશું. રાતથી સવાર કેમ ન પડે. અમને ચિંતા નથી. અમારા પહેલા ઘણા નેતાઓને તમે મળવા દીધા છે તો અમારા માટે જ પ્રોટોકોલ શા માટે?' સામાજીક કાર્યકર અન્ના હજારેએ અહલ્યાનગરમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલનમાં ભાગ લેવાનું નક્કી કર્યું છે. અન્ના હજારેની નજીકની વ્યક્તિઓએ કહ્યુ હતું કે અન્ના હજારે અહલ્યાનગર પહોંચીને વિદ્યાર્થીઓના દેખાવમાં સામેલ થશે. હજારેએ નિવેદન આપ્યું હતુ કે, 'નરેન્દ્ર મોદી દેશના એક મોટા અને સન્માનીય નેતા છે. એમણે સમજવું જોઈએ કે હીંસા કોઈ રસ્તો નથી. તેઓ ઉચ્ચ પદ પર છે એ માટે મે એમને પત્ર લખ્યો છે. મે મારી જિંદગીમાં ૨૨ આંદોલનો કર્યા છે, પરંતુ કદી હીંસા થઈ નથી. આ આંદોલનામાં જે થયું છે તે ખોટું થયું છે. આંદોલન હંમેશા અહીંસક હોવું જોઈએ. સરકાર શું કરી રહી છે?' ૨૦૧૨માં જ્યારે અન્ના હજારે અને અરવિંદ કેજરીવાલે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન કર્યું હતું ત્યારે એમને સફળતા મળી હતી એના કારણ ઘણા બધા હતા. આ વખતના આંદોલનમાં અન્ના હજારે હીરો બની શકે એમ નથી. કેટલાક એમને સરકારી એજન્ટ પણ માને છે. ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે સમાજવાદી પક્ષને કોંગ્રેસની જેમ ભાજપે પણ અત્યારથી તૈયારી શરૂ કરી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભાજપના કાર્યકરોને કેટલીક સલાહો આપી છે. સામાન્ય માણસ સાથે જોડાઈ રહેવા માટે એમને કેટલીક ચાવી બતાવી છે.

તાજેતરમાં જ આપણે અલ નીનોની અસર જોઈ અને અનુભવી રહ્યા છીએ. ચોમાસું બેઠું ત્યારથી આજદિન સુધી તેનો અનિયમિત વિકાસ થઈ રહ્યો છે. ક્યાંક અધધ વરસાદ પડે છે તો ક્યાંક સાવ બુંદાબાંદી પણ થતી નથી. દેશના અમુક ભાગોમાં જૂનમાં ૪૦% થી વધુ વરસાદની ઘટ પડી છે : ભારતની સામાન્ય પ્રજા અર્થતંત્રના ચક્રવ્યૂહમાં ફસાઈ ગઈ છે. મોંઘવારી, ફુગાવો અને રૂપિયાનું ધોવાણ વગેરેના કારણે સામાન્ય પ્રજાના ખિસ્સા ઉપર ભાર વધી ગયો છે. સામાન્ય માણસનું રસોડું આજે સૌથી મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે

# ભારત ભાગ્યના ભરોસે : કટોકટીના અકથ્ય કુંડાળામાં અટવાયેલું ભવિષ્ય

## કુદરતી આફતો, આર્થિક સંકટ, સામાજિક અસંતોષ અને સરકારી નિષ્ફળતાઓએ દેશના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ ઊભો કર્યો છે

તાજેતરમાં જ આપણે અલ નીનોની અસર જોઈ અને અનુભવી રહ્યા છીએ. ચોમાસું બેઠું ત્યારથી આજદિન સુધી તેનો અનિયમિત વિકાસ થઈ રહ્યો છે. ક્યાંક અધધ વરસાદ પડે છે તો ક્યાંક સાવ બુંદાબાંદી પણ થતી નથી. દેશના અમુક ભાગોમાં જૂનમાં ૪૦% થી વધુ વરસાદની ઘટ પડી છે : ભારતની સામાન્ય પ્રજા અર્થતંત્રના ચક્રવ્યૂહમાં ફસાઈ ગઈ છે. મોંઘવારી, ફુગાવો અને રૂપિયાનું ધોવાણ વગેરેના કારણે સામાન્ય પ્રજાના ખિસ્સા ઉપર ભાર વધી ગયો છે. સામાન્ય માણસનું રસોડું આજે સૌથી મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે : યુવાનો દ્વારા ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામુ માગવામાં આવ્યું હતું. સરકારે અહંકારમાં રહીને યુવાનોની અવગણના કરી અને આ સંઘર્ષ વધતો ગયો. છેલ્લાં એક દાયકાથી મેળવેલો પ્રેમ અને સમર્થન મોદીએ ગુમાવવાની શરૂઆત થઈ ગઈ છે. અહંકાર, પ્રજાથી અંતર અને સરમુખત્યારશાહી વલણને કારણે લોકચાહના ગુમાવવાનું શરૂ કર્યું છે

ભારત હાલમાં ચારે તરફથી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. હાલમાં ભારત એક એવા વળાંક પર ઊભું છે જ્યાં કુદરતી આફતો, આર્થિક સંકટ, સામાજિક અસંતોષ અને શાસન પ્રણાલીની નિષ્ફળતાઓએ એકસાથે મળીને દેશના ભવિષ્ય સામે મોટો પ્રશ્નાર્થ ઊભો કરી દીધો છે. સામાન્ય નાગરિક, જે પોતાના પરસેવાની કમાણીથી દેશની આર્થિક ગાડીને ધકેલી રહ્યો છે, તે આજે પોતાને અસહાય અને 'ભાગ્યના ભરોસે' હોવાનું અનુભવી રહ્યો છે. એક તરફ ક્લાઈમેટ ચેન્જના કારણે કુદરત કોપાયમાન થઈ છે, તો બીજી તરફ નીતિગત નિષ્ફળતાઓ, ભ્રષ્ટાચાર અને રાજકીય અહંકારના કારણે પ્રજાનું જીવન વધુ દુષ્કર બન્યું છે. દેશમાં ચારે તરફ 'વિકાસ'ના ગૂંજતા નારાઓ વચ્ચે સામાન્ય માણસ રોજી-રોટી, શિક્ષણ અને સુરક્ષા માટે ઝઝૂમી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ભારત આજે ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના સૌથી ભયાનક પરિણામો ભોગવી રહ્યું છે. એક સમયે જે ચોમાસું દેશની સમૃદ્ધિનો આધાર ગણાતું હતું, તે જ ચોમાસું હવે અનિશ્ચિતતા અને વિનાશનું કારણ બની ગયું છે. તાજેતરમાં જ આપણે અલ નીનોની અસર જોઈ અને અનુભવી રહ્યા છીએ. ચોમાસું બેઠું ત્યારથી આજદિન સુધી તેનો અનિયમિત વિકાસ થઈ રહ્યો છે. ક્યાંક અધધ વરસાદ પડે છે તો ક્યાંક સાવ બુંદાબાંદી પણ થતી નથી. દેશના અમુક ભાગોમાં જૂનમાં ૪૦% થી વધુ વરસાદની ઘટ પડી છે અને અસહ્ય તાપના કારણે ખેતરો સૂકાઈ ગયા છે. જુલાઈમાં આવી ઘટનાઓ ચાલુ છે ત્યાં જ બીજી તરફ કેરળ, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વાદળ ફાટવા અને ભયાનક પૂરની ઘટનાઓ બને છે. ગુજરાતમાં એકાએક ચોમાસું સક્રિય થઈ ગયું અને દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાતને ઘમરોળી કાઢ્યું.

ગુરુગ્રામ, મુંબઈ કે બેંગલુરુ જેવા તથાકથિત 'આધુનિક' શહેરો માત્ર બે કલાકના વરસાદમાં વિનિશ થઈ જાય છે. ડ્રેનેજ સિસ્ટમનો અભાવ, બેફામ સિમેન્ટ-કોંક્રિટનું બાંધકામ અને તળાવો-નદીઓ પરના દબાણોએ શહેરોને આપત્તિના કેન્દ્રો બનાવી દીધા છે. તેને સુધારવામાં કોઈને રસ નથી અને પ્રજાની સમસ્યાઓ જાણવાની તંત્રન ઈચ્છા પણ નથી.

બીજી તરફ હવામાનના બદલાતા મિજાજ અને એલ નીનોની અસરને કારણે ખરીફ પાકની વાવણી વિલંબિત થાય છે. ખેડૂતો દેવાના બોજ તળે દબાઈ રહ્યા છે. ખેતીમાં અનિશ્ચિતતા વધતા ગ્રામીણ અર્થતંત્ર ભાંગી પડયું છે અને કુદરતી પ્રતિકૂળતાઓ સામે રક્ષણ આપવા માટેની સરકારી નીતિઓ માત્ર કાગળ પર સીમિત રહી ગઈ છે.

જાણકારોના મતે હાલમાં ભારતની સામાન્ય પ્રજા અર્થતંત્રના ચક્રવ્યૂહમાં ફસાઈ ગઈ છે. મોંઘવારી, ફુગાવો અને રૂપિયાનું ધોવાણ વગેરેના કારણે સામાન્ય




પ્રજાના ખિસ્સા ઉપર ભાર વધી ગયો છે.

સામાન્ય માણસનું રસોડું આજે સૌથી મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. ફુગાવાનો દર અને વધતી મોંઘવારીએ મધ્યમ અને ગરીબ વર્ગની કમર ભાંગી નાખી છે. યુએસ ડોલર સામે ભારતીય રૂપિયો સતત ઐતિહાસિક નીચલી સપાટીએ સ્પર્શી રહ્યો છે. વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલ અને અન્ય જરૂરી વસ્તુઓની આયાત મોંઘી થવાને કારણે દેશમાં મોંઘવારીનો ગ્રાફ ઊંચો જઈ રહ્યો છે. આ ઉપરાંત આયાત-નિકાસનું અસંતુલન સર્જાયું છે. વૈશ્વિક સ્તરે ચાલતા યુદ્ધો (રશિયા-યુક્રેન, મધ્ય પૂર્વના તણાવ) અને અમેરિકાની આર્થિક નીતિઓ તથા ટેરિફ વોરના કારણે ભારતની નિકાસ પ્રભાવિત થઈ છે. વેપાર ખાધ વધવાથી દેશના વિદેશી મુદ્રા ભંડાર પર દબાણ આવી રહ્યું છે. ચિંતાજનક બાબત એ છે કે, સરકારની નિંભરતા અને નિરસતાને કાણે સામાન્ય નાગરિકનું બજેટ ખોરવાયું છે. શાકભાજી, દૂધ, બળતણ, દવાઓ અને રાંધણગેસના ભાવ આસમાને પહોંચ્યા છે.

લોકોની ખરીદશક્તિ ઘટી રહી છે. લોકો પાસે બચત બચી નથી, અને જે કમાણી થાય છે તે દૈનિક જીવનજરૂરી વસ્તુઓમાં જ પૂરી થઈ જાય છે.

ઉલ્લેખનીય છે કે, આર્થિક સંકટનો સામનો કરતી પ્રજા ઉપર બેરોજગારી અને લાચારીનું પણ ગ્રહણ લાગેલું છે. દેશનું ભવિષ્ય જેના હાથમાં છે તે યુવાધન આજે ભારે નિરાશા અને આક્રોશના મોજાં હેઠળ છે. ભારત પાસે વિશ્વમાં સૌથી વધુ યુવા વસતિ છે, પરંતુ યોગ્ય નીતિઓના અભાવે આ યુવાશક્તિ વેડફાઈ રહી છે. શઈઈ, એ્મ-શઈ અને વિવિધ રાજ્ય સરકારોની ભરતી પરીક્ષાઓના પેપર્સ સતત લીક થવાની ઘટનાઓએ દેશના કરોડો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બનાવી દીધું છે. વર્ષો સુધી મહેનત કરનાર પ્રામાણિક વિદ્યાર્થીઓ નિરાશ થઈ રહ્યા છે. ઘણા વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે.

વિદ્યાર્થીઓ પર બર્બરતા : જ્યારે પોતાના હક, પારદર્શિતા અને ન્યાય માટે વિદ્યાર્થીઓ અને યુવાનો રસ્તા ઉપર ઉતરે છે, ત્યારે સરકાર તેમની માંગણીઓ સાંભળવા કે વ્યવસ્થા સુધારવાને બદલે પોલીસ બળનો ઉપયોગ કરીને આંદોલન દબાવવાનો પ્રયાસ કરે છે. તાજેતરમાં દિલ્હીમાં શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને બર્બર વ્યવહાર એ સત્તાના અહંકારનું પ્રતિક છે.

બીજી ચિંતાજનક બાબત એ છે કે, આપણા દેશમાં યોગ્ય રોજગારીનો અભાવ છે. ડિગ્રીઓ હાથમાં લઈને ફરતા કરોડો યુવાનો માટે બજારમાં યોગ્ય નોકરીઓ નથી. સરકારી ક્ષેત્રોમાં લાખો જગ્યાઓ ખાલી પડી છે પરંતુ ભરતીઓ અટકેલી છે. એન્જિનિયરિંગ અને પોસ્ટ ગ્રેજ્યુએશન કરેલા યુવાનો આજે ડીલિવરી બોય કે કેબ ડ્રાઈવર તરીકે કામ કરવા મજબૂર બન્યા છે, જેને 'રોજગારી'નું નામ આપીને સરકાર પોતાની નિષ્ફળતા છુપાવી રહી છે. લોકોની આર્થિક પરિસ્થિતિ ગીગ ઈકોનોમી ઉપર નિર્ભર થઈ ગઈ છે.

આ ઉપરાંત ચિંતાજનક સ્થિતિ એવી છે કે, દેશનું સરકારી તંત્ર અને વહીવટી માળખું આજે જડ અને ભ્રષ્ટ બની ચૂક્યું છે. તંત્રમાં પારદર્શિતાનો અભાવ છે અને ભ્રષ્ટાચાર નીચેના સ્તરથી લઈને ઉચ્ચ સત્તા સુધી વ્યાપી ગયો છે. સરકારી હોસ્પિટલોમાં યોગ્ય સારવાર કે દવાઓ નથી, સરકારી શાળાઓની હાલત ખરાબ છે, અને રસ્તાઓ પહેલા જ વરસાદમાં ધોવાઈ જાય છે. બ્રિજ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૂટી પડવાની ઘટનાઓ, હોસ્પિટલો, ટ્યૂશન ક્લાસિસ અને ગેમ ઝોન જેવા સ્થળોએ આગ લાગવાની ઘટનાઓએ દર્શાવે છે કે કમિશનખોરી અને ભ્રષ્ટાચાર કઈ હદે વધી ગયો છે.

ઉલ્લેખનીય છે કે, ભારત માત્ર આંતરિક રીતે જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ અનેક અસુરક્ષિતતાનો સામનો કરી રહ્યું છે. વિશ્વભરમાં ચાલી રહેલા યુદ્ધો અને આંતરરાષ્ટ્રીય સ્તરે બદલાતા રાજકીય સમીકરણોએ ભારતની વિદેશ નીતિ અને અર્થતંત્ર સામે મોટા પડકારો ઊભા કર્યા છે. અમેરિકા દ્વારા પોતાની આર્થિક સુરક્ષા માટે લેવાતા કડક નિર્ણયો અને આડોડાઈને કારણે ભારત જેવા વિકાસશીલ દેશોના વેપારને સહન કરવું પડે છે. દેશમાં ક્રૂડ અને ગેસની અછત છે. હાલમાં ૪૦ દેશો પાસેથી પરાણે પરાણે ક્રૂડ ખરીદવું પડે છે. આ ઉપરાંત વિદેશો દ્વારા ભારતીયોને હાંકી કાઢવાની અને હાંસિયામાં ધકેલવાની ઘટનાઓ વધી રહી છે.

અમેરિકાએ તો ભારતીયોને આતંકવાદીઓની જેમ સાંકળોથી બાંધીને ભારત તગેડી મુક્યા હતા અને ટ્રમ્પ સાથે મિત્રતાના બાંગો પોકારતા મોદી મુકદર્શક બની રહ્યા હતા. હકિકતે સરકાર પાસે દેશને આ વૈશ્વિક અને આંતરિક સંકટોમાંથી બહાર લાવવા માટે કોઈ સ્પષ્ટ દીર્ઘકાલીન 'વિઝન' નથી. તેના બદલે માત્ર ટૂંકા ગાળાના હેડલાઈન મેનેજમેન્ટ અને ચૂંટણીલક્ષી યોજનાઓ પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સૌથી દુ:ખદ બાબત એ છે કે આટલી બધી વાસ્તવિક સમસ્યાઓ હોવા છતાં, પ્રજાને એક આભાસી દુનિયામાં રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સતત ઉત્સવો, ઈવેન્ટ અને પીઆર પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે. મોટા મોટા ગ્લોબલ સમિટ, ઈવેન્ટ્સ અને રોડ-શો દ્વારા દેશમાં બધું જ બરાબર ચાલી રહ્યું છે તેવો આભાસ ઊભો કરવામાં આવે છે. પ્રજાને 'ફિલગુડ ફેક્ટર'માં તણાવવા માટે મજબૂર કરવામાં આવે છે, જેથી તેઓ પોતાના ખાલી ખિસ્સા અને ભવિષ્યની ચિંતાઓને ભૂલીને ભ્રમમાં જીવતા રહે.

જ્યારે કોઈ રાજકીય પક્ષ કે સરકાર લાંબા સમય સુધી વિપક્ષ વગર કે ભારે બહુમતી સાથે સત્તામાં રહે છે, ત્યારે ઘણીવાર લોકશાહીના મૂલ્યો નેવે મુકાઈ જાય છે. હાલમાં પરિસ્થિતિ એવી જ ઊભી થયેલી છે. પ્રજાના અવાજ પ્રત્યે અનાદર દાખવવામાં આવે છે. આજે શાસક પક્ષ મદ અને મમતમાં રાચી રહ્યો છે. લોકશાહીમાં પ્રજાના પ્રશ્નો, વિપક્ષના સૂચનો અને નિષ્ણાતોની સલાહને ધરાર અવગણવામાં આવી રહી છે. પ્રજાના વાસ્તવિક પ્રશ્નો (મોંઘવારી, બેરોજગારી, શિક્ષણ, આરોગ્ય) પર ચર્ચા કરવાને બદલે ધાર્મિક અને ભાવાત્મક મુદ્દાઓ આગળ ધરીને મૂળ મુદ્દાઓ પરથી ધ્યાન ભટકાવવામાં આવે છે. જો કોઈ વિરોધ કરે અથવા તો ટિપ્પણી કરે એટલે તેને દેશદ્રોહી અને આતંકવાદી કરાર આપી દેવામાં આવે છે. સરકારને અરિસો બતાવનારની હાલત ખરાબ કરી દેવાય છે. સરકારી એજન્સીઓનો રાજકીય લાભ માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં ચાલી રહેલું જેનઝી આંદોલન પણ તેનું જ પરિણામ છે. નીટ પેપર લીક મુદ્દે સરકારે દાખવેલી ઉદાસિનતા અને યુવાપેઢીનો આક્રોશ સામસામે આવી ગયો. યુવાનો દ્વારા ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામુ માગવામાં આવ્યું હતું.

# દેવ-શયની-પોઢી એકાદશી પ્રભુના ચરણોમાં શરણાગતિનો પવિત્ર દિવસ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

અષાઢ ઉચ્ચારમ્,મેઘ મલ્હારમ્ બની બહારમ્,જલધારમ્ દાદુર ડક્કારમ્,મયુર પુકારમ્ તડિતા તારમ્,વિસ્તારમ્ ના લહી સંભારમ્,

પ્યારો અપારમ્ નંદકુમારમ્

નિરખ્યારી કહે રાધે પ્યારી,હું બલિહારી ગોકુળ આવો ગિરધારી.

આકાશમાં જ્યારે અષાઢના વાદળો ઘેરાય અને ધરતી ભીની સુગંધથી મહેકી ઉઠે,ત્યારે હિંદુ કેલેન્ડર એક એવો દિવસ આવે છે જે ફક્ત વ્રતનો નહીં,પણ અંતરની જાગૃતિનો દિવસ છે. તે છે અષાઢ સુદ-૧૧ અગિયારસ-દેવ પોઢી શયની એકા દશી.વર્ષ ૨૦૨૬માં આ પુણ્ય તિથિ ૨૫મી જુલાઈના રોજ આવે છે.મેઘરાજાએ અષાઢ માસના પ્રથમ પખવાડિયાના અંતિમ તબક્કામાં ગુજરાતની ધરાને તરબ તર કરી દીધી છે.આ દિવસે જગત ના પાલન હાર ભગવાન શ્રી પ્રભુ વિષ્ણુ ક્ષીર સાગર માં શેષનાગની શૈયા પર યોગનિદ્રામાં પોઢે છે. તેમના શયન સાથે ચાતુર્માસનો પ્રારંભ થાય છે અને આપણા જીવનમાં બહારની દોડ અટકીને અંદરની યાત્રા શરૂ થાય છે. બહાર પ્રભુ વિશ્રામ કરે છે,તો અંદર આપણને આપણા હૃદય માં તેમને જગાડવાનું આમંત્રણ મળે છે. આ જ દેવશયની પોઢી એકાદશીનું સાચું રહસ્ય છે.એકાદશી-સૌ વ્રતોમાં શ્રેષ્ઠ શાસ્ત્રોમાં એકાદશીને સર્વ વ્રતોનો રાજા કહ્યો છે.એક જ દિવસનું સાચા ભાવથી કરેલું વ્રત અનેક જન્મોના પાપને ધોઈ નાખે છે અને જીવને વૈકુંઠનો અધિકારી બનાવે છે. એકાદશીનો અર્થ જ છે 'અગિયાર ઇન્દ્રિયો પર સંયમ'પાંચ જ્ઞાનેંદ્રિય,પાંચ કર્મેદ્રિય અને મન આ અગિયારને ભગવાન માં સ્થિર કરવાનો દિવસ.

આ દિવસને પદ્મા એકાદશી પણ કહે છે, કારણ કે ભગવાન વિષ્ણુના નાભિકમળમાંથી બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ છે.તેથી આજે કરેલું જપ,તપ અને દાન હજારો ગણું ફળ આપે છે શાસ્ત્રોક્ત કથાઓ:ભક્તિનું બળ દેવ પોઢી-શયની એકાદશીનું મહત્વ સમજાવવા માટે પુરાણોમાં અનેક કથાઓ મળે છે.

*રાજા માંધાતાની કથા સૂર્યવંશી રાજા માંધાતાના રાજ્યમાં ત્રણ વર્ષ સુધી વરસાદ ન પડ્યો. ખેતરો તરસ્યા, પ્રજા દુ:ખી.બધા ઋષિ અંગિરાના આશ્રમે ગયા. ઋષિએ કહ્યું, 'આ સંકટનું નિવારણ એક જ છે આખી પ્રજાએ સાથે મળીને શ્રદ્ધાથી દેવ શયની પોઢી એકાદશી નું વ્રત કરો.' રાજાએ પ્રજા સાથે વ્રત કર્યું. નિર્મળ ભક્તિથી પ્રસન્ન થયેલા ભગવાને તરત જ મેઘ વરસાવ્યા. આ કથા શીખવે છે કે જ્યારે વ્યક્તિગત પુરુષાર્થ નિષ્ફળ જાય, ત્યારે સામૂહિક પ્રાર્થના અને શરણા ગતિ જ બચાવે છે.

*બલિ રાજા અને વામન ભગવાનની કથા દાનવીર બલિરાજાએ ત્રણ ડગ જમીન માગતા વામન સ્વરૂપને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું. છેલ્લે પોતાનું માથું પણ ધરી દીધું. આવા સમર્પણથી પ્રસન્ન થઈ ભગવાને વરદાન આપ્યું,'હું ચાતુર્માસના ચાર મહિના તારા દ્વારે રહીશ.'તેથી જ દેવપોઢીથી દેવઉઠી એકાદશી સુધી એવું માનવામાંઆવે છે કે ભગવાન ભક્તના ઘરમાં જ વાસ કરે છે. આપણા ઘરનું દરેક ખૂણો આ દિવસોમાં મંદિર બની જાય છે.

*યોગનિદ્રાની કથા એક વાર કઠોર તપથી પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુએ એક ભક્તને વરદાન માગવા કહ્યું.ભક્તે માગ્યું, 'પ્રભુ, ચાર મહિના તમે મારી આંખો માં રહો.' ભગવાને સ્વીકાર્યું. આથી જ કહેવાય છે કે ચાતુર્માસમાં આપણે આપણી આંખોને પણ સંયમિત રાખીએ, ખોટું ન જોઈએ, જેથી પ્રભુ તેમાં વાસ કરી શકે.

ચાતુર્માસ:બહારનું અટકે, અંદરનું જાગે દેવશયની પોઢી એકાદશીથી કારતક સુદ એકાદશી એટલે દેવઉઠી સુધીના ચાર મહિનાને ચાતુર્માસ કહે છે. આ સમયમાં લગ્ન,ગૃહપ્રવેશ,મોટા શુભકાર્યો બંધ રાખવામાં આવે છે. કારણ શું? કારણ એ છે કે મન બહારની ભાગદોડમાં ન ભટકે.

પ્રકૃતિ પણ આ સમયે વરસાદને કારણે અંતર્મુખ થાય છે. સંતો કહે છે, જ્યારે બહારનું બંધ થાય ત્યારે જ અંદરનો દરવાજો ખૂલે. આ ચાર મહિના તપ, જપ, દાન, સ્વાધ્યાય અને નામસ્મરણ માટે સર્વોત્તમ છે. ગીતા, ભાગવત, રામાયણ વાંચો. મૌન રાખો. સેવા કરો. આહારમાં સાત્વિકતા રાખો.

આધ્યાત્મિક રહસ્ય:શેષનાગ કોણ?કહેવાય છે કે ભગવાન શેષનાગની શૈયા પર સૂએ છે.પણ આ શેષનાગ બીજું કંઈ નહીં પણ'જાગૃતિ'છે. જ્યાં મનુષ્યના હૃદયમાં જાગૃતિરૂપી શેષનાગ હોય,ત્યાં જ ભગવાન ટકી શકે.અને આ જાગૃતિ સદગુરુની કૃપાથી જ મળે.

બહાર પ્રભુ પોઢે એટલે કે શયન કરે છે એનો અર્થ એ નથી કે તે સુતા છે. તે તો આપણા ભાવસાગરમાં હિલોળે છે. આપણે જાગીએ તો તે આપણામાં જાગે. આપણે સૂઈએ તો તે પણ આપણને સૂતો જ લાગે.

આ દિવસે શું કરવું?વ્રત શક્તિ અનુસાર નિર્જળ,ફળાહાર કે એક ટાણું વ્રત કરો.ખાવા કરતાં ખાવાનો ભાવ મોટો છે.

*પૂજા સવારે સ્નાન કરીને તુલસીને જળ ચઢાવો. ભગવાન વિષ્ણુને પીળા ફૂલ, તુલસીદલ અને ખીરનો ભોગ ધરાવો.

*નામસ્મરણ* ઓમ નમોનારાયણાય મંત્રનો જપ કરો. દરેક શ્વાસ સાથે નામ ગુંજે એવો અભ્યાસ કરો.

*દાન*અન્નદાન, વસ્ત્રદાન અને વિદ્યાદાન કરો.આ દિવસે કરેલું દાન અક્ષય બને છે.

*સંયમ*ક્રોધ,લોભ,ઈર્ષ્યાથી દૂરરહો વાણી મીઠી રાખો.હે દેવશયની પ્રભુ આ ચાતુર્માસ અમારા માટે ભક્તિ, સંયમ અને સમર્પણનું બને એવી કૃપા કરો. અમારા હૃદયમાંથી અહંકારરૂપી સર્પને દૂર કરીને તમારા નામનો વાસ કરાવો.સંસારના સુખ-દુ:ખમાં 'ના સુખ, ના દુ:ખ, સર્વ તારી ઈચ્છા' એવો ભાવ આપો જેથી મન સ્થિર રહે. અમારા દરેક શ્વાસમાં તમારું નામ ગુંજે,અને અમે તમારા ચરણોમાં જ શરણા ગતિ સ્વીકારીએ.

દેવશયની એકાદશી આપણને યાદ કરાવે છે કે જીવનની સાચી પ્રગતિ દોડવામાં નહીં, પણ થોભવામાં છે. જ્યારે જગતનો સ્વામી ચાર મહિના આરામ કરે છે, ત્યારે તે આપણને પણ કહે છે, 'થોડું થોભો, મારી તરફ વળો.'બહાર વરસાદ પડે અને અંદર ભક્તિનો વરસાદ થાય,તો જ આ ચાતુર્માસ સાર્થક થાય. આવો, આ ૨૫મી જુલાઈ ૨૦૨૬ના પવિત્ર દિવસે આપણે સૌ મળીને પ્રભુના ચરણોમાં શરણાગતિ સ્વીકારીએ અને આપણા અંતરમાં સૂતેલા નારાયણને જગાડીએ.કારણ કે જ્યાં ભાવ છે, ત્યાં જ ભગવાન છે. અને જ્યાં શરણાગતિ છે, ત્યાં જ મુક્તિ છે.જય માતાજી અસ્તુ.

# વ્યાસપીઠને હું એક પવિત્ર મંચ ગણું છું, મારી વ્યાસપીઠ મારું સર્વોત્તમ તીર્થ છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

માનસ કબંધની છઠ્ઠા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે કબંધ શબ્દ પર આપણે ઘણો સંવાદ કર્યો અને હજી એક નવો તર્ક આ શબ્દની વચ્ચે 'બં' આવે છે અને પછી 'ધ' અને છેલ્લે 'ક' મૂકી એક નવો શબ્દ બનાવીએ, તો એ બંધક બને છે. બંધકનો અર્થ થાય છે, કેદ થયેલાં, એક સારો એવો ગંધર્વ શ્રાપના બંધનમાં શા માટે આવ્યો, અને એ પણ ત્રણ ઋષિઓના શ્રાપનો બંધક બન્યો. આપણે એ ત્રણેય વિશેની કથાની વાત કરી! પરંતુ એવું શું થયું કે, એ બંધક બન્યો? અને આપણા જીવન સાથે એનો શું સંબંધ છે? એનું દર્શન કરીએ.

મારી તલગાજરડી આંખે હું જોઈ રહ્યો છું કે, પાંચ કારણથી આપણે બંધક બની જઈએ છીએ, હું અને આપ બધાં! જીવ સાથે કબંધનો ઊંડાણપૂર્વકનો કેવો નાતો છે? ગુરુકૃપાથી કબંધમાં મને પાંચ વસ્તુ દેખાય છે, જેને કારણે એ બંધક બન્યો. ગંધર્વ વધુ પડતા સ્વતંત્ર હોય છે, મહાભારત પણ એની ગવાહી આપશે! ઘણાં બધા એવા સ્થાનોમાં રજા વિના પ્રવેશ કરવાનો ગંધર્વ ને અધિકાર હોય છે, એ ગંદર્વને મળેલું સ્વાતંત્ર્ય છે. એમ આપણને સ્વાતંત્ર્ય મળી જાય તો એનો દુરુપયોગ ન થવો જોઈએ. કબંધે પ્રારબ્ધ કર્મ કે પછી કોઈ વિશેષ ઈષ્ટ કૃપાને કારણે થોડી ઘણી વિશેષતાઓ મળી, એનો ગર્વ કર્યો છે. તો આપણે બધા બંધક શા માટે છીએ? આત્મા તો બધાનો સારો છે, ખૂબ જ પ્યારો છે, પરંતુ આપણને અમુક વસ્તુનો અહંકાર આવી ગયો. ગંધર્વને પોતાના રૂપનો અહંકાર આવ્યો, એને યૌવનનો અહંકાર આવ્યો, અને વિદ્યા અને કલાનો અહંકાર આવ્યો. વિદ્યા વરદાન છે, પરંતુ જ્યારે એનો ગર્વ આવી જાય, અહંકાર આવી જાય, ત્યારે એ બંધક બનાવી શકે! અને સૌથી વધુ પોતાની વિશેષતાને કારણે ગમે ત્યારે અને ગમે ત્યાં પ્રવેશ કરવાનો અનાધિકાર ચેષ્ટા કરી, એટલા માટે એ ગંધર્વને કબંધ થવું પડ્યું. ગુરુકૃપાથી એક નિવેદન કરું કે, પરમ સ્વાતંત્ર્ય હોવા છતાં ઘણાં એવાં મંચ હોય છે, જ્યાં આપણે પ્રવેશ નથી કરી શકતાં. વ્યાસપીઠને હું એવો પવિત્ર મંચ ગણું છું, મારી વ્યાસપીઠ મારું સર્વોત્તમ તીર્થ છે, એની ઊંચાઈ કૈલાશ જેટલી છે, આપણે એને સમજી નથી શકતા કેમકે આપણે સંસારી લોકો છીએ. વ્યાસપીઠ નીલગીરીની ઊંચાઈ છે, વ્યાસપીઠ સંગમ રૂપી સિંહાસન પર બેસે છે, આમ તેમ નથી બેસતી, જ્યાં સૌનો સ્વીકાર હોય સૌનો સમન્વય હોય સંગમ હોય, જ્યાં કોઈનું અપમાન થતું હોય નહીં ,જ્યાં કર્મ, જ્ઞાન, અને ભક્તિ ત્રણેય એક જ જગ્યાએ મળી જતાં હોય.

કબંધ પાસે ત્રણ ગુરુઓ આવ્યાં, પરંતુ એને કોઈ ગુરુને આદર નથી આપ્યો, અને દુર્વ્યવહાર કર્યો! અને એ ગુરુઓ કોઈ સાધારણ ન્હોતા, દુર્વાસા, અષ્ટાવક્ર, અને સ્થૂલસીરા, જેમનાં લોક મંગલનાં કાર્યમાં આ ગંધર્વે વિક્ષેપ કર્યો, અને એટલે ગંધર્વ કબંધ બન્યો. અન્ય ક્ષેત્ર તો ઠીક છે, પરંતુ ભજનમાં દંભ ન કરો, ઈર્ષા ન કરો, નિંદા ન કરો, જેવા છો તેવા જ જીવો, જેનામાં તમારી શ્રદ્ધા હોય એને દિવસમાં પાંચ દસ મિનિટ માટે યાદ કરતા રહો. સંબંધ વિશેની એક બીજી કથા છે કે એ જ્યારે હિમાલયની યાત્રામાં હતો, અને માન સરોવર નજીક હતું, ત્યારે મધ્યરાત્રીએ માન સરોવરમાં સ્નાન કરવા ગયો, અને શાપિત થઈ ગયો. જળ તત્વ પણ સાધના કરે છે, અને એનો નિશ્ચિત સમય હોય, ત્યારે ગમે તેટલો અધિકાર હોય તોય એને વિક્ષેપ કરવો જોઈએ નહીં! કથા એવી છે કે વરૂણદેવ દ્વારા શ્રાપિત થયો. પૃથ્વી ક્રૌંચનાં આરણ્યમાં સાધિકાનાં પુત્રએ પણ શ્રાપ આપ્યો હતો. માનસનો અયોધ્યા કાંડ ઇન્દ્રિયોને બદલવાની પ્રક્રિયા છે. જસુ તુમ્હાર માનસ બિમલ હંસિનિ જીહા જાસુ , વાલ્મિકી કહે છે દુનિયામાં જે કોઈની જીભ હંસીની બનીને મોતીનો ચારો ચરે છે, એની જીભ બદલી ગઈ છે. જેની નાસિકા ઈશ્વર કૃપા અનુભવે, આપના પ્રસાદનો જ અનુભવ કર્યા કરે, એ ઈન્દ્રિય બદલી છે. ચરન રામ તીરથ ચલિ જાહી, જેમના ચરણ પવિત્ર સ્થાનો તરફ ગતિ કરતા હોય, એ પગ બદલી ગયા છે. જિન્હકે શ્રવણ સમુદ્ર સમાના, જેના કાન સમુદ્ર જેવા થઈ જાય, અને નદીની માફક ભગવત ચર્ચા એના કાનમાં આવતી રહે, એનાં કાન બદલી ગયા સમજવા. 'લોચન ચાતક જીન્હ કરિ રાખે 'જેમણે નેતૃથી માત્ર શુભ દર્શન કર્યું છે.

માણસ પોતાના જીવનમાં પાંચ દસ મિનિટ એકાંતમાં ચૂપચાપ બેસે તો ખ્યાલ આવે કે પોતાનું અસલી રૂપ કેવું છે આત્મચિંતન બહુ જરૂરી હોય છે અને આત્મચિંતન માટે કામ તો બહુ જરૂરી છે શંકરાચાર્ય કહે છે એકાંતે સુખમાસ્યતાં, એકાંતના આદિ હોય એને ચાવી મળી ગઈ!

બહુ જ ઊંડાણથી એક વાત કરું, જે ગુરુકૃપાથી મારી સમજમાં આવી છે. વ્યાસપીઠ પરથી જે ભાષા બોલવામાં આવે છે, એ દેવ ભાષા નથી, દેવ ભાષા એટલે કે સંસ્કૃત ચોક્કસ મહિમાવંત છે. વ્યાસપીઠ પરથી જે બોલાય છે એ પ્રાકૃત ભાષા પણ નથી, એ ગુજરાતી ભાષા પણ નથી, કોઈ ચોક્કસ ક્ષેત્રિય ભાષા પણ નથી, વ્યાસપીઠ પરથી બોલવાની એક માત્ર ભાષા, કેવલ મહાદેવ ભાષા છે, રચી મહેસ નિજ માનસ રાખા.

તલગાજરડામાં એ ખૂણામાં દાદા મને ચોપાઈઓ ખોલી ખોલીને એનું રહસ્ય સમજાવતા હતા! કે 'રામ બિલોકનિ બોલની ચલની', ઉત્તર કાંડનો એક પ્રસંગ છે, લંકાથી પાછાં આવ્યા પછી છ મહિના બાદ ભગવાન સૌને વિદાય આપે છે, એમાં એક વિદાય અંગદની પણ છે. અંગદ બહુ મોટો રામપ્રેમી છે, એને રામને છોડીને જવાની જરા પણ ઈચ્છા નથી, માટે એ ભગવાનને વારંવાર દંડવત કરે છે, અને વિચારે છે કે ભગવાન મને રડતો જોઈને કહે કે, અંગદ તું રોકાઈ જા! રામ પાસે છ મહિના રહ્યો, એણે જોયું કે ભગવાનની નજર કેટલી નિર્મળ છે!એનું ચિતવન કેટલું શાંત છે! તેઓ અમારી સાથે ચાલતા ચાલતા, હસતાં હસતાં વાત કરતાં અમને મળી રહ્યાં છે. દાદા એ કહ્યું કે આપણાં બધાંના શરીર પ્રાકૃત છે! પણ પરમાત્મા એ જેને કોઈ અંગ વિશિષ્ટ આપ્યું હોય તો એ અંગદ છે! તો આવા વિશેષ અર્થ આપનારી ભાષા મહાદેવ ભાષા છે.

સકલ અમાનુષ કરમ તુમ્હારે, કેવલ કૌશિક કૃપા સુધારે. માનસમાં ભગવાન રામને તેની ખુદની માતાઓ કહે છે કે હે રામ તે સુબાહોને માર્યો તાડકાને મારી ભગવાન શંકુનું સ્તુતિ પરશુરામજી આવ્યા અને તારાથી દીક્ષિત થઈને જયકાર કરીને ચાલ્યા ગયાં, આ માનવીય કર્મ નથી, ભલે તું અમારો પુત્ર છે, પરંતુ અમે જાણીએ છીએ. પણ પછી માતાને થયું કે અહંકાર આવી જશે, એટલે કહે છે કે આ કેવળ ગુરુકૃપાનું કારણ છે.પરમાત્મા એવા છે કે જે આપણું બધું લુંટાઈ ગયું હોય એ પાછું લાવી આપે, જે ગયું હોય એને ફરી પાછું બમણું કરી દે, સવાલ છે અખંડ વિશ્વાસનો! જે વ્યક્તિના કર્મ અમાનવીય હોય છે, એ કોઈની બગડેલી બાજી સુધારી શકે છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના આંબલી અને ઘુમા સહિતના વરસાદથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈ, સમીક્ષા બેઠક યોજી

## વરસાદી પાણીના સત્વરે નિકાલ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવા ઉચ્ચ અધિકારીઓને જરૂરી સૂચના આપતા મુખ્યમંત્રી

**અમદાવાદ, તા.24**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ શહેરમાં છેલ્લા બે દિવસમાં વરસેલા ભારે વરસાદને પગલે સર્જાયેલી પરિસ્થિતિનો તાગ મેળવવા શહેરના આંબલી વિસ્તારની સેન્ટોસા પાર્ક સોસાયટી તેમજ ઘુમાની હરિઓમ વિલા તથા ઈસ્કોન ગ્રીન સોસાયટી સહિતના ભારે વરસાદથી પ્રભાવિત વિસ્તારોની સ્થળ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ જાતે વરસાદી પાણીમાં ઊતરીને વિસ્તારોમાં ભરાયેલા પાણીના કારણે નાગરિકોને પડતી મુશ્કેલીઓ અને સમગ્ર પરિસ્થિતિનો પ્રત્યક્ષ તાગ મેળવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ નાગરિકો સાથે સંવાદ કરીને તેમને પડતી હાલાકી વિશે વિગતો મેળવી હતી. આ સમયે તેમની સાથે અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકા, પોલીસ સહિતના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે આયોજિત સમીક્ષા બેઠકમાં સ્થિતિની તલસ્પર્શી માહિતી મેળવી હતી. આ બેઠકમાં અમ્યુકો (AMC)ના અધિકારીઓ દ્વારા શહેરમાં છેલ્લા બે દિવસમાં ભારે વરસાદના કારણે પાણી ભરાવા, ભુવા પડવા, વૃક્ષો ધરાશાયી થવા



અને રોડ સેટલમેન્ટ સહિતની ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવી રહ્યો હોવાની વિગતો મુખ્યમંત્રીશ્રીને આપવામાં આવી હતી. જે મુજબ, શહેરમાં છેલ્લા બે દિવસથી સતત વરસતા વરસાદના કારણે મોસમનો સરેરાશ કુલ ૧૮.૪૨ ઈંચ (૪૫૭.૩૧ મી.મી.) વરસાદ નોંધાયો છે. શહેરના બાકરોલ, બોપલ, સરખેજ અર્બન અને જોધપુર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હતો. આ પરિસ્થિતિને ધ્યાને રાખી વાસણા બેરેજના ૨૨ દરવાજા ખોલવામાં આવ્યા છે.

વરસાદી પાણીના ત્વરિત નિકાલ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૪૨ સ્ટોર્મ વોટર પમ્પિંગ સ્ટેશનના ૨૪૫ પમ્પ તથા ૮૩ ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનના ૩૦૫ પમ્પ પૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત કરાયા છે. જ્યારે નીચાણવાળા વિસ્તારો માટે ૪૦ વાહન માઉન્ટેડ હેવી ડિ-વોટરિંગ પમ્પ (વરુણ પમ્પ) તહેનાત કરવામાં આવ્યા છે.

આ માટે કુલ ૧૨૯ જેટલી ડિસિલ્ટિંગ મંડળીઓ, ૪૦૦ જેટલા મજૂરો, ૭૨ ટ્રેક્ટર/છોટા હાથી, ૮ JCB, ૪૦ ફાઈટર પમ્પ અને દરેક વોર્ડમાં ERT ટીમો તહેનાત કરાઈ હોવાનું અમ્યુકો કમિશનર દ્વારા જણાવવામાં આવ્યું હતું. બગીચા વિભાગ દ્વારા અત્યાર સુધીમાં અંદાજિત ૩,૯૫૮ વૃક્ષોના ટ્રીમિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું હતું કે પાલડી મોનસૂન કંટ્રોલરૂમ ખાતેથી SCADA સિસ્ટમ, Real Time Monitoring ડેશબોર્ડ અને ૧,૧૩૯ CCTV કેમેરા મારફત સતત ઓનલાઈન નિરીક્ષણ થઈ રહ્યું છે. વાહનોની સલામતી માટે દક્ષિણી, ચાંદલોડિયા અને ચાંદખેડા અંડરપાસ બંધ રાખવામાં આવ્યા છે, જે પરિસ્થિતિ સામાન્ય થતાં તુરંત જ પુનઃ શરૂ કરવામાં આવશે. પાવર અને ટ્રાફિકની સમસ્યાઓ ઉકેલવા ટોરેન્ટ પાવર અને ટ્રાફિક પોલીસનો સ્ટાફ કંટ્રોલરૂમ ખાતે હાજર હોવાનું જણાવી તેમણે કહ્યું કે આજે સુધીમાં પાણી ભરાવાની કુલ ૧૬૯ ફરિયાદોનો નિકાલ કરાયો છે, જ્યારે ૧૦૭ પર કામગીરી ચાલુ છે. આ સિવાય , ઝાડ પડવાની ૬૭ ફરિયાદોમાંથી ૪૩નો નિકાલ કરવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને શહેરની કોઈ પણ સોસાયટીમાં પાણી ભરાયેલું ન રહે તે માટે રાહત કામગીરીને ઝડપી બનાવવા જરૂરી સૂચનાઓ આપી હતી. તદુપરાંત, આગામી સમયમાં પણ વરસાદ જેવી પરિસ્થિતિમાં આ પ્રકારની સ્થિતિ ન સર્જાય તે પ્રકારની તકેદારી રાખવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વરસાદ બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્વચ્છતા અને આરોગ્ય વિષયક કામગીરીને પ્રાધાન્ય આપવા પર પણ મુખ્યમંત્રીશ્રીએ ભાર મૂક્યો હતો.

મુખ્યમંત્રીશ્રીની આજની આ સ્થળ મુલાકાત અને સમીક્ષા બેઠકમાં અમદાવાદ મહાનગરપાલિકાના મેયર હિતેશ બારોટ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ થેન્નારસન, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ વિક્રાંત પાંડે, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિત સંબંધિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ જિલ્લામાં વરસાદી પરિસ્થિતિ પર જિલ્લા વહીવટી તંત્ર સતત સતર્ક: કલેક્ટર ભવ્ય વર્મા

- ધોળકા, વિરમગામ અને ધંધુકામાં ભારે વરસાદ વચ્ચે 430થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર, 40 લોકોનું સફળ રેસ્ક્યુ કરાયું
- બે આર્મી, એક NDRF અને બે SDRF ટીમો તહેનાત; અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ

**અમદાવાદ, તા.24**

અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા 24 કલાક દરમિયાન પડેલા અતિભારે વરસાદને પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. અમદાવાદ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ જણાવ્યું હતું કે ધોળકા, વિરમગામ અને ધંધુકા તાલુકામાં 600 મી.મી.થી વધુ વરસાદ નોંધાયો છે. જોકે આજે સવારે 8 વાગ્યા બાદ વરસાદની તીવ્રતામાં ઘટાડો થતાં પરિસ્થિતિમાં આંશિક રાહત અનુભવાઈ રહી છે. છેલ્લા ચારથી પાંચ કલાક દરમિયાન ધોળકા તાલુકાના કેટલાક વિસ્તારો સિવાય અન્યત્ર નોંધપાત્ર વરસાદ પડ્યો નથી.

તેમણે જણાવ્યું કે જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસના સંકલિત પ્રયાસોથી સાવચેતીના ભાગરૂપે 430થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે, જ્યારે પાણીના ભરાવમાં ફસાયેલા લગભગ 40 લોકોનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. તેમાં ગંભીર પરિસ્થિતિમાં ફસાયેલા છ લોકોને SDRFની ટીમે સલામત બહાર કાઢ્યા હતા. સ્થળાંતરિત કરાયેલા લોકોમાં 40 ગર્ભવતી મહિલાઓનો પણ સમાવેશ થાય છે. તેઓને સમયસર સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવતા ચારથી પાંચ મહિલાઓની સફળ પ્રસૂતિ થઈ છે અને માતા તથા નવજાત બંને સ્વસ્થ છે.

વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ધોળકા તાલુકાને સૌથી વધુ સંવેદનશીલ જાહેર કરીને ત્યાં એક આર્મી યુનિટ અને એક NDRF ટીમ તહેનાત કરવામાં આવી છે. બાવળા નજીક રાજકોટ હાઈવે પર આવેલી ગેલેક્સી અને ઝાયડસ ઈન્ડસ્ટ્રીઝમાં પાણી ભરાવાને કારણે ફસાયેલા શ્રમિકોના રેસ્ક્યુ માટે એક આર્મી અને એક SDRF ટીમ કાર્યરત છે, જ્યારે વિરમગામમાં પણ એક SDRF ટીમ સતત બચાવ કામગીરીમાં જોડાઈ છે. જિલ્લામાં હાલ કુલ બે આર્મી, એક NDRF અને બે SDRF ટીમો વિવિધ સ્થળોએ બચાવ કામગીરીમાં કાર્યરત છે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે એડિશનલ કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટરો, પોલીસ અધિકારીઓ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરો સહિત સમગ્ર વહીવટી તંત્ર સતત મેદાનમાં રહી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. હાલમાં ગ્રામ્ય વિસ્તારમાં 11 રસ્તાઓ બંધ છે, જેમાં મોટાભાગના પંચાયત વિસ્તારના માર્ગોનો સમાવેશ થાય છે, જ્યારે રાજ્ય માર્ગો પર વાહનવ્યવહાર પૂર્વવત થઈ ગયો છે.

તેમણે કહ્યું કે વરસાદના પાણી ઓસર્યા બાદ જિલ્લા પંચાયત દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વે અને સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે તેમજ નુકસાનગ્રસ્ત પરિવારોને ત્વરિત સહાય પહોંચાડવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા ફૂડ પેકેટની પૂરતી વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેથી જરૂરિયાત મુજબ અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક વિતરણ કરી શકાય.

જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ જણાવ્યું હતું કે અમદાવાદ જિલ્લામાં આજે પણ રેડ એલર્ટ છે. આગામી કલાકો દરમિયાન સતર્કતા જાળવવી અત્યંત જરૂરી હોવાથી નાગરિકોને અનિવાર્ય કામ સિવાય ઘર બહાર ન નીકળવા તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે.

# નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર ખડે પગે

- શેલાના ઈન્દિરા આવાસના ૩૬ નાગરિકોને શેલા પ્રાથમિક શાળામાં સુરક્ષિત આશ્રય આપી ભોજન સહિતની વ્યવસ્થા કરવામાં આવી
- સાણંદ-નળસરોવર માર્ગ તથા વિરમગામના વનથલ-જાલમપુરા રોડ પર ધરાશાયી થયેલું વૃક્ષ તાકીદે દૂર કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાયો
- સાણંદ-બાવળા હાઈવે પર માર્ગ અને મકાન વિભાગ અમદાવાદ દ્વારા ડિવાઈડર તોડી પાણી નિકાલની કામગીરી હાથ ધરાઈ

**અમદાવાદ, તા.24**

અમદાવાદ જિલ્લામાં વર્તમાન વરસાદી સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર પૂર્ણપણે સજ્જ અને સતર્ક બન્યું છે. પ્રજાજનોની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક ધોરણે વિવિધ રાહત અને કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

અમદાવાદના શેલા વિસ્તારમાં આવેલી ઈન્દિરા આવાસ યોજનામાંથી ૩૬ જેટલા અસરગ્રસ્ત નાગરિકોને સલામત રીતે 'શેલા પ્રાથમિક શાળા' ખાતે ખસેડવામાં આવ્યા છે. તંત્ર દ્વારા તેઓને રહેવા તથા ભોજન સહિતની તમામ જરૂરી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે અને હાલ તમામ નાગરિકો સંપૂર્ણપણે સુરક્ષિત અને કુશળ છે.



આ ઉપરાંત, વરસાદના કારણે સાણંદ-નળસરોવર માર્ગ પર તથા વિરમગામના વનથલ-જાલમપુરા રોડ પર વૃક્ષ ધરાશાયી થવાની ઘટના બનતાં જ તંત્રની ટીમે સ્થળ પર પહોંચી તાત્કાલિક વૃક્ષને રસ્તા પરથી દૂર કર્યું હતું અને હાલ આ માર્ગ પર વાહનવ્યવહાર પૂર્વવત તથા સુરક્ષિત રીતે શરૂ કરી દેવામાં આવ્યો છે.

વધુમાં સાણંદ-બાવળા હાઈવે ઉપર ડિવાઈડર સુધી પાણી ભરાતા માર્ગ અને મકાન વિભાગ અમદાવાદ દ્વારા ડિવાઈડર તોડી પાણી નિકાલની કામગીરી કરવામાં આવી.

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને વરસાદ દરમિયાન સાવચેતી રાખવા અને ઈમરજન્સીની સ્થિતિમાં સરકારી હેલ્પલાઈનનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

# અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રની ત્વરિત કામગીરી બાદ વિરમગામના જક્ષી-ભાડાણા-અશોકનગર રોડ પરથી વૃક્ષો દૂર કરી વાહનવ્યવહાર પુનઃ શરૂ કરાયો



**અમદાવાદ, તા.24**

અમદાવાદ જિલ્લાના વિરમગામ પંથકમાં ભારે પવન સાથે પડેલા વરસાદના કારણે જક્ષી-ભાડાણા-અશોકનગર માર્ગ પર મોટા વૃક્ષો ધરાશાયી થવાની ઘટના સામે આવી હતી. રસ્તા પર વૃક્ષો પડી જવાથી વાહનવ્યવહાર ખોરવાયો હતો અને સ્થાનિક વાહનચાલકો તથા રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા સ્થળ પર જેસીબી મશીન મોકલીને રોડ પર પડેલા વૃક્ષો અને અન્ય અવરોધોને સમયસૂચકતા વાપરીને રસ્તા પરથી દૂર કરવામાં આવ્યા હતા.

માર્ગ અને મકાન વિભાગની આ ત્વરિત કામગીરીને પગલે જક્ષી-ભાડાણા-અશોકનગર રોડ પર વાહનવ્યવહાર ટૂંક સમયમાં જ પૂર્વવત અને સંપૂર્ણપણે સુરક્ષિત કરી દેવામાં આવ્યો છે.

ચોમાસાની ઋતુ દરમિયાન નાગરિકોની સુવિધા અને સલામતી જળવાઈ રહે તે માટે તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડ પર છે અને સતત કાર્યરત રહીને નાગરિકોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે કટિબદ્ધ છે.

# અમદાવાદમાં છેલ્લા બે દાયકાનો ઐતિહાસિક વરસાદ, 20 ઈંચથી વધુ વરસાદ વચ્ચે AMC દ્વારા યુદ્ધના ધોરણે રેસ્ક્યુ, પાણીના નિકાલ અને સફાઈ અભિયાન

**અમદાવાદ, તા.24**

અમદાવાદ શહેરમાં છેલ્લા લગભગ 20 વર્ષમાં એક જ સમયગાળામાં પડેલા સૌથી ભારે વરસાદની સ્થિતિ વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ સતત મેદાનમાં રહીને રાહત અને બચાવ કામગીરી કરી રહી છે. ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું સમગ્ર તંત્ર સજ્જ કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી દિનેશ ગુરવ તેમજ AMCના ચીફ એન્જિનિયર શ્રી ઋષિ પંડ્યા સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા કંટ્રોલ રૂમ તેમજ ફિલ્ડમાં રહીને પરિસ્થિતિનું સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની એ આ બાબતે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, તા. 23 જુલાઈના સવારે વરસાદ શરૂ થયા બાદ તા. 24 જુલાઈના સાંજે 5:00 વાગ્યા સુધી શહેરના વિવિધ વિસ્તારોમાં અતિભારે વરસાદ નોંધાયો છે. આ સમયગાળામાં સૌથી વધુ વરસાદ દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં સરેરાશ 458.33 મિ.મી. નોંધાયો છે, જ્યારે ઉત્તર-પશ્ચિમ ઝોનમાં 395.21 મિ.મી., મધ્ય ઝોનમાં 373.38 મિ.મી., પશ્ચિમ ઝોનમાં 346.79 મિ.મી., ઉત્તર ઝોનમાં 276.70 મિ.મી., દક્ષિણ ઝોનમાં 274.13 મિ.મી. અને પૂર્વ ઝોનમાં 217.13 મિ.મી. વરસાદ નોંધાયો છે. શહેરમાં સૌથી વધુ વરસાદ બોપલ વિસ્તારમાં 504.3 મિ.મી. એટલે કે અંદાજે 20 ઈંચથી વધુ નોંધાયો છે, ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિને પહોંચી વળવા AMC દ્વારા તમામ 42 સ્ટોર્મ વોટર પમ્પિંગ સ્ટેશન સતત કાર્યરત રાખવામાં આવ્યા છે. શહેરભરમાં કુલ 107 પંપ વિવિધ સ્થળોએ કાર્યરત રાખીને વરસાદી પાણીના નિકાલની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે. વરસાદી પાણી ભરાયેલા 126 સ્થળોમાંથી 52 સ્થળોએ પાણીનો સંપૂર્ણ નિકાલ કરી દેવામાં આવ્યો છે, જ્યારે બાકીના 74 સ્થળોએ વિવિધ પંપ અને મશીનરીની મદદથી પાણીના નિકાલની કામગીરી સતત ચાલુ છે. જરૂરિયાત મુજબ બહારથી પણ વધારાના પંપ ઉપલબ્ધ કરાવીને કામગીરીને વધુ ગતિ આપવામાં આવી છે.

ભારે વરસાદ દરમિયાન ફાયર વિભાગ અને AMCના વિવિધ વિભાગોએ અનેક સ્થળોએ રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. શંકરભુવનની ચાલીમાંથી આશરે 200 લોકોને સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યા હતા. જ્યારે સાબરમતીના છારાનગર વિસ્તારના રબારીવાસમાંથી 11 લોકોને ફાયર વિભાગ દ્વારા સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. શહેરમાં ઝાડ પડવાની 173 ફરિયાદો તેમજ સ્ટ્રીટ લાઈટ સંબંધિત 46 ફરિયાદો પ્રાપ્ત થઈ હતી, જેનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવી રહ્યું છે.

શહેરના અંડરપાસોની સ્થિતિમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. ગઈકાલે 11થી વધુ અંડરપાસ બંધ કરવાની ફરજ પડી હતી, પરંતુ સતત કામગીરીના પરિણામે હાલમાં માત્ર ચાંદલોડિયા અંડરપાસ જ બંધ રાખવામાં આવ્યો છે, જેને પરિસ્થિતિ અનુકૂળ બનતા શરૂ કરવામાં આવશે. BRTS અને AMTS સેવાઓ પણ વોટરલોગિંગવાળા મર્યાદિત વિસ્તારોને બાદ કરતાં મોટાભાગે નિયમિત રીતે કાર્યરત રહી હતી.આરોગ્ય અને સ્વચ્છતાને પ્રાથમિકતા આપતાં AMCના હેલ્થ વિભાગે અત્યાર સુધીમાં આશરે 76 હજાર ક્લોરીનની ગોળીઓનું વિતરણ કર્યું છે. વરસાદી પાણી ઓસરતા જ સમગ્ર શહેરમાં વિશેષ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અતિવૃષ્ટિગ્રસ્ત બોપલ વિસ્તારની મુલાકાત લીધી



**અમદાવાદ, તા.24**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સવારે અતિવૃષ્ટિગ્રસ્ત બોપલ વિસ્તારની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીની આ મુલાકાતમાં કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ તથા અમદાવાદ શહેરના મેયર હિતેશ બારોટ પણ જોડાયા હતા.

ભારે વરસાદને કારણે બોપલ વિસ્તારમાં સર્જાયેલી જળબંબાકારની સ્થિતિનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ પોતે પાણીમાં ઊતરીને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીએ કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ, અમદાવાદના મેયર હિતેશ બારોટ તેમજ મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ એમ. થેન્નારસન, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની તેમજ પોલીસ કમિશનર અનુપસિંહ ગહલોત સહિતના વરિષ્ઠ અધિકારઓ સાથે સ્થળ પર જ મુલાકાત કરીને વરસાદી પાણીના નિકાલ, રાહત તથા બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીએ રાહત અને બચાવ કામગીરીને વધુ ઝડપી બનાવવા તેમજ જરૂરી માનવબળ, સાધનો અને વ્યવસ્થાઓ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવા અધિકારીઓને સ્થળ પર જ સૂચનાઓ આપી હતી.

# અમદાવાદ જિલ્લામાં અતિવૃષ્ટિ બાદ સાણંદ, વિરમગામ અને ધોળકામાં તંત્રનું રેસ્ક્યૂ ઓપરેશન, ફસાયેલા લોકોનું સલામત સ્થળાંતર......



**અમદાવાદ, તા.24**

અમદાવાદ જિલ્લામાં સાર્વત્રિક અને ભારે વરસાદના પગલે સર્જાયેલી વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા માટે જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ અને SDRFની ટીમો દ્વારા યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

સાણંદના સરી ખાતે આવેલા ગેલોપ્સ ઈન્ડસ્ટ્રિયલ પાર્કમાં પાણી ભરાઈ જતાં વિવિધ કંપનીઓના પ્લાન્ટ્સમાં અનેક કર્મચારીઓ ફસાઈ ગયા હતા. આ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને SDRFની ટીમે તાત્કાલિક બોટ મારફતે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી તમામ લોકોને સલામત સ્થળે ખસેડવાની ત્વરિત કામગીરી હાથ ધરી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્તો માટે આશ્રય તેમજ ખોરાક અને પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

બીજી તરફ, વિરમગામ શહેરના જોગમાયાનગર વિસ્તારમાં મુશળધાર વરસાદને કારણે પાણી ભરાઈ જતાં નાગરિકો મુશ્કેલીમાં મુકાયા હતા. સ્થાનિક પોલીસ અને જિલ્લા તંત્રના સંકલન થકી હાથ ધરવામાં આવેલા સફળ રેસ્ક્યૂ ઓપરેશનમાં આશરે 150 જેટલા નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

આ ઉપરાંત, ધોળકાના ભગલપુર-લીલજપુર ખાતે આવેલા ડૉ. બી.આર. આંબેડકર કન્યા છાત્રાલયમાં પાણી ભરાતાં તંત્ર દ્વારા તાત્કાલિક રેસ્ક્યૂ કામગીરી હાથ ધરીને 45 દીકરીઓ અને 02 સ્ટાફ સભ્યોને સલામત રીતે બહાર કાઢી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

બચાવવામાં આવેલા તમામ નાગરિકો અને છાત્રાઓ માટે જરૂરી તમામ રાહત સામગ્રી, ખોરાક અને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. હાલ સમગ્ર અમદાવાદ જિલ્લામાં પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ છે અને વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને સાવચેત તેમજ સુરક્ષિત રહેવા માટે અપીલ કરવામાં આવી છે.

# ભારે વરસાદ વચ્ચે ડીઆરએમ વેદ પ્રકાશ એ પાણી ભરાયેલા રેલવે સેક્શનનું કર્યું નિરીક્ષણ

**અમદાવાદ, તા.24**



અમદાવાદમાં સતત થઈ રહેલા ભારે વરસાદને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં રેલવે ટ્રેક પર પાણી ભરાવાની સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ, જેનાથી સુરક્ષાની દ્રષ્ટીએ કેટલાક સમય માટે રેલવે સંચાલન પ્રભાવિત રહ્યું. પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ યાત્રીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતાં પાણી નિકાલ, ટ્રેકની દેખરેખ અને રેલવે સંચાલનને ઝડપથી સામાન્ય કરવા માટે યુદ્ધ સ્તરે રાહત અને પુનઃસ્થાપન કામોમાં લાગેલું રહ્યું.

આ જ ક્રમમાં અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ અસારવા ખાતે આવેલ રોડ ઓવર બ્રિજ (આરઓબી) ની પાસે પાણી ભરાવાથી પ્રભાવિત રેલવે સેક્શનના સ્થાને પહોંચીને નિરીક્ષણ કર્યું. તેમણે પ્રભાવિત વિસ્તારમાં રાહત અને પાણી નિકાસના કામોની વિગતવાર સમીક્ષા કરી તથા ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને પાણી નિકાલમાં ઝડપ લાવવા, ટ્રેક અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા સુનિશ્ચિત કરવા તથા તમામ નિશ્ચિત સુરક્ષા પરિમાણોનું પાલન કરતાં રેલવે સંચાલનને બને તેટલું વહેલું સામાન્ય કરવાના નિર્દેશ આપ્યા. નિરીક્ષણ દરમિયાન ડીઆરએમ એ સંબંધિત વિભાગોના અધિકારીઓની સાથે સંકલન સ્થાપિત કરી રાહત અને પુનઃસ્થાપન કામોની સતત દેખરેખ રાખી. તેમના માર્ગદર્શનમાં એન્જિનિયરીંગ, સંચાલન, વિદ્યુત અને અન્ય સંબંધિત વિભાગોની ટીમોએ સંકલિત અને ઝડપી કાર્યવાહી કરતાં જરૂરી કામ નિર્ધારિત સમયમાં પૂર્ણ કર્યા. યોગ્ય પાણી નિકાલ અને ટ્રેકની સુરક્ષા સંબંધિત તમામ જરૂરી પરીક્ષણો ઉપરાંત, રેલવેના નિર્ધારીત સુરક્ષા પરિમાણોનું પાલન કરતાં પ્રભાવિત રેલવે સેક્શન પર રેલવે સંચાલનનો પુનઃપ્રારંભ કરી દેવામાં આવ્યો.

# દિલ્હીમાં જ હોસ્ટ નહીં ગેસ્ટ તરીકે રમશે ટીમ ઈન્ડિયા!

# અફઘાનિસ્તાન સાથેની ટી20 સીરિઝનું શેડ્યૂલ જાહેર

**નવી દિલ્હી, તા.24**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની આગામી T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીના સત્તાવાર સમયપત્રકની જાહેરાત કરી દેવામાં આવી છે. આ શ્રેણીમાં અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ સત્તાવાર યજમાનની ભૂમિકા ભજવશે. અફઘાનિસ્તાનની આંતરિક સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને, આ સમગ્ર શ્રેણી ભારતમાં દિલ્હીના ઐતિહાસિક અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે યોજાશે.

તાજેતરમાં આયરલેન્ડ અને ઈંગ્લેન્ડના પ્રવાસ પર ટીમ ઈન્ડિયાને વ્હાઈટ-બોલ ક્રિકેટમાં ભારે પરાજયનો સામનો કરવો પડ્યો હતો, જેથી અફઘાનિસ્તાન સામેની આ હોમ સીરિઝ ભારતીય ટીમ માટે કમબેક કરવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

આગામી શ્રેણી પૂર્વે ભારતીય ટીમનું તાજેતરનું પ્રદર્શન ચિંતાજનક રહ્યું છે. ટીમ ઈન્ડિયા વિદેશી ધરતી પર એક પણ વ્હાઈટ-બોલ મુકાબલો જીતવામાં સફળ રહી નહોતી: આયરલેન્ડ પ્રવાસ: આયરલેન્ડ સામે રમાયેલી 2 મેચોની T20 શ્રેણીમાં યજમાન ટીમે ભારતને 2-0થી ક્લીન સ્વીપ કરીને મોટો આંચકો આપ્યો હતો.

ઈંગ્લેન્ડ પ્રવાસ: ત્યારબાદ ઈંગ્લેન્ડ સામે રમાયેલી 5 મેચોની T20 શ્રેણીમાં પણ ભારતીય ટીમનું પ્રદર્શન કથળેલું રહ્યું હતું અને ઈંગ્લેન્ડે ભારતને 4-0થી સજ્જડ શિકસ્ત આપી હતી.



આ સતત પરાજયના દબાણ બાદ, ભારતીય પસંદગીકારો અફઘાનિસ્તાન સામેની શ્રેણીમાં ટીમમાં મોટા ફેરફારો કરીને યુવા અને ફોર્મમાં રહેલા ખેલાડીઓને તક આપી શકે છે.

અફઘાનિસ્તાન સામેની શ્રેણીની તમામ મેચો દિલ્હીમાં રમાશે, જેનું શિડ્યુલ નીચે મુજબ છે: પ્રથમ T20 મેચ: 28 જુલાઈ 2026 - અરુણ જેટલી સ્ટેડિયમ, નવી દિલ્હી, દ્વિતીય T20 મેચ: 30 જુલાઈ 2026 - અરુણ જેટલી સ્ટેડિયમ, નવી દિલ્હી, તૃતીય T20 મેચ: 01 ઓગસ્ટ 2026 - અરુણ જેટલી સ્ટેડિયમ, નવી દિલ્હી, મેચનો સમય: તમામ મુકાબલા ભારતીય સમયાનુસાર સાંજે 7:00 વાગ્યે શરૂ થશે, જ્યારે મેચના ટોસ સાંજે 6:30 વાગ્યે કરવામાં આવશે.

અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ સુરક્ષાના કારણે ભારતના સ્ટેડિયમ્સને પોતાના 'હોમ ગ્રાઉન્ડ' તરીકે વાપરે છે. દિલ્હીની પિચો સ્પિન બોલિંગ માટે અનુકૂળ હોવાથી અફઘાનિસ્તાને આ મેદાન પસંદ કર્યું છે. રાશિદ ખાન, મુજીબ ઉર રહમાન અને નૂર અહેમદ જેવા દિગ્ગજ સ્પિનરોની હાજરીમાં અફઘાન ટીમ ભારતને તેની જ ધરતી પર આકરો પડકાર આપવા સક્ષમ છે. ઈંગ્લેન્ડ-આયરલેન્ડની હાર ભૂલીને ભારતીય બેટ્સમેનોએ અફઘાન સ્પિન આક્રમણ સામે શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે.

ભારતમાં આ શ્રેણીનું લાઈવ પ્રસારણ સ્પોર્ટ્સ 18 નેટવર્ક પર કરવામાં આવશે, જ્યારે ડિજિટલ પ્લેટફોર્મ પર ફેન્સ જીયો સિનેમા એપ અને વેબસાઈટ પર મફતમાં લાઈવ સ્ટ્રીમિંગ જોઈ શકશે. મેચની ટિકિટોનું ઓનલાઈન વેચાણ જલદી શરૂ કરી દેવામાં આવ્યું છે.

## વિદ્યાર્થીઓની વાત સાંભળવી જરૂરી: શુભમન ગિલ અને ઈરફાન પઠાણ પણ આંદોલનના સમર્થનમાં

**નવી દિલ્હી, તા.24**



ભારતીય ક્રિકેટ ટીમના યુવા ઓપનર શુભમન ગિલ અને પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાને દેશમાં ચાલી રહેલા મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET પેપર લીક વિવાદ અને તેના વિરોધમાં પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓના સમર્થનમાં સોશિયલ મીડિયા પર અત્યંત ભાવુક સંદેશ શેર કર્યા છે. દેશના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થઈ રહેલા ખિલવાડ અંગે ચિંતા વ્યક્ત કરતા બંને ક્રિકેટરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ મૂકીને પીડિત વિદ્યાર્થીઓ પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી છે.

ક્રિકેટના મેદાન પર દેશનું ગૌરવ વધારનારા આ બંને સ્ટાર્સ હવે દેશના યુવાઓ અને વિદ્યાર્થીઓના અધિકારો માટે અવાજ ઉઠાવતા આ બાબત સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહી છે. 'કોઈપણ પરીક્ષા માટે વર્ષો સુધી સખત મહેનત કરનારા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો જ્યારે આવા ભ્રષ્ટાચારનો ભોગ બને છે, ત્યારે તે જોવું અત્યંત દુઃખદાયક હોય છે. આ માત્ર પેપર લીક નથી, પરંતુ લાખો વિદ્યાર્થીઓની આશા, સપના અને તેમની સખત મહેનતનું ઘોર અપમાન છે. હું તમામ પીડિત વિદ્યાર્થીઓ અને આ મુશ્કેલ સમયમાં ન્યાય માટે લડી રહેલા યુવાનોની સાથે ઊભો છું.'

ગિલની આ ઈમોશનલ પોસ્ટે સોશિયલ મીડિયા પર લાખો યૂઝર્સનું ધ્યાન ખેંચ્યું છે અને લોકો તેની આ સામાજિક જાગૃતિની પ્રશંસા કરી રહ્યા છે.

'આપણા દેશનું ભવિષ્ય એવા આ યુવા વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરીને ન્યાય માંગવા મજબૂર બન્યા છે, તે દ્રશ્યો હૃદય તોડી નાખે તેવા છે. જે વિદ્યાર્થીઓ દિવસ-રાત એક કરીને ડોક્ટર બનવાનું અને દેશની સેવા કરવાનું સપનું જોતા હોય, તેમને આવી લાચારીનો સામનો કરવો પડે તે દેશ માટે ચિંતાજનક છે. આ બાબતમાં વહેલામાં વહેલી તકે પારદર્શક તપાસ થવી જોઈએ અને દોષિતોને સખતમાં સખત સજા મળવી જોઈએ જેથી કરીને ભવિષ્યમાં કોઈ ખેલાડી કે વિદ્યાર્થીના ભવિષ્ય સાથે આવો અન્યાય ન થાય.'

નોંધનીય છે કે રાષ્ટ્રીય સ્તરની તબીબી પ્રવેશ પરીક્ષામાં કથિત ગેરરીતિઓ, પેપર લીક અને પરિણામોમાં વિસંગતતાઓને લઈને છેલ્લા ઘણા સમયથી દેશભરના જુદા જુદા રાજ્યોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં પણ આ મામલો ઉઠાવવામાં આવ્યો હતો. તેવામાં સ્પોર્ટ્સ સેલિબ્રિટીઝ દ્વારા વિદ્યાર્થીઓના સમર્થનમાં આવવાથી આ આંદોલનને વધુ નૈતિક બળ મળ્યું છે.

## ટી-20 ક્રિકેટમાં 'કિંગ' ગેલનો ગઢ તૂટ્યો: જોસ બટલરે રચ્યો ઈતિહાસ

**લંડન, તા.24**



લંડનના ઐતિહાસિક લોર્ડ્સ મેદાન પર રમાયેલી 'ધ હન્ડ્રેડ 2026' ટૂર્નામેન્ટની એક રોમાંચક મેચ દરમિયાન ક્રિકેટ ઈતિહાસનો એક મોટો રેકોર્ડ તૂટી ગયો છે. ઈંગ્લેન્ડ ટીમના વિસ્ફોટક વિકેટકીપર-બેટ્સમેન જોસ બટલરે T20 ક્રિકેટમાં એક અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સ તરફથી રમી રહેલા જોસ બટલરે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ અને પૂર્વ ઓપનર ક્રિસ ગેલને પાછળ છોડીને વિશ્વમાં બીજા સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેન બનવાનું ગૌરવ મેળવ્યું છે.

લંડન સ્પિરિટ સામેની મેચમાં માન્ચેસ્ટર સુપર જાયન્ટ્સની ટીમે 7 રનથી નજીવો વિજય મેળવ્યો હતો. આ મેચમાં જોસ બટલરે ભલે મોટી ઈનિંગ્સ ન રમી હોય અને માત્ર 11 બોલમાં 16 રન (1 ચોગ્ગો અને 1 છગ્ગો) બનાવીને આઉટ થયો હોય, પરંતુ આ ટૂંકી ઈનિંગ્સ તેના માટે ઐતિહાસિક સાબિત થઈ હતી. આ 16 રનની મદદથી તેણે ક્રિસ ગેલના વર્ષો જૂના રેકોર્ડને તોડી નાખ્યો હતો.

જોસ બટલરના નામે હવે T20 ક્રિકેટની 487 ઈનિંગ્સમાં 146.74ના શાનદાર સ્ટ્રાઈક રેટ સાથે કુલ 14,572 રન નોંધાઈ ચૂક્યા છે. તેના T20 કરિયરમાં 9 સદી અને 102 અર્ધસદી સામેલ છે, જે તેની સાતત્યપૂર્ણ બેટિંગની સાક્ષી પૂરે છે. બીજી તરફ, રેકોર્ડબુકમાં ત્રીજા સ્થાને સરકી ગયેલા વેસ્ટ ઈન્ડિઝના 'યુનિવર્સ બોસ' ક્રિસ ગેલે પોતાના કરિયરની 455 ઈનિંગ્સમાં 144.75 ના સ્ટ્રાઈક રેટથી 14,562 રન બનાવ્યા હતા, જેમાં 22 સદી અને 88 અર્ધસદીનો સમાવેશ થાય છે.

વિશ્વમાં સૌથી વધુ T20 રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ હાલમાં વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ઓલરાઉન્ડર કિરોન પોલાર્ડના નામે છે. પોલાર્ડે 663 ઈનિંગ્સમાં 14,803 રન બનાવ્યા છે. જોસ બટલર હવે આ વૈશ્વિક યાદીમાં પ્રથમ સ્થાને પહોંચવાથી માત્ર 231 રન જ દૂર છે.

જોસ બટલર માટે આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ એટલા માટે પણ ખાસ છે કારણ કે છેલ્લા 18 મહિના તેના માટે ભારે ઉતાર-ચઢાવવાળા રહ્યા હતા. ICC મેન્સ T20 વર્લ્ડ કપમાં તે ખરાબ રીતે ફ્લોપ રહ્યો હતો અને 8 ઈનિંગ્સમાં માત્ર 87 રન જ બનાવી શક્યો હતો. જોકે, વર્ષ 2026માં તેણે જોરદાર વાપસી કરી છે. IPLમાં ગુજરાત ટાઈટન્સ તરફથી રમતા તેણે 152.46ના સ્ટ્રાઈક રેટથી 526 રન ફટકાર્યા હતા. ત્યારબાદ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારત સામેની અંતિમ T20 મેચમાં માત્ર 64 બોલમાં અણનમ 131 રનની તોફાની ઈનિંગ્સ રમીને તેણે પોતાના જૂના ફોર્મની ઝાંખી કરાવી હતી.

ઈન્ટરનેશનલ T20 ક્રિકેટની વાત કરીએ તો, બટલર 160 મેચમાં 4,212 રન સાથે ઈંગ્લેન્ડનો સૌથી સફળ બેટ્સમેન છે અને 3,000 તેમજ 4,000 રનનો આંકડો પાર કરનારો એકમાત્ર ઈંગ્લિશ ખેલાડી છે. તે વિશ્વમાં બાબર આઝમ (4,596) અને રોહિત શર્મા (4,231) પછી ત્રીજા ક્રમે આવે છે.

## શિલ્પા શેટ્ટી માટે વેલેન્ટાઇન ગિફ્ટ તરીકે રાજસ્થાન રોયલ્સમાં હિસ્સેદારી ખરીદી હતી: રાજ કુન્દ્રા.....

**મુંબઈ, તા.24**



ઉદ્યોગપતિ રાજ કુન્દ્રાએ કહ્યું છે કે તેમણે વર્ષ 2009માં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની ટીમ રાજસ્થાન રોયલ્સમાં કરેલું લગભગ 82 કરોડનું રોકાણ પત્ની અને અભિનેત્રી શિલ્પા શેટ્ટી માટે વેલેન્ટાઈન ડેની ખાસ ભેટ તરીકે કર્યું હતું. એક યૂટ્યુબ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં રાજ કુન્દ્રાએ જણાવ્યું કે રાજસ્થાન રોયલ્સે પ્રથમ IPL સીઝન જીત્યા બાદ તેમણે ટીમમાં 11.7 ટકા હિસ્સેદારી ખરીદી હતી. તેમણે કહ્યું, “મેં આ રોકાણ વેલેન્ટાઈન ગિફ્ટ તરીકે કર્યું હતું. મને લાગ્યું કે શિલ્પા પાસે મજબુત બ્રાન્ડ વેલ્યુ છે અને હું તેમાં રોકાણ કરી રહ્યો છું. મેં તે સમયે મારી હિસ્સેદારી ખરીદી હતી, પરંતુ આ મામલો હજુ પણ કોર્ટમાં ચાલી રહ્યો છે.”

રાજ કુન્દ્રાના જણાવ્યા અનુસાર, જ્યારે તેમણે રોકાણ કર્યું ત્યારે રાજસ્થાન રોયલ્સની વેલ્યુ આશરે 700 કરોડ હતી, જે આજે વધીને લગભગ 16,000 કરોડ સુધી પહોંચી ગઈ છે. તે સમયના અહેવાલો મુજબ તેમણે આશરે 81.9 કરોડનું રોકાણ કરીને ટીમમાં હિસ્સો મેળવ્યો હતો. રાજ કુન્દ્રાએ વર્ષ 2013માં સામે આવેલા IPL બેટિંગ વિવાદનો પણ ઉલ્લેખ કર્યો. આ આરોપો બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત જસ્ટિસ લોઢા સમિતિએ વર્ષ 2015માં તેમના પર ક્રિકેટ સંબંધિત તમામ પ્રવૃત્તિઓમાં આજીવન પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારબાદ રાજસ્થાન રોયલ્સને પણ 2016 અને 2017ની IPL સીઝનમાંથી સસ્પેન્ડ કરવામાં આવી હતી.

આ મામલે પોતાનો મત રજુ કરતા કુન્દ્રાએ કહ્યું, “હું પાંચ-છ વર્ષથી ટીમ સાથે જોડાયેલો હતો. પછી અમારા પર બેટિંગના આરોપ લાગ્યા. કેટલાક ખેલાડીઓ મેચ ફિક્સિંગ માટે સસ્પેન્ડ થયા અને અમને માલિક તરીકે બેટિંગ માટે પ્રતિબંધિત કરવામાં આવ્યા. અમારી વચ્ચે તો માત્ર મજાકમાં '500 રૂપિયાની શરત લાગશે?' જેવી વાતો થતી હતી. અમને ખબર નહોતી કે આવું પણ નિયમોના વિરુદ્ધ ગણાશે. આ કેસ હજુ પણ સુપ્રીમ કોર્ટમાં વિચારાધીન છે.” તેમણે એવો દાવો પણ કર્યો કે આ સમગ્ર મામલે રાજસ્થાન રોયલ્સના માલિકોમાં માત્ર તેમને જ જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા.

રાજ કુન્દ્રાએ જણાવ્યું કે IPLની શરૂઆતના વર્ષોમાં ટીમોને ખાસ નફો થતો નહોતો અને ફ્રેન્ચાઈઝીઓને સતત ફરીથી રોકાણ કરવું પડતું હતું. જોકે હવે સ્થિતિ સંપૂર્ણ બદલાઈ ગઈ છે. તેમના જણાવ્યા મુજબ, હાલમાં IPL ટીમોની આવકનો અંદાજે 70 ટકા હિસ્સો બ્રોડકાસ્ટિંગ રાઈટ્સમાંથી આવે છે, જ્યારે બાકીની આવક સ્પોન્સરશિપ અને ટિકિટ વેચાણમાંથી મળે છે. તેમણે દાવો કર્યો કે હાલ IPLની ટીમો દર વર્ષે અંદાજે 200 કરોડથી 500 કરોડ સુધીનો નફો કમાઈ રહી છે.

## અરિજિત સિંઘ પ્લેબેક સિંગિંગમાં પાછો નથી આવ્યો

### 'યે આવારાપન' બાદ શરુ થયેલી અટકળો પર ટીમનો જવાબ

**મુંબઈ, તા.24**

ફિલ્મ 'આવારાપન 2'નું નવું ગીત 'યે આવારાપન' રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર એવી અટકળો શરૂ થઈ હતી કે લોકપ્રિય ગાયક અરિજીત સિંહે પ્લેબેક સિંગિંગમાં વાપસી કરી છે. જોકે હવે અરિજિતની ટીમે આ તમામ અટકળો પર પૂર્ણવિરામ મુકતાં સ્પષ્ટ કર્યું છે કે અરિજીતે પોતાનો નિર્ણય બદલ્યો નથી. આ અંગેના અહેવાલ અનુસાર, અરિજીત સિંહના મેનેજરે જણાવ્યું કે હાલમાં કોઈ નવા ગીત સ્વીકારી રહ્યા નથી. તે માત્ર નિવૃત્તિની જાહેરાત પહેલાં સાઈન કરેલા પ્રોજેક્ટ્સ પર જ કામ કરે છે.

મેનેજરે જણાવ્યું, “અરિજીત માત્ર અગાઉથી નક્કી થયેલાં કામ પુરા કરી રહ્યો છે. પ્લેબેક સિંગિંગમાં તેની વાપસી થઈ નથી. હાલમાં જે ગીતો રિલીઝ થઈ રહ્યા છે, તે બધાં જુના કોન્ટ્રાક્ટનો જ ભાગ છે.”



આ વર્ષની શરૂઆતમાં અરિજીત સિંહે પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરીને ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધાં હતાં. જોકે ત્યારબાદ પણ તેના અવાજમાં ગીતો રિલીઝ થતાં રહ્યાં, જેના કારણે તે ફરી સક્રિય થયો હોવાની ચર્ચાઓ સતત ચાલી રહી હતી.

તાજેતરમાં 'આવારાપન 2'નું ગીત 'યે આવારાપન' મંગળવારે રિલીઝ થતાં ફરી એવી અટકળો તેજ બની હતી કે અરિજીતે પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો છે. બીજી તરફ, 'યે આવારાપન'ને શ્રોતાઓ તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. 'આવારાપન 2'ના સંગીત અંગે ચાહકોની અપેક્ષાઓ ઘણી ઊંચી હતી, કારણ કે મૂળ ફિલ્મ 'આવારાપન'નું સંગીત આજે પણ સંગીતપ્રેમીઓમાં અત્યંત લોકપ્રિય છે અને વર્ષો બાદ પણ તેનો અલગ જ ચાહક વર્ગ છે.

## અશ્નીર ગ્રોવરની બાયોપિકમાંથી આમિરની એક્ઝિટ

**મુંબઈ, તા.24**



સ્ટાર્ટઅપ જગતના વિવાદાસ્પદ ઉદ્યોગપતિ અશ્નીર ગ્રોવરના જીવન પર આધારિત બાયોપિક અંગેના અહેવાલો અનુસાર, આમિર ખાને સર્જનાત્મક મતભેદોને કારણે ફિલ્મમાંથી બહાર થવાનો નિર્ણય લીધો છે. હવે ડિરેક્ટર રાહુલ મોદી અને અભિનેત્રી શ્રદ્ધા કપૂર ફિલ્મ માટે નવા એક્ટરની શોધમાં લાગ્યા છે. થોડા મહિનાઓ પહેલાં એવા અહેવાલો આવ્યા હતા કે આમિર ખાન પ્રથમવાર દિગ્દર્શન ક્ષેત્રે પગ મુકનારા રાહુલ મોદી સાથે અશ્નીર ગ્રોવરની બાયોપિકમાં કામ કરશે. બાદમાં એવી પણ માહિતી સામે આવી હતી કે ફિલ્મમાં શ્રદ્ધા કપૂર મુખ્ય અભિનેત્રી તરીકે જોવા મળશે અને ફિલ્મનું શૂટિંગ માર્ચ 2027થી શરૂ થવાનું હતું. જોકે હવે સુત્રોના જણાવ્યા અનુસાર આમિર ખાને ફિલ્મની સ્ક્રિપ્ટ પર લાંબા સમય સુધી કામ કર્યું અને પોતાના સૂચનો પણ આપ્યા હતા. પરંતુ આખરે સ્ક્રિપ્ટને લઈને દિગ્દર્શક રાહુલ મોદી સાથે સર્જનાત્મક મતભેદ ઊભા થતા તેણે ફિલ્મથી અલગ થવાનો નિર્ણય લીધો છે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે, “આમિર ખાન સ્ટાર્ટઅપ્સની દુનિયાથી ખુબ પ્રભાવિત હતો અને અશ્નીર ગ્રોવરની બાયોપિક કરવા માટે ઉત્સાહિત પણ હતો. તેણે સ્ક્રિપ્ટને પોતાની સમજ પ્રમાણે વધુ મજબુત બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અંતે સર્જનાત્મક મતભેદોને કારણે બંનેએ અલગ થવાનું નક્કી કર્યું.”

બીજી તરફ, રાહુલ મોદી અને શ્રદ્ધા કપૂર આ પ્રોજેક્ટ પ્રત્યે હજુ પણ પ્રતિબદ્ધ છે. હાલમાં ફિલ્મ માટે અશ્નીર ગ્રોવરની ભૂમિકા ભજવી શકે તેવા અને યુવાન લેગા એવા એક્ટરની શોધ ચાલી રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ બે-ત્રણ જાણીતા કલાકારો સાથે ચર્ચા ચાલી રહી છે અને ટૂંક સમયમાં મુખ્ય કલાકારનું નામ નક્કી થઈ શકે છે. ફિલ્મમાં શ્રદ્ધા અશ્નીર ગ્રોવરની પત્નીનો રોલ કરશે એવા પણ અહેવાલો છે.

## 'કિંગ'ના સેટ પર શાહરૂખ ખાન સામે ડાયલોગ જ ભુલી ગયો હતો: રાઘવ જુયાલ

**મુંબઈ, તા.24**



ડાન્સર અને એક્ટર રાઘવ જુયાલે તાજેતરમાં જણાવ્યું છે કે શાહરૂખ ખાન સાથે ફિલ્મ 'કિંગ'નાં પહેલા સીનનું શૂટિંગ કરતી વખતે તે એટલો ભાવુક થઈ ગયો હતો કે પોતાના ડાયલોગ જ ભૂલી ગયો હતો. રાઘવે આ અનુભવને પોતાના જીવનની 'સપના જેવી ક્ષણ' ગણાવ્યો છે.

એક ઈન્ટરવ્યુમાં રાઘવે જણાવ્યું કે બાળપણથી જ તે શાહરૂખ ખાનનો મોટો ફેન રહ્યો છે. જ્યારે પહેલીવાર કેમેરા સામે શાહરૂખ સાથે અભિનય કરવાનો મોકો મળ્યો, ત્યારે બાળપણની અનેક યાદો તાજી થઈ ગઈ હતી. તેણે કહ્યું, “આ અનુભવ શબ્દોમાં વર્ણવી શકાય એવો નથી. પહેલીવાર જ્યારે કેમેરા સેટ થઈ રહ્યો હતો ત્યારે શાહરૂખ સર સામે હતા અને હું પણ ત્યાં હતો. તે ડાયલોગ બોલ્યા અને હું મારો ડાયલોગ જ ભુલી ગયો. બાળપણ યાદ આવી ગયું. સિંગલ સ્ક્રીન થિયેટરમાં તેમની ફિલ્મો પાંચ-છ વખત જોતો હતો. એ જ વ્યક્તિ આજે મારી સામે ઉભા રહીને ડાયલોગ બોલી રહ્યા હતા.” રાઘવે આગળ જણાવ્યું કે શાહરૂખ ખાનને કેમેરા સામે જવાબ આપવો તેના માટે અવિશ્વસનીય ક્ષણ હતી. તેમણે ઉમેર્યું, “મને લાગ્યું કે શાહરૂખખાન મને ડાયલોગ કહી રહ્યા છે અને હવે મારે તેમને જવાબ આપવાનો છે. હું તેમને કેવી રીતે જવાબ આપું? પરંતુ પછી મેં પોતાની જાતને સંભાળી અને કહ્યું કે સારું કામ કરવું છે. આખો અનુભવ ખૂબ જ અલૌકિક અને સપના જેવો હતો.”

અહેવાલો અનુસાર, 'કિંગ'માં રાઘવ જુયાલ મુખ્ય વિલન પૈકીના એક તરીકે જોવા મળશે. તે ફિલ્મમાં જેકી શ્રોફના પાત્રનાં પુત્રની ભૂમિકા ભજવશે અને ફિલ્મમાં શાહરૂખ ખાનના યુવાન અવતાર સાથે તેનો જબરદસ્ત મુકાબલો જોવા મળશે. સિદ્ધાર્થ આનંદ દ્વારા લખાયેલી અને નિર્દેશિત આ એક્શન થ્રિલરમાં શાહરૂખ ખાન, સુહાના ખાન, અભિષેક બચ્ચન, દીપિકા પાદુકોણ, અનિલ કપૂર, જેકી શ્રોફ, રાની મુખર્જી અને જયદીપ અહલાવત પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મ 24 ડિસેમ્બર, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. 'કિંગ' ઉપરાંત રાઘવ હવે પોતાની આગામી ફિલ્મ 'ભાઈ તેરા સ્ટાર હૈ'ની રિલીઝ માટે પણ તૈયાર છે. આ ફિલ્મ 30 જુલાઈએ દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# ક્વોન્ટાસના પ્રોજેક્ટ સનરાઇઝની પ્રથમ ટેસ્ટ ફ્લાઇટ ઓસ્ટ્રેલિયા પહોંચી: ફ્રાન્સથી 19 કલાકની ઉડાન ભરીને ઇતિહાસ રચ્યો

**નવી દિલ્હી, તા.24**

ઓસ્ટ્રેલિયન એરલાઈન ક્વોન્ટાસના વિમાને સૌથી લાંબુ અંતર કાપવાનો રેકોર્ડ બનાવ્યો છે. આ કોમર્શિયલ એરક્રાફ્ટે શુક્રવાર, 24 જુલાઈની સવારે ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં લેન્ડિંગ કર્યું.

વિમાને ફ્રાન્સના ટુલુઝ શહેરથી સ્થાનિક સમય અનુસાર ગુરુવારે સવારે 7:33 વાગ્યે ઉડાન ભરી હતી. 19 કલાક અને 13 મિનિટનો લાંબો પ્રવાસ કાપીને તેણે મેલબોર્નમાં ટચડાઉન કર્યું.

આ ઐતિહાસિક ટેસ્ટ ફ્લાઇટ દરમિયાન એરબસના 4 પાઇલટ અને 5 ફ્લાઇટ ટેસ્ટ એન્જિનિયર વિમાનમાં હાજર હતા. ટેસ્ટ ફ્લાઇટનો મુખ્ય હેતુ જેટના સ્પેશિયલ ફ્યુઅલ સિસ્ટમની તપાસ કરવાનો હતો.

આ વિમાનમાં 20 હજાર લિટરની એક વધારાની રીઅર સેન્ટર ફ્યુઅલ ટાંકી છે, જે સામાન્ય A350-1000 એરક્રાફ્ટમાં હોતી નથી. આ ફ્યુઅલ ટાંકી વિમાનને 22 કલાક સુધી સતત ઉડવાની ક્ષમતા આપે છે.

ક્વોન્ટાસ અનુસાર, આ વિમાન મેલબોર્નથી પાછું ટુલુઝ સ્થિત એરબસ મુખ્યાલય પરત ફરશે. આ પરત યાત્રામાં ક્વોન્ટાસના 2 પાઇલટ અને એરબસનો ટેસ્ટ ક્રૂ સવાર રહેશે.

ક્વોન્ટાસે વર્ષ 2017માં પહેલીવાર 'પ્રોજેક્ટ સનરાઇઝ'ની જાહેરાત કરી હતી અને 2022માં એરબસને 12 કસ્ટમાઇઝ્ડ A350-1000ULR એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યો હતો. પહેલા વિમાનની ડિલિવરી આ જ વર્ષે થવાની હતી, પરંતુ હવે તેમાં વિલંબ થયો છે અને પહેલું વિમાન એપ્રિલ 2027માં મળશે. ત્યારબાદ બાકીના 11 વિમાન આગામી અઢી વર્ષમાં ડિલિવર કરવામાં આવશે.

પ્રોજેક્ટ સનરાઇઝનો પહેલો કોમર્શિયલ રૂટ સિડની-લંડન હશે. ટિકિટોનું વેચાણ ફેબ્રુઆરીમાં શરૂ થશે અને ફ્લાઇટ્સ ઓક્ટોબર 2027થી શરૂ થશે. સિડની-ન્યૂ યોર્ક રૂટ પણ 2027ના છેલ્લા મહિનાઓમાં શરૂ થવાની અપેક્ષા છે. દરેક રૂટ પર દૈનિક સેવા માટે ક્વોન્ટાસને 3 એરક્રાફ્ટની જરૂર પડશે.

ભલે ટેસ્ટ ફ્લાઇટ મેલબોર્નમાં ઉતરી છે, પરંતુ મેલબોર્નથી લંડન કે ન્યૂ યોર્ક માટે સીધી ફ્લાઇટ ક્યારે શરૂ થશે, તે અંગે હાલમાં કોઈ સ્પષ્ટ સમયસીમા નક્કી નથી. ક્વોન્ટાસના સીઈઓ વેનેસા હડસને જણાવ્યું કે સિડની રૂટ શરૂ થયા પછી જ મેલબોર્ન પર ચર્ચા કરવામાં આવશે. કંપનીના ચીફ



ફાઇનાન્સિયલ ઓફિસર (CFO) રોબ માર્કોલિનાએ જણાવ્યું કે બજારનું મોટું કદ હોવાને કારણે સિડનીને મેલબોર્નની સરખામણીમાં પ્રાથમિકતા આપવામાં આવી છે.

ક્વોન્ટાસનો ઇરાદો પહેલા 6 વિમાનો પછી આવનારા એરક્રાફ્ટને પર્થ-લંડન અને ઓકલેન્ડ-ન્યૂ યોર્ક જેવા હાલના રૂટ્સ પર તૈનાત કરવાનો છે. આનાથી જૂના બોઇંગ 787 વિમાનો મુક્ત થશે, જેને શિકાગો, કેનેડા, દક્ષિણ અમેરિકા અથવા પર્થથી એથેન્સ અને આફ્રિકા જેવા નવા રૂટ્સ પર લગાડી શકાશે.

ક્વોન્ટાસના ચીફ ટેકનિકલ પાયલટ એલેક્સ પાસેરિનીએ જણાવ્યું કે સિડની-લંડન નોન-સ્ટોપ ફ્લાઇટ માટે એક અનોખો 'નોર્થ પોલર ફ્લાઇટ પાથ' ઉપયોગમાં લેવાશે. લગભગ 20% ફ્લાઇટ્સમાં, ખાસ કરીને ઉત્તરી ગોળાર્ધની શિયાળામાં, આ જ રૂટનો ઉપયોગ થશે.

અંતરની દ્રષ્ટિએ આ લાંબો લાગી શકે છે, પરંતુ વર્ષના ખાસ સમયમાં તેજ પવનોથી બચવા અને ઓછા એર ટ્રાફિકને કારણે આ રૂટ ખરેખરમાં સૌથી ઝડપી સાબિત થાય છે. આમાં વિમાન નોર્થ પેસિફિક, અલાસ્કા, ગ્રીનલેન્ડ અને આઇસલેન્ડ ઉપરથી પસાર થતા ઉત્તર દિશાથી લંડનમાં પ્રવેશ કરશે.

ક્વાન્ટાસના પ્લાનિંગ મુજબ, સિડનીથી લંડનની સૌથી ઝડપી ઉડાન 19 કલાક 25 મિનિટ અને સૌથી ધીમી 20 કલાક 55 મિનિટની હશે. જ્યારે લંડનથી સિડનીની ઉડાન 18 થી 20 કલાકની વચ્ચે ઝડપી રહેશે.

આ યાત્રા દરમિયાન યાત્રીઓ 9 થી 11 ટાઇમ ઝોન પાર કરશે (ન્યૂ યોર્ક રૂટ પર 14 થી 16 ટાઇમ ઝોન). 21 કલાક સુધી સતત પ્લેનમાં રહેવાથી યાત્રીઓને ઊંઘની કમી, થાક, જેટ લેગ અને ડિહાઇડ્રેશન જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

આનો સામનો કરવા માટે સિડની યુનિવર્સિટીના ચાર્લ્સ પર્કિન્સ સેન્ટરના પ્રોફેસર પીટર સિસ્ટુલીની મદદ લેવામાં આવી છે. તેમણે જણાવ્યું કે યોગ્ય સમયે ભોજન અને લાઇટિંગનો યોગ્ય ઉપયોગ બોડી ક્લોકને એડજસ્ટ કરવામાં ખૂબ મદદરૂપ થાય છે.

12 કલાકનો અંધકાર: કેબિનમાં 12 પ્રકારના લાઇટિંગ સીન્સ (જેમ કે સનરાઇઝ અને સનસેટ) તૈયાર કરવામાં આવ્યા છે. મુસાફરોને સુવડાવવા માટે કેબિનમાં સતત 12 કલાકનો અંધકાર રાખવામાં આવશે.

પ્રોટીનયુક્ત ભોજન: સૂતા પહેલા મુસાફરોને હળવું, ઓછી ચરબીવાળું અને વધુ પ્રોટીનયુક્ત ભોજન આપવાનું સૂચન છે. મુસાફરોને જાગૃત રાખવા માટે મસાલાનો વ્યૂહાત્મક ઉપયોગ કરવામાં આવશે. જોકે, આ ડાયટ વૈકલ્પિક રહેશે.

વેલનેસ ઝોન: પ્રીમિયમ ઇકોનોમી અને ઇકોનોમી ક્લાસ વચ્ચે એક ખાસ 'વેલનેસ ઝોન' બનાવવામાં આવ્યો છે, જ્યાં મુસાફરો ગાઇડેડ એક્સરસાઇઝ કરી શકશે. 'પ્રોજેક્ટ સનરાઇઝ' ઓસ્ટ્રેલિયન એરલાઇન ક્વાન્ટસની એક ઐતિહાસિક યોજના છે, જેનો હેતુ વિશ્વના કોઈપણ ખૂણાને ઓસ્ટ્રેલિયા સાથે સીધા (નોન-સ્ટોપ) જોડવાનો છે.

તેનું નામ બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન ઉડતી ગુપ્ત ફ્લાઇટ્સ પરથી રાખવામાં આવ્યું છે, જે એટલા લાંબા સમય સુધી હવામાં રહેતી હતી કે મુસાફરો તેમની મુસાફરી દરમિયાન બે વાર સૂર્યોદય જોતા હતા.

# ચાંદી આજે ₹2,924 સસ્તી, ₹2.19 લાખ પર આવી: સોનું ₹1,848 ઘટીને ₹1.42 લાખ પર આવ્યું

**નવી દિલ્હી, તા.24**

કીંમતી ધાતુઓના બજારમાં આજે એટલે કે ૨૪ જુલાઈએ મોટો ફેરફાર જોવા મળ્યો છે, જ્યાં સોના અને ચાંદી બંનેના ભાવોમાં નોંધપાત્ર કડાકો નોંધાયો છે. આ ઘટાડાના કારણે ઘરેણાં ખરીદનારાઓ તેમજ બજારના રોકાણકારોનું ધ્યાન ફરી એકવાર કિંમતી ધાતુઓ તરફ ખેંચાયું છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના અધિકૃત આંકડા અનુસાર, સ્થાનિક બજારમાં એક કિલો ચાંદીની કિંમતમાં ૨,૯૨૪ રૂપિયાનો સીધો ઘટાડો થયો છે, જેના કારણે ચાંદીનો ભાવ ઘટીને ૨.૧૯ લાખ રૂપિયા પ્રતિ કિલોની સપાટીએ આવી પહોંચ્યો છે. ચાંદીની સાથે સોનાના ભાવમાં પણ નરમાઈ જોવા મળી છે. દસ ગ્રામ ૨૪ કેરેટ શુદ્ધ સોનાના ભાવમાં ૧,૮૪૮ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે, જેનાથી સોનું ઘટીને ૧.૪૨ લાખ રૂપિયા પ્રતિ દસ ગ્રામના સ્તરે આવી ગયું છે. ઉલ્લેખનીય છે કે આ ઘટાડાના માત્ર એક દિવસ પહેલા ચાંદી ૨.૨૨ લાખ રૂપિયા પ્રતિ કિલો અને સોનું ૧.૪૪ લાખ રૂપિયા પ્રતિ દસ ગ્રામ પર કારોબાર કરી રહ્યું હતું, જેથી માત્ર એક જ દિવસમાં બંને ધાતુઓમાં મોટો તફાવત સર્જાયો છે.



જો આ સમગ્ર વર્ષ દરમિયાન સોના અને ચાંદીના ગ્રાફ પર નજર કરવામાં આવે તો બંને કિંમતી ધાતુઓના ભાવોમાં અભૂતપૂર્વ ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૫ ના અંતિમ દિવસે એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સોનાનો ભાવ ૧.૩૩ લાખ રૂપિયા પ્રતિ દસ ગ્રામ પર હતો. તે પછી બજારમાં આવેલી જોરદાર તેજીના કારણે માત્ર એક જ મહિનામાં એટલે કે ૨૯ જાન્યુઆરીના રોજ સોનું ૧.૭૬ લાખ રૂપિયાની પોતાની ઓલ ટાઇમ હાઈ એટલે કે ઈતિહાસની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું. જોકે તે પછીના સમયગાળામાં બજારમાં સતત પ્રોફિટ બુકિંગ અને વૈશ્વિક પરિબળોના કારણે કિંમતો ઘટવા લાગી હતી, અને જાન્યુઆરીની તે સર્વોચ્ચ સપાટીથી લઈને અત્યાર સુધીમાં સોનું ૩૪,૦૦૦ રૂપિયા જેટલું સસ્તું થઈ ચૂક્યું છે.

ચાંદીના કિસ્સામાં પણ આ જ પ્રકારનો મોટો પલટો જોવા મળ્યો છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ચાંદીનો ભાવ ૨.૩૦ લાખ રૂપિયા પ્રતિ કિલો હતો, પરંતુ નવી માગ અને રોકાણના પ્રવાહને કારણે ૨૯ જાન્યુઆરીના રોજ ચાંદી ૩.૮૬ લાખ રૂપિયા પ્રતિ કિલોની ઓલ ટાઈમ હાઈ સપાટી પર પહોંચી ગઈ હતી. આ ઐતિહાસિક ઊંચાઈ પર પહોંચ્યા બાદ ચાંદીના ભાવમાં પણ ભારે વેચવાલી શરૂ થઈ હતી અને ત્યારથી લઈને અત્યાર સુધીમાં ચાંદી ૧.૬૭ લાખ રૂપિયા જેટલી સસ્તી થઈ ગઈ છે, જે ચાંદીના બજારમાં અત્યાર સુધીનો મોટો ઘટાડો માનવામાં આવે છે.

સોના અને ચાંદીના ભાવો પોતાની સર્વોચ્ચ સપાટીથી ઘણા નીચે આવી ગયા હોવાના કારણે બજારના નિષ્ણાતો આગામી સમયમાં તેમાં ફરી એકવાર રિકવરી અને તેજી આવવાની શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. જાણીતા કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના જણાવ્યા મુજબ, વર્તમાન સમયે સોના અને ચાંદીના ભાવો તેમના ઉચ્ચ સ્તરથી ઘણા નીચે આવી ગયા હોવાથી આ તબક્કો લાંબા ગાળાના રોકાણકારો માટે ખરીદી કરવાનો એક ઉત્તમ અવસર બની શકે છે. જોકે તેમણે રોકાણકારોને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપતાં જણાવ્યું છે કે કોઈ પણ વ્યક્તિએ પોતાના નાણાં એકસાથે રોકવાને બદલે ધીમે ધીમે અને સમયાંતરે કટકે-કટકે રોકાણ કરવું જોઈએ જેથી બજારની વધઘટનો લાભ મળી શકે.

# પોતાની એરલાઇન્સ શરૂ નહીં કરે અદાણી ગ્રુપ: હાલમાં એરપોર્ટ ઓપરેશન સંભાળે છે ગ્રુપ, નિયમોમાં છૂટછાટ આપવાની વાત ચાલી રહી હતી

**નવી દિલ્હી, તા.24**

અદાણી ગ્રુપે તાજેતરમાં મીડિયામાં ચાલી રહેલી તે તમામ અટકળો અને સમાચારોનું સત્તાવાર રીતે ખંડન કર્યું છે, જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે ગ્રુપ ભારતમાં પોતાની નવી એરલાઇન શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે. કંપનીએ એક સ્પષ્ટ અને સત્તાવાર નિવેદન જારી કરીને આ તમામ રિપોર્ટ્સને સંપૂર્ણપણે ખોટા, પાયાવિહોણા અને કાલ્પનિક ગણાવ્યા છે. અદાણી ગ્રુપે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે તેઓ હાલમાં એરલાઇન ક્ષેત્રમાં પ્રવેશ કરવાના કોઈપણ પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યા નથી અને બજારમાં ચાલી રહેલી વાતો માત્ર અફવાઓ છે.

આ વિવાદ અને ચર્ચાઓની શરૂઆત ત્યારે થઈ જ્યારે કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે અદાણી ગ્રુપ ભારતના એવિએશન સેક્ટરમાં પોતાની પકડ વધુ મજબૂત કરવા માટે પોતાની નવી એરલાઇન શરૂ કરવાની મોટી તૈયારી કરી રહ્યું છે. આ રિપોર્ટ્સમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે ગ્રુપ આ હેતુ માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય એટલે કે MoCA સમક્ષ એરલાઇન અને એરપોર્ટ બિઝનેસ વચ્ચેના વર્તમાન નિયમોમાં ફેરફાર કરવાની



માંગ કરી રહ્યું છે. ખાસ કરીને રિપોર્ટ્સમાં 'ક્રોસ-ઓનરશિપ' નિયમમાં સુધારો કરવાની વાતો વહેતી થઈ હતી.

વર્તમાન નિયમો અનુસાર, જે કંપનીઓ એરપોર્ટનું સંચાલન કરે છે તે કોઈપણ એરલાઇનમાં ૧૦ ટકાથી વધુ હિસ્સેદારી રાખી શકતી નથી. આ નિયમનો મુખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે એરપોર્ટ માલિક કોઈ ચોક્કસ એરલાઇનને અયોગ્ય ફાયદો ન પહોંચાડે અને તમામ એરલાઇન્સને સમાન તક મળે. મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો હતો કે અદાણી ગ્રુપ આ ૧૦ ટકાની મર્યાદા હટાવવાની માંગ કરી રહ્યું છે જેથી તેઓ ૧૦૦ ટકા માલિકી સાથે પોતાની નવી એરલાઇન શરૂ કરી શકે. જોકે, અદાણી ગ્રુપે આ તમામ બાબતોને પાયાવિહોણી ગણાવીને ફગાવી દીધી છે. ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રુપના એવિએશન બિઝનેસનું નેતૃત્વ સંભાળી રહેલા જીત અદાણીએ અગાઉ આપેલા એક ઇન્ટરવ્યુમાં પણ એરલાઇન બિઝનેસથી દૂર રહેવાની વાત સ્પષ્ટ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે એરલાઇન ચલાવવી એ તેમના ગ્રુપના બિઝનેસ મોડેલમાં બંધ બેસતું નથી. અદાણી ગ્રુપનું મુખ્ય ધ્યાન હંમેશાં હાઈ-માર્જિન ધરાવતી ઇન્ફ્રાસ્ટ્રક્ચર એસેટ્સમાં રોકાણ કરવા પર રહેલું છે, જ્યારે એરલાઇન બિઝનેસમાં સંચાલન વિષયક જોખમો અને પડકારો ખૂબ જ વધારે હોય છે.

આથી, અદાણી ગ્રુપ એરલાઇન ચલાવવાને બદલે એવિએશન સેક્ટરના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સપોર્ટ સિસ્ટમ પર જ પોતાનું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત રાખશે. વર્તમાન સમયમાં ગ્રુપ મુંબઈ, અમદાવાદ અને જયપુર જેવા દેશના ૮ મુખ્ય અને મહત્વના એરપોર્ટનું સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યું છે. આ ઉપરાંત, ગ્રુપ ગ્રાઉન્ડ હેન્ડલિંગ, મેન્ટેનન્સ-રિપેર એટલે કે MRO સેવાઓ, પાયલટ ટ્રેનિંગ અને બ્રાઝિલની વિશ્વપ્રસિદ્ધ કંપની 'એમ્બ્રેયર' સાથે ભાગીદારી કરીને ભારતમાં પેસેન્જર જેટ્સના ઉત્પાદન જેવા મહત્વના ક્ષેત્રોમાં પોતાની સક્રિય ભૂમિકા નિભાવી રહ્યું છે. બીજી તરફ, નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા ક્રોસ-ઓનરશિપ નીતિમાં ફેરફાર અંગે ચર્ચાઓ થવા પાછળનું મુખ્ય કારણ ભારતીય એવિએશન માર્કેટની વર્તમાન સ્થિતિ છે.

# સેન્સેક્સ 331 અંક ઘટીને 76,059 પર બંધ: નિફ્ટી પણ 102 અંક ઘટ્યો, ક્રૂડ ઓઇલ 96 ડોલરને પાર પહોંચ્યું

**મુંબઈ, તા.24**

ભારતીય શેરબજારમાં ૨૪ જુલાઈએ સપ્તાહના કારોબારી દિવસે ભારે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જેના કારણે શેરબજારના મુખ્ય ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા હતા. વૈશ્વિક બજારોમાંથી મળી રહેલા નબળા સંકેતો, ભૂરાજકીય ચિંતાઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતોમાં અચાનક આવેલી તેજીના કારણે ભારતીય રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ખુબ જ વિપરીત અસર પડી છે. દિવસના કારોબારના અંતે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૩૩૧ પોઈન્ટના મોટા ઘટાડા સાથે ૭૬,૦૫૯ ની સપાટીએ બંધ થયો હતો. એ જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ પણ ૧૦૨ પોઈન્ટ ઘટીને ૨૩,૭૬૭ ના સ્તરે આવી પહોંચ્યો હતો. બજારમાં આજના દિવસે ખાસ કરીને ઓટોમોબાઈલ, મેટલ અને રિયલ્ટી ક્ષેત્રના શેરોમાં ભારે વેચવાલીનું દબાણ સર્જાયું હતું. નોંધનીય છે કે આ અગાઉના કારોબારી દિવસે એટલે કે ૨૩ જુલાઈએ પણ બજારમાં મંદીનો માહોલ હતો, જ્યાં સેન્સેક્સ ૩૬૪ પોઈન્ટ ઘટીને ૭૬,૩૯૧ પર અને નિફ્ટી ૧૨૭ પોઈન્ટ ઘટીને ૨૩,૮૭૦ ના સ્તરે બંધ થયો હતો.

બીજી તરફ, વૈશ્વિક સ્તરે ભૂરાજકીય અસ્થિરતા અને તણાવ વધવાના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કચ્ચા તેલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડની કિંમત આજે ૯૬ ડોલર પ્રતિ બેરલની મહત્વપૂર્ણ સપાટી વટાવી ગઈ છે. ઊર્જા ક્ષેત્રના નિષ્ણાતો અને બજાર વિશ્લેષકોનું માનવું છે કે જો અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ અને તણાવ વધુ ઉગ્ર બનશે, તો તેલની કિંમતો આગામી દિવસોમાં ૧૨૦ ડોલર પ્રતિ બેરલ સુધી પણ પહોંચી શકે છે. ભારત પોતાની કુલ જરૂરિયાતનું મોટો ભાગનું ક્રૂડ ઓઈલ વિદેશોમાંથી આયાત કરે છે, જેથી કચ્ચા તેલના ભાવ વધવાથી દેશમાં પેટ્રોલ અને ડીઝલના દરો પર સીધી પ્રતિકૂળ અસર પડી શકે છે, જેનાથી દેશમાં સામાન્ય ફુગાવો અને મોંઘવારી વધવાની ગંભીર આશંકાઓ સેવાઈ રહી છે.

કેવળ ભારતીય બજાર જ નહીં, પરંતુ સમગ્ર એશિયા અને અમેરિકાના શેરબજારોમાં પણ




ભારે ઘટાડાનો દોર જોવા મળ્યો હતો. એશિયન બજારોની વાત કરીએ તો સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૪૦૬ પોઈન્ટ એટલે કે ૫.૭૨ ટકા જેટલો કડાકો બોલાવીને ૬,૬૯૧ પર બંધ થયો હતો. જાપાનનો પ્રખ્યાત નિકેઈ ઈન્ડેક્સ ૧,૮૧૧ પોઈન્ટ (૨.૭૩ ટકા) ઘટીને ૬૪,૬૧૧ ની સપાટીએ પહોંચ્યો હતો. આ ઉપરાંત હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૨૪૮ પોઈન્ટ (૦.૯૮ ટકા) ના ઘટાડા સાથે ૨૪,૯૬૩ ના સ્તરે બંધ રહ્યો હતો. આ અગાઉ ૨૩ જુલાઈના રોજ અમેરિકી શેરબજારમાં પણ સાર્વત્રિક વેચવાલી જોવા મળી હતી, જેમાં ડાઉ જોન્સ ઈન્ડેક્સ ૫૦૭ પોઈન્ટ (૦.૯૭ ટકા) ઘટીને ૫૧,૭૧૨ ના સ્તરે બંધ રહ્યો હતો. ટેકનોલોજી શેરોથી સમૃદ્ધ નાસ્ડેક ઈન્ડેક્સ ૫૫૩ પોઈન્ટ એટલે કે ૨.૧૫ ટકાના મોટા ઘટાડા સાથે ૨૫,૧૩૮ પર પહોંચ્યો હતો, જ્યારે S&P 500 ઈન્ડેક્સ ૯૧ પોઈન્ટ (૧.૨૧ ટકા) ના ઘટાડા સાથે ૭,૪૦૮ ની સપાટીએ બંધ થયો હતો.

ભારતીય શેરબજારમાં હાલ ચાલી રહેલા આ સતત ઘટાડા પાછળ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) દ્વારા કરવામાં આવી રહેલી મોટો પાયે વેચવાલી એક મુખ્ય પરિબળ માનવામાં આવે છે. તાજેતરના અધિકૃત આંકડાઓ અનુસાર, વિદેશી રોકાણકારોએ એક જ દિવસમાં રૂ. ૨,૯૯૯ કરોડની ચોખ્ખી વેચવાલી કરી છે. જો છેલ્લા સાત કારોબારી દિવસોનો હિસાબ મૂકવામાં આવે તો FII એ ભારતીય બજારમાંથી રૂ. ૩,૨૮૯ કરોડના શેર વેચી માર્યા છે. છેલ્લા ૩૦ દિવસના ગાળામાં વિદેશી રોકાણકારો દ્વારા કુલ રૂ. ૧૧,૩૫૯ કરોડની ચોખ્ખી નિકાસ કરવામાં આવી છે.

તદ્દન વિપરીત, ભારતીય ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (DII) આ મુશ્કેલ સમયમાં બજારને મજબૂત સપોર્ટ આપી રહ્યા છે. તાજેતરના ટ્રેડિંગ સેશનમાં ઘરેલુ રોકાણકારોએ રૂ. ૨,૯૪૭ કરોડની નવી ખરીદી કરી હતી. છેલ્લા સાત દિવસમાં DII દ્વારા રૂ. ૩,૧૮૪ કરોડનું ચોખ્ખું રોકાણ કરવામાં આવ્યું છે, જ્યારે છેલ્લા ૩૦ દિવસના સમયગાળામાં ઘરેલુ રોકાણકારોએ રૂ. ૩૯,૬૫૦ કરોડનું જંગી મૂડીરોકાણ કર્યું છે. વિદેશી રોકાણકારોના સતત આઉટફ્લો છતાં ઘરેલુ રોકાણકારોના આ મજબૂત ઇનફ્લોના કારણે ભારતીય બજાર મોટી પાછળહટ અને કડાકાથી બચી રહ્યું છે.

# આશિષ કુમાર દશ બનશે ઇન્ફોસિસના નવા CEO: પ્રથમ ક્વાર્ટરમાં નફો 12.2% વધીને ₹7,769 કરોડ થયો

**નવી દિલ્હી, તા.24**

દેશની બીજા ક્રમની સૌથી મોટી આઈટી સર્વિસિસ પ્રોવાઈડર કંપની ઈન્ફોસિસે પોતાના નેતૃત્વમાં એક મોટો અને મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. કંપનીએ આશિષ કુમાર દશાને પોતાના નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) અને મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે નિયુક્ત કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. ઈન્ફોસિસે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કરવાની સાથે ૨૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ આ અગત્યની જાહેરાત કરી હતી. આશિષ કુમાર દશ વર્તમાન સીઈઓ સલિલ પારેખનું સ્થાન લેશે અને તેઓ ૧ એપ્રિલ ૨૦૨૭ થી આ સર્વોચ્ચ પદનો કાર્યભાર સંભાળશે. તેમનો આ કાર્યકાળ પાંચ વર્ષનો રહેશે, જે ૩૧ માર્ચ ૨૦૩૨ સુધી ચાલશે.

ઈન્ફોસિસે પોતાના નાણાકીય પરિણામો જાહેર કરતા જણાવ્યું હતું કે જૂન ક્વાર્ટરમાં કંપનીનો કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે ૧૨.૨ ટકા વધીને ૭,૭૬૯ કરોડ રૂપિયા રહ્યો છે, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં ૬,૯૨૧ કરોડ રૂપિયા નોંધાયો




હતો. જોકે, ત્રિમાસિક ધોરણે સરખામણી કરવામાં આવે તો અગાઉના ક્વાર્ટરના ૮,૫૦૧ કરોડ રૂપિયાની સામે કંપનીના નેટ પ્રોફિટમાં ૮.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. આવકની દ્રષ્ટિએ કંપનીનું પ્રદર્શન ઉત્સાહજનક રહ્યું છે. ઈન્ફોસિસની આવક વાર્ષિક ધોરણે ૧૪ ટકા વધીને ૪૮,૨૧૧ કરોડ રૂપિયા થઈ ગઈ છે, જે એક વર્ષ પહેલાંના સમાન સમયગાળામાં ૪૨,૨૭૯ કરોડ રૂપિયા હતી. ત્રિમાસિક ધોરણે (QoQ) પણ કંપનીની આવકમાં ૪ ટકાનો સુધારો નોંધાયો છે, કારણ કે માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ ૪૬,૪૦૨ કરોડ રૂપિયાની આવક મેળવી હતી.

પોતાનું પદ છોડી રહેલા વર્તમાન એમડી અને સીઈઓ સલિલ પારેખે આ નેતૃત્વ પરિવર્તન અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે છેલ્લા આઠ વર્ષ દરમિયાન ઈન્ફોસિસનું નેતૃત્વ કરવું તેમના માટે ભારે સન્માનની વાત રહી છે. આ સમયગાળા દરમિયાન કંપનીએ અભૂતપૂર્વ પ્રગતિ કરી છે અને કંપનીની આવક ૧૦ અબજ ડોલરથી વધીને બમણી એટલે કે ૨૦ અબજ ડોલરને પાર પહોંચી ગઈ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ઈન્ફોસિસે ડિજિટલ પરિવર્તનના ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત બનાવી છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માટે એક અલગ અને સ્પષ્ટ વ્યૂહરચના તૈયાર કરી છે. આશિષ કુમાર સાથે લાંબા સમય સુધી કામ કરવાના અનુભવને ટાંકીને સલિલ પારેખે જણાવ્યું કે તેમણે આશિષની પ્રામાણિકતા, ગ્રાહક-કેન્દ્રી વિચારસરણી અને પરિવર્તનના સમયમાં વિઝનરી નેતૃત્વ પૂરું પાડવાની ક્ષમતાને ખૂબ જ નજીકથી જોઈ છે. તેમને ગ્રાહકો, વ્યવસાય અને કર્મચારીઓની ઊંડી સમજ હોવાથી તેઓ ઈન્ફોસિસને સફળતાના આગામી તબક્કામાં ચોક્કસપણે આગળ લઈ જશે.

નવી જવાબદારી સ્વીકારતા આશિષ કુમાર દશે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં ટેકનોલોજી એક નવા યુગમાં પ્રવેશી રહી છે, જ્યાં એઆઈ વ્યવસાય કરવાની અને મૂલ્ય નિર્માણ કરવાની પરંપરાગત રીતોને સંપૂર્ણપણે બદલી રહ્યું છે. ઈન્ફોસિસ આ નવીન યુગની શરૂઆત ખૂબ જ મજબૂત પાયા સાથે કરી રહી છે. કંપની પાસે સ્પષ્ટ એઆઈ વ્યૂહરચના, અદભુત પ્રતિભા, ગ્રાહકો સાથેના મજબૂત સંબંધો અને વિશ્વસનીય મૂલ્યો છે. તેમણે સંકલ્પ વ્યક્ત કર્યો હતો કે તેમનું મુખ્ય ધ્યાન કંપનીની આ શક્તિઓને વધુ મજબૂત કરવા પર, નવા ટેકનોલોજીકલ પ્રયોગોને વેગ આપવા પર અને ગ્રાહકોને એઆઈ-સંચાલિત વિશ્વમાં સફળ બનાવવા પર રહેશે.

આશિષ કુમાર દશનો ઈન્ફોસિસ સાથેનો સંબંધ ખુબ જૂનો અને સમૃદ્ધ રહ્યો છે. તેમણે ઈન્ફોસિસમાં લગભગ ૩૧ વર્ષનો લાંબો સમય વિતાવ્યો છે. તેમણે વર્ષ ૧૯૯૫ માં કંપનીમાં સિનિયર એન્ગેજમેન્ટ મેનેજર તરીકે પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. પોતાની ઉત્કૃષ્ટ કામગીરી અને નેતૃત્વ ક્ષમતાના બળે તેઓ સતત પ્રગતિ કરતા રહ્યા અને એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ (EVP) તથા સર્વિસિસ, યુટિલિટીઝ, રિસોર્સિસ, એનર્જી અને એન્ટરપ્રાઈઝ સસ્ટેનેબિલિટીના ગ્લોબલ હેડના મહત્વપૂર્ણ પદ સુધી પહોંચ્યા. સીઈઓ તરીકે નામાંકિત થતા પહેલા પણ તેઓ આ જ જવાબદારી સંભાળી રહ્યા હતા. આ પદ પર રહેતી વખતે તેમણે ૧૨ થી વધુ ઈન્ડસ્ટ્રી વર્ટિકલ્સના વિશાળ બિઝનેસ પોર્ટફોલિયોનું સફળ સંચાલન કર્યું હતું અને ફોર્ચ્યુન ૫૦૦ તથા ગ્લોબલ ૨૦૦૦ કક્ષાની કંપનીઓને એઆઈ, ક્લાઉડ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન જેવી આધુનિક ટેકનોલોજી અપનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# મિયામી બન્યું અબજોપતિઓનો નવો ગઢ: અમેરિકાનું નવું 'દુબઈ', 870 કરોડના પેન્ટહાઉસ અને 1,000 ફૂટ ઊંચા ટાવર

**મિયામી, તા.24**

ગાડી રાખવા માટે વિશેષ લિફ્ટ, ૮૦મા માળે સ્વિમિંગ પૂલ ધરાવતા ખાનગી બેકયાર્ડ, સોના અને આરસપહાણથી સજાવેલા ભવ્ય ટાવર તથા હેલિપેડ જેવી અકલ્પનીય સુવિધાઓ હવે કોઈ સાયન્સ-ફિક્શન ફિલ્મનો સેટ નથી રહી, પરંતુ અમેરિકાના મિયામી શહેરનો નવો ચહેરો બની ગઈ છે. એક સમયે પોતાના શાંત દરિયાકિનારા અને ધમધમતી નાઈટલાઈફ માટે જગજાહેર મિયામી આજે દુનિયાભરના અબજોપતિઓ અને અલ્ટ્રા-લક્ઝરી ડેવલપર્સનું નવું 'પ્લેગ્રાઉન્ડ' બની ચૂક્યું છે. ઈતિહાસમાં સૌપ્રથમવાર મિયામી ન્યૂયોર્ક અને લોસ એન્જલસ જેવા પ્રખ્યાત દિગ્ગજ શહેરોને પાછળ છોડીને સમગ્ર અમેરિકાનું બીજું સૌથી મોંઘું મહાનગર બની ગયું છે, જ્યારે દેશમાં પ્રથમ ક્રમે સેન ફ્રાન્સિસ્કો આવે છે અને ન્યૂયોર્ક ઘટીને ત્રીજા સ્થાને સરકી ગયું છે.

શહેરમાં આકાશને આંબતી ઈમારતો બનાવવાની એક અનોખી હોડ જામી છે. તાજેતરમાં ૯૫૦ ફૂટ ઊંચાઈ ધરાવતા 'સિપ્રિયાની રેસિડેન્સીસ' એ મિયામીની સૌથી ઊંચી ઈમારત હોવાનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. જોકે, આ



ઈમારતની બાદશાહત ખૂબ જ ટૂંકા સમય માટે રહેવાની છે, કારણ કે આ જ વર્ષના અંત સુધીમાં ૧,૦૪૯ ફૂટ ઊંચું 'વોલ્ડોર્ફ એસ્ટોરિયા' નિર્માણ પામીને તેને પાછળ છોડી દેશે અને શહેરનું પહેલું 'સુપરટોલ' ટાવર એટલે કે ૯૮૪ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી ઈમારત બની જશે. મિયામીના આકાશને સ્પર્શવાની આ આંધળી સ્પર્ધામાં માત્ર રિયલ એસ્ટેટ કંપનીઓ જ નહીં, પરંતુ ડોલ્ચે એન્ડ ગબાના, બેન્ટલી અને લેમ્બોર્ગિની જેવી વિશ્વપ્રસિદ્ધ લક્ઝરી બ્રાન્ડ્સ પણ પોતાના રહેણાંક પ્રોજેક્ટ્સ સાથે મેદાનમાં ઉતરી ચૂકી છે.

રિયલ એસ્ટેટ ક્ષેત્રના નિષ્ણાતોના મતે કોવિડ-૧૯ મહામારી પછી અમેરિકાના ધનકુબેરોનું વલણ ઝડપથી બદલાયું છે. ઓછા ટેક્સના દર અને અત્યંત ઉદાર કાયદાઓ ધરાવતા ફ્લોરિડા રાજ્ય તરફ અબજોપતિઓ આકર્ષાયા છે. શિકાગોથી સિટાડેલ ગ્રુપના પ્રમુખ કેન ગ્રિફિને પોતાનું હેડક્વાર્ટર અહીં શિફ્ટ કર્યા બાદ માર્ક ઝકરબર્ગ, પીટર થીલ અને લેરી પેજ જેવા ટેકનોલોજી અને નાણાકીય જગતના દિગ્ગજોએ મિયામીમાં પોતાના નવા ઠેકાણા બનાવ્યા છે. આ સિવાય વિશ્વપ્રસિદ્ધ ફૂટબોલ સ્ટાર લિયોનેલ મેસીથી લઈને મોટિવેશનલ સ્પીકર ટોની રોબિન્સ સુધીની હસ્તીઓએ અહીં કરોડો ડોલરના આલીશાન પેન્ટહાઉસ ખરીદ્યા છે. વર્ષ ૨૦૧૦ થી ૨૦૨૨ ની વચ્ચે ફ્લોરિડામાં રહેતા કરોડપતિઓની સંખ્યા ચાર ગણી વધી ગઈ છે. આ જ કારણ છે કે નાણાકીય જગતમાં હવે મિયામીને 'વોલ સ્ટ્રીટ સાઉથ' તરીકે ઓળખવામાં આવી રહ્યું છે. જોકે બીજી તરફ, સ્વિસ ઈન્વેસ્ટમેન્ટ બેંક યુબીએસ દ્વારા મિયામીને વિશ્વભરમાં 'રિયલ એસ્ટેટ બબલ' એટલે કે પ્રોપર્ટીના ભાવોમાં કૃત્રિમ ફુગાવાની યાદીમાં સૌથી મોખરે રાખવામાં આવ્યું છે. મિયામીમાં અચાનક આવેલા આ ચમકધમક વાળા બદલાવ પર યુનિવર્સિટી ઓફ મિયામીના આર્કિટેક્ચર પ્રોફેસર જીન-ફ્રાંસ્વા લેજ્યુન જણાવે છે કે આ શહેરનો વાસ્તવિક કે સંતુલિત વિકાસ નથી, પરંતુ અબજોપતિ સીઈઓ દ્વારા કરવામાં આવતું પોતાના પાવરનું પ્રદર્શન છે.




## બાવળાના 'ગેલોપ્સ પાર્ક'માં ફસાયેલા 900 લોકોનું રેસ્ક્યૂ, બેઝમેન્ટમાં ગાડીઓ ડૂબી, આજે તમામ શાળા-કોલેજો બંધ

**અમદાવાદ, તા.24**

અમદાવાદ શહેરમાં 23 જુલાઈએ ધોધમાર વરસાદ વરસ્યા બાદ આજે સવારથી પણ વરસાદ વરસી રહ્યો છે.શહેરના થલતેજ, બોપલ, આંબલી, શેલા સહિતના વિસ્તારમાં ક્યાંક કેડસમા તો ક્યાંક છાતીસમા પાણી ભરાયેલા છે. સતત બીજા દિવસે પણ વરસાદ વરસી રહ્યો હોવાના કારણે પાણી ન ઓસરતા આર્મીને ઉતારવાની ફરજ પડી છે. કર્ણાવતી ક્લબ પાછળ આવેલા કરોડો રૂપિયાના બંગલાોમાં છાતીસમા પાણી ભરાયા છે. ગઈકાલથી લોકો અહીં ફસાયા હોય આર્મીએ બોટની મદદથી લોકોનું રેસ્ક્યૂ કર્યું હતું. આનંદનગર વિસ્તારમાં એક સોસાયટીની દીવાલ ધરાશાયી થતા સલામતીના ભાગરૂપે 16 ફ્લેટ ખાલી કરાવવામાં આવ્યા હતા.

પાંજરાપોળ ચાર રસ્તા પર સહજાનંદ કોલેજ પાસે ભૂવો પડ્યો છે. પાણી ભરાઈ જતા હેલ્મેટ સર્કલ તરફ ન જવા AMCએ અપીલ કરી છે તો શાંતિપુરા સર્કલથી બોપલ તરફ જતો રસ્તો પણ બંધ થઈ ગયો છે. અમદાવાદ શહેરમાં ભારે વરસાદના કારણે જનજીવનને માઠી અસર પડી હોય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉચ્ચ અધિકારીથે બોપલ-આંબલી વિસ્તારમાં પહોંચ્યા હતા. જ્યારે અમિત શાહે પણ ગાંધીનગર અને અમદાવાદમાં ભારે વરસાદની સ્થિતિની સમીક્ષા કરી હતી. શહેરમાં સફાઈ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે. 550થી વધુ સ્થળો ઉપર સફાઈ કરવામાં આવી છે. રોડ બેસી જવા અને ભુવા પડવાની ફરિયાદ આવી છે. જેની કામગીરી ચાલી છે. 47 સોસાયટીમાં વિવિધ મશીનરી મારફતે પાણી નિકાલની કામગીરી કરવામાં આવી છે. આવતીકાલે પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બોપલ અને ઘુમા વિસ્તારમાંથી પાણી નિકાલ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે જોકે મ્યુનિસિપલ કમિશનર દ્વારા આવતીકાલે ઘુમા અને બોપલમાંથી પાણી ઉતરી જશે કે કેમ તે અંગે કોઈ ચોક્કસ ખાતરી આપી નથી. અમદાવાદના ગોમતીપુરમાં સિલ્વર મિલ પાસેથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે.સિલ્વર મિલ પાસે ભરેલા પાણીમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે.મૃતદેહ મળતા પોલીસ સ્થળ પર પહોંચી હતી.મોત કેવી રીતે થયું તે બાબતે પોલીસે તપાસ હાથ ધરી છે. 107 પંપો મારફતે વરસાદી પાણીના નિકાલની કામગીરી કરવામાં આવી છે. 46 ફરિયાદ સ્ટ્રીટલાઇટની ફરિયાદ મળી છે. જ્યાં વરસાદી પાણી ભરાયેલા છે ત્યાં AMTS BRTS સેવા બંધ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આંબલી ખાતે સેન્ટોસા પાર્ક ખાતે મુલાકાત લીધી અને માર્ગદશન આપ્યું હતું. શહેરમાં એક માત્ર ચાંદલોડિયા અંડરબ્રિજ બંધ છે. બાકી તમામ ચાલુ છે. આરોગ્ય વિભાગ દ્વારા ક્લોરિન ગોળીઓ વિતરણ કરવામાં આવી છે.

મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે શહેરમાં ગઈકાલે સવારે 8 વાગ્યાથી વરસાદ પડી રહ્યો છે. બે દિવસમાં સૌથી વધુ વરસાદ બોપલમાં 20 ઈંચ વરસાદ પડ્યો છે. સૌથી વધુ વરસાદ દક્ષિણ અને ઉત્તર પશ્ચિમ ઝોનમાં થયો છે.

છેલ્લા 20 વર્ષમાં એક સાથે આટલો વરસાદ પહેલી વખત છે. પાણીનાં નિકાલની મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમો કામગીરી કરી રહી છે. લોકોને રેસ્ક્યૂ કરવાની કામગીરી અલગ અલગ વિસ્તારોમાં કરી રહી છે.

અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા 24 કલાકમાં પડેલા અતિભારે વરસાદને પગલે સ્થિતિ ગંભીર બની છે. જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના જણાવ્યા મુજબ ધોળકા, વિરમગામ અને ધંધુકા તાલુકામાં 600 મી.મી.થી વધુ વરસાદ નોંધાયો છે. જોકે, સવારે 8 વાગ્યા બાદ વરસાદનું જોર ઘટતાં વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં પરિસ્થિતિને થાળે પાડવા અને બચાવ કામગીરી માટે 2 આર્મી, 1 NDRF અને 2 SDRFની ટીમો તહેનાત કરી દેવાઈ છે. બાવળા નજીક રાજકોટ હાઈવે પર આવેલી ગેલેક્સી અને ઝાયડસ ઈન્ડસ્ટ્રીઝમાં પાણી ભરાતાં ફસાયેલા શ્રમિકોને બહાર કાઢવા માટે આર્મી અને SDRF ની ટીમ કાર્યરત છે.

## ગર્ભવતી હોવાનો દાવો કરતી આરોપી મહિલાના જામીન હાઈકોર્ટે ફગાવ્યા

### સાઈબર ફ્રોડ કેસમાં આરોપી મહિલાને મોટો ઝટકો, ₹762 કરોડના કૌભાંડનો આક્ષેપ

**અમદાવાદ, તા.24**

આણંદ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કરોડો રૂપિયાના હાઈટેક સાઈબર ફ્રોડ કેસની મુખ્ય આરોપી શિવાની ડબગરની નિયમિત જામીન અરજીને ગુજરાત હાઈકોર્ટે આકરા વલણ સાથે ફગાવી દીધી છે. આરોપી મહિલા ગત ૫ એપ્રિલ, ૨૦૨૬ થી જેલમાં બંધ છે અને તેણે પોતે ૧ મહિનાની સગર્ભા હોવાનો દાવો કરીને માનવતાના ધોરણે જામીન મેળવવા માટે કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. જોકે, સરકારી વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલા મજબૂત પુરાવાઓ, તપાસની વિગતો અને ગુનાની અત્યંત ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં ચુકાદો આપ્યો હતો કે ગંભીર આર્થિક ગુનાઓમાં માત્ર મહિલા હોવાના નાતે કે પછી સગર્ભાવસ્થાના દાવ પર જામીન આપી શકાય નહીં.

કોર્ટમાં જામીન અરજીનો સખત વિરોધ કરતા સરકારી વકીલે રજૂઆત કરી હતી કે આરોપી



શિવાની માત્ર સામાન્ય સહ-આરોપી નથી પરંતુ આખાય દેશવ્યાપી સાઈબર ફ્રોડ સિન્ડિકેટની મુખ્ય સૂત્રધાર છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલા આ ઠગાઈના જાળ સામે દેશભરમાંથી નેશનલ સાઈબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ એટલે કે NCCRP પર કુલ ૭૯૫ જેટલી ગંભીર ફરિયાદો નોંધાયેલી છે, જેમાં અત્યાર સુધીમાં અંદાજે ૭૬૨.૧૫ કરોડથી પણ વધુનું ભવ્ય કૌભાંડ સપાટી પર આવ્યું છે. તપાસ દરમિયાન આરોપી શિવાનીના પોતાના નામે જ ૧૨ જુદા જુદા બેંક ખાતાઓ મળી આવ્યા છે, જેમાંથી ૩.૨૯ કરોડના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનો થયા હોવાનું ખુલ્યું છે. આ સાઈબર ઠગાઈ દ્વારા મેળવવામાં આવેલા નાણાંને બિનાન્સ ક્રિપ્ટો એપ્લિકેશન મારફતે ડિજિટલ કરન્સીમાં ફેરવીને પાકિસ્તાન, યુગાન્ડા, દુબઈ અને સંયુક્ત અરબ અમીરાત (UAE) જેવા વિદેશી દેશોના એકાઉન્ટ્સમાં ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

હાઈકોર્ટે આ કેસની સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટના વિવિધ મહત્વપૂર્ણ ચુકાદાઓનો ઉલ્લેખ કરીને ગંભીર નોંધ લીધી હતી કે આ કૌભાંડ માત્ર કોઈ એક વ્યક્તિ કે કોઈ ચોક્કસ પ્રદેશ પૂરતું સીમિત નથી, પરંતુ દેશના સમગ્ર અર્થતંત્ર અને સમગ્ર સમાજની સુરક્ષા સામે કરવામાં આવેલું એક સુઆયોજિત આંતરરાષ્ટ્રીય સાઈબર આક્રમણ છે. આ ઉપરાંત, અરજદાર મહિલા દ્વારા પોતાની સગર્ભાવસ્થા અંગેનો કોઈ જ અધિકૃત તબીબી પુરાવો કે સરકારી હોસ્પિટલનો રિપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો નથી. અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે જેલ પ્રશાસન પાસે કેદીઓ માટે તમામ જરૂરી અને આધુનિક તબીબી સુવિધાઓ ઉપલબ્ધ હોય છે, જેથી માત્ર આરોગ્યના બહાને જામીન આપી શકાય નહીં.

અદાલતે પોતાનું મહત્વનું અવલોકન રજૂ કરતા જણાવ્યું હતું કે માત્ર પોલીસ દ્વારા ચાર્જશીટ ફાઈલ કરી દેવામાં આવી હોય કે પછી કેસના અન્ય સહ-આરોપીઓને જામીન મળી ગયા હોય, તેના આધારે મુખ્ય આરોપી આપોઆપ જામીનનો હકદાર બની જતો નથી. આ કરોડોના કૌભાંડમાં સામેલ અન્ય કેટલાક મુખ્ય સહ-આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી દૂર અને ફરાર છે, જેમની સામે આંતરરાષ્ટ્રીય સ્તરે લુકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવેલી છે. આવી સ્થિતિમાં જો મુખ્ય આરોપીને જેલમાંથી બહાર મુક્ત કરવામાં આવે તો કેસને લગતા ડિજિટલ તથા ઈલેક્ટ્રોનિક પુરાવાઓ સાથે ચેડાં થવાની અને મહત્વના સાક્ષીઓને પ્રભાવિત કરવાની પૂરતી શક્યતાઓ રહેલી છે. આ તમામ બાબતોને ગંભીરતાથી ધ્યાને રાખીને હાઈકોર્ટે જામીન અરજી સંપૂર્ણપણે ફગાવી દીધી છે.

## અમદાવાદ-વિરમગામ રેલવે ટ્રેક પર પાણી ભરાતા અનેક ટ્રેનો રદ, રૂટ બદલાયો, દુરંતોના સમયપત્રકમાં પણ ફેરફાર

**અમદાવાદ, તા.24**

અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-વિરમગામ રેલટ્રેક પર છારોડી અને વીરમગામ સ્ટેશનો વચ્ચે ભારે વરસાદને કારણે થયેલા જળભરાવના પગલે અનેક ટ્રેનોના સંચાલન પર અસર પહોંચી છે. પશ્ચિમ રેલવે દ્વારા કેટલીક ટ્રેનો સંપૂર્ણ રદ કરવામાં આવી છે, કેટલીક ટ્રેનોને આંશિક રીતે રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનોનો માર્ગ બદલવામાં આવ્યો છે. ઉપરાંત અમદાવાદ-પૂણે દુરંતો એક્સપ્રેસના પ્રસ્થાન સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.



રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી મુજબ, 24 જુલાઈ, 2026 ના રોજ ટ્રેન નં. 69186/69185 વિરમગામ-અમદાવાદ-વિરમગામ MEMU તેમજ ટ્રેન નં. 59512/59511 વિરમગામ-મહેસાણા-વિરમગામ પેસેન્જર સંપૂર્ણપણે રદ રહેશે.

આ ઉપરાંત, ટ્રેન નં. 19120 વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઈન્ટરસિટી એક્સપ્રેસ 24 જુલાઈના રોજ સુરેન્દ્રનગરથી ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જ્યારે ટ્રેન નં. 19119 ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ 25 જુલાઈના રોજ ગાંધીનગર કેપિટલથી સુરેન્દ્રનગર વચ્ચે રદ રહેશે.

જળભરાવને કારણે ટ્રેન નં. 16335 ગાંધીધામ-નાગરકોઈલ એક્સપ્રેસ, 94802 ધ્રાંગધ્રા-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ અને 11463 વેરાવળ-જબલપુર એક્સપ્રેસનું સંચાલન 24 જુલાઈના રોજ વિરમગામ-કટોસણ રોડ-કલોલ-અમદાવાદ માર્ગ પરથી ડાયવર્ટ કરીને કરવામાં આવશે.

તે ઉપરાંત ટ્રેન નં. 12297 અમદાવાદ-પૂણે દુરંતો એક્સપ્રેસનું પ્રસ્થાન પણ મુલતવી રાખવામાં આવ્યું છે. આ ટ્રેન 24 જુલાઈના રોજ રાત્રે 10:30 વાગ્યે અમદાવાદથી ઉપડવાની હતી, પરંતુ હવે તે 25 જુલાઈ, 2026ના રોજ વહેલી સવારે 2:10 વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરશે.

પશ્ચિમ રેલવેએ મુસાફરોને અપીલ કરી છે કે તેઓ મુસાફરી શરૂ કરતાં પહેલાં પોતાની ટ્રેનની નવીનતમ સ્થિતિની તપાસ કરીને જ પ્રવાસ માટે નીકળે.

## વરસાદમાં પડી ગયેલી નંબર પ્લેટ મેળવવાનું શરૂ કર્યું, એક કલાકમાં 25થી વધુ નંબર પ્લેટ મેળવી વાહન માલિકને પરત આપી

**અમદાવાદ, તા.24**

શહેરમાં ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ ભારે પાણી ભરાય છે.ભારે વરસાદના કારણે અનેક વાહનો ટ્રાફીકમાં ફસાયા હતા અને બંધ થઈ ગયા હતા.આજે વરસાદ ઓછો થતા ટ્રાફિક પોલીસ દ્વારા એક પહેલ શરૂ કરવામાં આવી છે.ટ્રાફિક પોલીસે વરસાદમાં રસ્તામાં પડેલી વાહનની નંબર પ્લેટ મળે તો તે જમા કરવાનું શરૂ કર્યું છે.નંબર પ્લેટ મેળવી પોલીસ દ્વારા નંબરના આધારે વાહન માલિકનો સંપર્ક કરી પરત આપવામાં આવી રહી છે.

બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એસ પટેલે જણાવ્યું કે વરસાદના પાણીના કારણે જે લોકોની નંબર પ્લેટ પડી ગઈ હોય તે નંબર પ્લેટ કોઈને મળે તો નજીકના ચોકી કે પોલીસ સ્ટેશન પહોંચાડવા અપીલ કરી હતી.જેમાં શરૂઆતના એક કલાકમાં જ 20થી 25 જેટલી નંબર પ્લેટ મળી આવી હતી.અમારી ટીમે તમામ નંબર પ્લેટ એકઠી કરી નંબરના આધારે વાહન માલિકનો સંપર્ક કરવાનું શરૂ કર્યું છે. વાહન માલિકનો સંપર્ક કરી નંબર પ્લેટ વહન માલિકને આપવામાં આવી રહી છે.સાંજ સુધી તમામ નંબર પ્લેટ પરત આપી દેવામાં આવશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




**ડેન્ગ્યુના લક્ષણો**
- સખત તાવ આવે
- આંખના ડોળાની પાછળ દુ:ખાવો થાય
- ચહેરા અને શરીર પર ચકામા પડે
- ક્યારેક નાક, મોં અથવા પેઢામાંથી લોહી પણ પડી શકે છે.

- ડેન્ગ્યુના લક્ષણો જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્ર /આરોગ્ય કાર્યકરનો સંપર્ક કરો
- ડેન્ગ્યુ રોગ એ એડીસ ઇજિપ્તી મચ્છરો દ્વારા ફેલાય છે. અને તે દિવસ દરમિયાન કરડે છે.
- જો ડેન્ગ્યુ જણાય, તો પુષ્કળ પ્રમાણમાં પ્રવાહીનું સેવન કરો અને પૂરતો આરામ કરો.
- ડૉક્ટરની સલાહ વિના દવા લેવાનું ટાળો.

**ડેન્ગ્યુ રોગના નિયત્રંણ માટેના સૂચન**
- એડીસ ઇજિપ્તી મચ્છરની ઉત્પત્તિ સંગ્રહિત ચોખ્ખા અને ખુલ્લાં પાણીના પાત્રોમાં થાય છે.
- ઘર તેમજ આસપાસમાં રહેલા પાણી સંગ્રહના પાત્રોને હવાચુસ્ત ઢાંકણથી ઢાંકીને રાખીએ.
- સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરો.
- સંપૂર્ણ શરીર ઢંકાય તેવા કપડાં પહેરો.
- ફ્રિઝની ટ્રે, એર કુલર, ફૂલદાની, કુંડા નીચે રાખેલ ટ્રે, પક્ષીકુંજ વગેરે પાણી ભરાય તેવા તમામ પાત્રોને દર અઠવાડિયે ખાલી કરી, ઘસીને સાફ કરી સૂકવવા અને ત્યારબાદ જ ઉપયોગમાં લેવા.
- વરસાદની સિઝનમાં તૂટેલા વાસણો, બિન - ઉપયોગી બોટલ, ડબ્બા, નકામા ટાયરો તથા બિન - ઉપયોગી સામાન ખુલ્લામાં રાખવા નહીં તેનો યોગ્ય નિકાલ કરવો કારણ કે તેમાં મચ્છરો પેદા થાય છે.
- મચ્છર અગરબત્તી તથા રીપેલન્ટનો ઉપયોગ કરો.
- બારી બારણાઓમાં મચ્છર જાળીઓ લગાવો.

આવો, આપણે આપણા પરિવારની સુરક્ષાની જવાબદારી લઈએ...
મચ્છરની ઉત્પત્તિ અટકાવીએ અને ડેન્ગ્યુથી પરિવારને બચાવીએ...
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર

